## હાંસોટ (જી. ભરૂચ)માં થયેલ કોમી તોફાનોના બનાવો અંગે
## પીપલ્સ યુનિયન ફોર સીવીલ લિબર્ટીઝની ટીમ દ્વારા કરવામાં આવેલ જાત તપાસનો અહેવાલ

### જાત તપાસની પ્રક્રિયા

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકા મથક અને આસપાસના ગામોમાં બનેલ કોમી તોફાનોના બનાવોમાં અનેક લોકોને ગામ છોડી હિજરત કરવી પડી, યુવાનોના મૃત્યુ થયા, લોકોના ઘર, દુકાન, ખેતર, રોજગારના સાધનો લુટાયા, બળાયા, વગેરે ઘટનાઓ અંગે સ્થાનિક લોકો દ્વારા ફરિયાદો મળતા પીપલ્સ યુનિયન ફોર સીવીલ લિબર્ટીઝની ટીમે જાત તપાસ માટે વિસ્તારની મુલાકાત લીધી.

આ તપાસ ટીમના સભ્યોમાં ડૉ. ઘનશ્યામ શાહ, ડૉ. તૃપ્તિ શાહ, સોફિયા ખાન, રફી મલેક, કૃષ્ણકાન્ત, રેશ્મા વ્હોરા, શરિફ મલેક, મરિયમ અગરબત્તીવાલા, હિરેન ગાંધી, રોહિત પ્રજાપતિ, સરૂપ ધ્રુવ તથા અન્ય સ્થાનિક કાર્યકરોનો સમાવેશ થાય છે.

નાના નાના ગામોમાંથી લઘુમતી સમુદાયના ઘણાં અસરગ્રસ્તો પોતાના ઘરબાર છોડીને હિજરત કરી ભરૂચ, સુરત વગેરે અલગ-અલગ જગ્યાએ આશ્રય લઈ રહ્યા હોવાની માહિતી મળતા તપાસ ટીમ સમક્ષ તેઓ રજૂઆત કરી શકે તે માટે વર્તમાનપત્રમાં પ્રેસનોટ દ્વારા ફોન નંબર જાહેર કરવામાં આવ્યો હતો.

તા. ૨૩-૦૧-૨૦૧૫ના રોજ સવારથી જ અસરગ્રસ્તો અંકલેશ્વર ખાતે ટીમને મળવા આવી પહોંચ્યા હતા. એમાં ભરૂચ તથા અંકલેશ્વરના અગ્રણીઓ, કતપોર, ઇલાવ, સાહોલ ગામના હિજરત કરી ગયેલ અસરગ્રસ્તો, હાંસોટમાંથી ઘર છોડીને બહાર રહેવા મજબૂર બનેલા યુવાનો, વગેરેનો સમાવેશ  થાય છે. અંકલેશ્વર ખાતે ૧૦૦ જેટલા અસરગ્રસ્તો, અગ્રણીઓ વગેરેએ રૂબરૂ મળી લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરી હતી. કેટલાક અસરગ્રસ્તોએ તેમણે કરેલ ફરિયાદોની નકલો, ફોટોગ્રાફ, સમાચારપત્રોના કટિંગ વગેરે પણ રજૂ કર્યા હતા. વહીવટીતંત્રનો દ્રષ્ટિકોણ જાણવા ડેપ્યુટી કલેક્ટર(પ્રાંત), અંકલેશ્વર શ્રી દિપક એમ. શુક્લની મુલાકાત કરી હતી.

તા. ૨૪-૦૧-૨૦૧૫ના રોજ તપાસ ટીમે હાંસોટ, અંભેટા, સાહોલ તથા ઇલાવ ગામના સંવેદનશીલ અને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને ત્યાં બંને સમુદાયોના અસરગ્રસ્તો, સામાજિક અગ્રણીઓ, સ્થાનિક લોકો તેમજ હાંસોટમાં તોફાનો બાદ ખાસ નીમવામાં આવેલ પી.આઈ. શ્રી જે. બી. સુતરિયાની મુલાકાત કરી હતી.

તા. ૨૭-૦૧-૨૦૧૫ના રોજ ડી.એસ.પી. શ્રી બિપિન આહિરેની તથા તા. ૩-૨-૨૦૧૫ના રોજ ગામ-રતનપોર, તાલુકો-ઝઘડીયાની મુલાકાત કરી.

### તા. ૨૪-૦૧-૨૦૧૫ના રોજ કરેલ વિસ્તારોની મુલાકાત

અંકલેશ્વરથી ૧૮ કી.મી દૂર આવેલ હાંસોટ જતાં રસ્તામાં આશરે ૮ થી૧૦ કી.મીના અંતરે સાજોદ ગામ આવેલું છે. આ ગામના પાદરમાં મુખ્ય રસ્તા પરથી જોઈ શકાય તે રીતે, હજારોની સંખ્યામાં લોકો બેસી શકે તેવો વિશાળ તંબુ ફરાસખાનાની વ્યક્તિઓ ખોલી રહી હતી. હજુ પણ આગલા દિવસે (તા.૨૨-૧-૨૦૧૫ના રોજ) યોજાયેલ સોમબાપુના સનાતન ધર્મ સંમેલનમા અતિથિ વિશેષ તરીકે પ્રવિણ તોગડિયાનું સ્વાગત કરતાં વિશાળ કદના બેનરો દેખાતા હતા.

હાંસોટમાં તપાસ ટીમે સૌપ્રથમ મૃત્યુ પામેલ યુવાન સંદીપભાઈ છનાભાઈ પટેલના ઘરની મુલાકાત લીધી હતી. સામાન્ય એવા જૂના મકાનમાં તેના માતા, પિતરાઇ ભાઈ તેમજ અન્ય સંબંધીઓને મળ્યા હતા. માતાએ રડતાં રડતાં જણાવ્યુ હતું કે ખૂબ મહેનત કરીને દીકરો મોટો  કર્યો હતો. કુટુંબની મહિલાઓ હજુ પણ આઘાતમાં હતી. તેઓએ મકાન પાછળના વાડામાંથી આવેલ મુસલમાન વિસ્તાર બતાવી જણાવ્યુ કે, "તેઓ ક્યારે હુમલો કરે તેનો ભરોસો નહીં, અમને

ડર લાગે છે." આટલા વર્ષો દરમિયાન હિન્દુ-મુસ્લિમ વચ્ચે સારા સંબંધો હતા એક બીજાના ઘરમાંથી ખાવાનું આવતું હતું તેવું પણ તેમણે જણાવ્યુ હતું."

ત્યારબાદ મૃત્યુ પામેલ મુસ્લિમ યુવાન રફીકના ઘરે ગયા હતા. તેની ઇદ્દતમાં બેઠેલ પત્ની, માતા અને અન્ય સંબંધીઓને મળ્યા હતા.

ત્યારબાદ તપાસ ટીમના સભ્યો મૃતક પ્રતિક મગનભાઇ પટેલના ઘરે ગયા હતા. જ્યાં તેમના ઇજાગ્રસ્ત નાના ભાઈ કિરણ તેમજ મગનભાઇ અને કુંટુંબની સ્ત્રીઓને મળ્યા હતા. તેઓએ બનાવની વિગતો જણાવી પાછળ ડેલામાં રહેલ સળગેલા વાહનો બતાવ્યા હતા. અને કહ્યું હતું કે પ્રતિક પટેલ હાંસોટમાં રહેતો નહતો નોકરીને કારણે બાહર રહેતો હતો પરંતુ તે દિવસે ઉત્તરાયણ હોવાથી તહેવાર મનાવવા ગામ આવ્યો હતો. હાંસોટમાં વિવિધ વિસ્તારોમાં સળગેલા મકાનો, દુકાનો ખાસ કરીને હાંસોટ નાકા સર્કલ પાસે જોવા મળ્યા હતા.

હાંસોટમાં ૩0-૪૦ જેટલા અસરગ્રસ્તો અને મુસ્લિમ અગ્રણીઓએ રજૂઆત કરી હતી કે તેઓના મકાન, દુકાન વગેરે સળગાવ્યા હોવાની ફરિયાદ પોલીસે નોંધી નથી અથવા તેમણે થયેલ નુકશાનની વિગતો પંચનામાંમાં નોંધી નથી આવા ૨૪ જેટલા લોકોએ લેખિત ફરિયાદ ભરૂચના DSPને આપવા તૈયાર કરી હતી તેની નકલ તપાસ ટીમને આપી હતી.

હાંસોટ ગામમાં તપાસ ટીમને એક પોલીસ અધિકારીએ રોકીને પૂછ્યું હતું કે "તમે ક્યાંથી આવ્યા છો? અને કેમ ફરી રહ્યા છો?" તપાસ ટીમે જણાવ્યુ હતું કે "અમે આ વિસ્તારમાં બનેલ કોમી તોફાનોના તપાસ માટે આવેલ છે જેની જાણ DSP,કલેક્ટર વગેરે તમામને કરેલ છે" આ અધિકારીએ તપાસ ટીમના સભ્યોના નામ, સરનામા પૂછ્યા હતા અને વાહનોના ફોટા પડ્યા હતા.

હાંસોટની મુલાકાત પછી ટીમના સભ્યોએ બે ભાગમાં વહેંચાઈને એક જૂથે અંભેટાની મુલાકાત લીધી હતી જ્યારે બીજા જૂથે સાજોદ અને ઇલાવની મુલાકાત લીધી હતી. અંભેટામાં પટેલફળિયું કે જ્યાંના યુવાન સુનિલ ઉર્ફે સાજને વોટસએપ મેસેજ મોકલતા વાતાવરણ તંગ બન્યું હતું ત્યાં ગયા હતા. સુનિલને તેના પરિવારે બીજા સ્થળે મોકલી દીધો હતો પરંતુ આ ફળિયામાં સભ્યો સુનિલના માતા-પિતા, સરપંચ બહેન, અન્ય આગેવાન, અસરગ્રસ્ત હિન્દુઓ અને આદિવાસીઓને મળ્યા હતા. ત્યાર બાદ મુસ્લિમ વિસ્તારમાં અસરગ્રસ્તોની મુલાકાત લીધી હતી.

ઇલાવ ગામમાં તમામ અસરગ્રસ્ત મુસ્લિમો હિજરત કરી ગયા હોવાથી તેઓએ તા. ૨૩-૦૧-૨૦૧૫ના રોજ ટીમને મળ્યા ત્યારે ગામમાં પોતાને સાથે લઈ જવા જણાવ્યુ હતું. તેથી રસ્તામાંથી ઇલાવના અસરગ્રસ્તોને સાથે લઈ ત્યાં પહોંચ્યા હતા. અસરગ્રસ્ત સ્ત્રી અને પુરુષો તપાસ ટીમને પોતાના ફળિયામાં લઈ ગયા હતા જ્યાં પોતાના તૂટેલા, બળેલા ઘરો જોઈ કેટલાક લોકો ભાંગી પડ્યા હતા. તેમની મસ્જિદ તેમજ ઇસ્લામનો પવિત્ર ગ્રંથ કુરાન પણ બાળી નાખવામાં આવ્યો હતો જે તેમણે તપાસ ટીમને બતાવ્યો હતો. તૂટેલા, બારીબારણાં, બળેલા ગોદલા, જમીન પર ધૂળમાં પડેલ અનાજ, લોટ વગેરે તારાજીનું ચિત્ર રજૂ કરતાં હતા. આજ ફળિયામાં રેશનની દુકાન જે એક મુસલમાન વ્યક્તિ ચલાવે છે તેને તંત્રએ બોલાવી લાવીને આટલા દિવસો પછી ટીમની મુલાકાતના દિવસે પહેલીવાર ખોલાવી હતી. અસરગ્રસ્તોના કહેવા મુજબ આ એક માત્ર મુસલમાનનું ઘર હતું કે જેને બાળવામાં કે લૂટવામાં આવ્યું ન હોતું કારણ કે ત્યાં સરકારી અનાજ ભર્યું હતું. કેટલાક બહેનોએ પોતાના લુટાયેલા, બળાયેલા ઘરમાંથી બચી જવા પામ્યા હોય તેવા વાસણ અને નાનો મોટો સામાન ટીમની હાજરીને કારણે સાથે લઈ જવાની હિંમત કરી હતી. ટીમે સ્થળ પર રહેલ પોલીસોને જણાવ્યુ હતું કે "અમારા ગયા પછી આ બહેનોને સામાન લઈ જવા માટે સુરક્ષા પૂરી પાડે."

સહોલમાં જહિરૂદ્દીન સૈયદના બાળી નાંખેલા મકાન તથા ગામ બાહર બાળી નાખેલ પોલીસ તંબુના સ્થળની મુલાકાત લીધી હતી.

તપાસ ટીમે હાંસોટ સ્ટેશનના પો.ઇ. શ્રી જે. બી. સુતરિયાને હાંસોટ સર્કલ પાસે આવેલ જકાતનાકાની કેબિનમાં મળ્યા હતા. તોફાનો થયા બાદ કેટલાક રાજકીય આગેવાનોની ખાસ માંગણીને પરિણામે હાંસોટમાં તબદીલ થઈને આવેલ પો.ઇ. શ્રી જે. બી. સુતરિયાએ પોતાની સમજ મુજબ બનેલ બનાવો અંગેની માહિતી જણાવી હતી.

ત્યાર બાદ તપાસ ટીમ અંકલેશ્વર પરત આવી. સ્થાનિક પત્રકારોને પોતાના પ્રાથમિક તારણો જણાવ્યા હતા.

DSP કે કલેક્ટર સાથે મુલાકાત ન થતાં ટીમે ફરીવાર તેઓનો સંપર્ક કર્યો હતો અને DSPએ તા.૨૭-૦૧-૨૦૧૫ના રોજ મળવાનો સમય આપ્યો હતો. આ દિવસે ફરીવાર આવીને તપાસ ટીમના પાંચ સભ્યો DSPને મળ્યા હતા તેમને છેલ્લા દોઢ મહિનામાં બનેલ તમામ બનાવોની FIR આપવા અગાઉથી જણાવેલ હતું. તેઓએ અમારી પાસે RTI હેઠળ અરજી લઈ, હાંસોટ પોલીસ સ્ટેશન પર ફોન કરી FIR મંગાવી હતી. જેમાં કતપોર, વોટ્સએપ મેસેજ વગેરેની FIR ન હોવાથી બાકીની FIR માટે ફરીથી અરજી કરી હતી પરંતુ તે આજ (તા. ૯-૦૩-૨૦૧૫) સુધી માહિતિ મળેલ નથી.

અસરગ્રસ્તોએ કરેલ રજૂઆત, વહીવટીતંત્ર તેમજ પોલીસતંત્રએ કરેલ રજૂઆત, સ્થાનિક વર્તમાનપત્રોમાં છપાયેલ વિગતો અને સ્થળ તપાસના આધારે આ બનાવો પાછળ બે મુદ્દાઓ હોવાનું બહાર આવે છે.

(૧) તાત્કાલિક કારણમાં તા. ૯-૧૨-૨૦૧૪ના રોજ અંભેટાના સુનિલ ઉર્ફે સાજન પટેલને મુસલમાનો તેમજ પયગંબર સાહેબ અને તેમના કુટુંબની સ્ત્રીઓ અંગે અત્યંત બિભત્સ ભાષામાં લખાયેલ મેસેજ મળ્યો હતો જે તેણે પોતાના વોટ્સએપ ગૃપમાં ફરતો કર્યો. જે એક મુસ્લિમ યુવકને મળતા તેણે અન્ય આગેવાનોને બતાવ્યો. આ મેસેજની ખબર લઘુમતી સમુદાયના કેટલાક આગેવાનોને થતાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા તેને કારણે વાતાવરણ તંગ થયું હોવાનું લાગે છે. આ મેસેજ વાંચતાં તે માત્ર મુસલમાન વિરોધી નથી પરંતુ સ્ત્રીઓ વિરોધી પણ છે.

આ મેસેજના વિરોધમાં થયેલ રેલીને હિંદુત્વવાદી જૂથો દ્વારા શક્તિપ્રદર્શન તરીકે જોવામાં આવ્યું અને તેની સામે તેમણે પણ શક્તિ પ્રદર્શનનો રસ્તો અપનાવ્યો તેવી તંત્રની સમજ છે. જો કે આ બંને પ્રકારના શક્તિપ્રદર્શનની તૈયારી રાતોરાત થઈ હોય તે શક્ય નથી. વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ વગેરે હિંદુત્વવાદી જૂથોની સક્રિયતાને કારણે ગામે ગામ નાના મોટા બનાવોને કોમવાદી સ્વરૂપ અપાતું હોવાની મુસ્લિમ અસરગ્રસ્તોની ફરીયાદમાં તથ્ય છે તેવું અમને લાગે છે. બીજી તરફ મુસ્લિમ કટ્ટરવાદી જૂથો સક્રિય હોવાની ફરિયાદ પણ નકારી શકાય તેમ નથી.

(૨) હાંસોટ પાસે આવેલ આલિયાબેટમાં બનેલ ૧૨૦૦ કરતાં પણ વધારે સંખ્યામાં ગેરકાયદેસર ઝીંગા ઉછેરવાના તળાવો આ તોફાનો પાછળ જવાબદાર હોવાની વાત તમામ પક્ષોએ જેમ કે મુસ્લિમ આગેવાનો, હિન્દુઓ, ડેપ્યુટી કલેક્ટર, DSP વગેરેએ કરી. આ આલિયાબેટ પર આવેલ ૧૨૦૦ કરતાં પણ વધારે તળાવોમાં અંદાજીત ૧૫૦૦ કરોડ કરતાં પણ વધારે વાર્ષિક ટર્નઓવર હોવાની વાત બહાર આવેલ છે. જેમાં સુરત અને ઓલપાડના મોટા વેપારીઓ અને ઇન્વેસ્ટરોની સામેલગીરી હોવાની વાત બહાર આવી છે. એક અંદાજ મુજબ આ ગેરકાયદેસર ધંધાના માલિકો મોટે ભાગે હિન્દુઓ છે પણ તેમના ગેરકાયદે ધંધાનું રક્ષણ કરવાનું કામ જેઓને સોપ્યુ છે તેમાં મુખ્યત્વે મુસલમાનો છે. આ ગેરકાયદેસર તળાવોના રક્ષણ માટે આ તત્વો પ્રોટેક્શનમની ઉઘરાવી રાતોરાત ખૂબ પૈસાદાર બની ગયા હોવાથી તેઓની દાદાગીરી વધી ગઈ હતી તેવી સ્થાનિક લોકોની લાગણીમાં વજૂદ હોય તેવું લાગે છે. જો કે છેલ્લા ૭ થી ૮ વર્ષો કરતાં વધારે સમયથી ચાલતી આ ગેરકાયદેસર પ્રવૃત્તિ વન વિભાગ, મહેસૂલ વિભાગ, પોલીસ તંત્ર અને સરકાર તેમજ રાજકારણમાં વગ ધરાવનાર અનેક મોટા માથાઓની સામેલગીરી વગર શકય જ નથી.

ભાજપના અંકલેશ્વરના ધારાસભ્ય શ્રી ઇશ્વરભાઇ પટેલના જાહેર થયેલ પત્ર પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે ગેરકાયદેસરના ઝીંગા તળાવોની પ્રવૃત્તિમાં પ્રોટેક્શનમની ઉઘરાવનાર દલાલો મુસલમાન હશે પરંતુ તેની માલિકી દક્ષિણ ગુજરાતનાં ભરૂચ જિલ્લા સિવાયના વિસ્તાર એટલેકે સુરત, ઓલપાડના હિન્દુઓ હોવાની વાતમાં તથ્ય છે. આ ૧૫૦૦ કરોડ કરતાં પણ વધારે ટર્નઓવર ધરાવતા ગેરકાયદેસર વહીવટમાં પોતાનું પ્રભુત્વ જાળવી રાખવા

રાજકીય આગેવાનોએ અસામાજિક તત્વોનો સાથ લઈને કોમી તોફાનોનો માર્ગ અપનાવ્યો હોવાની વાત લોકો કરી રહ્યા છે તેમાં તથ્ય હોય તેવા કારણો તપાસ ટીમને મળેલ છે. આ ગેરકાયદેસર કામમાં વર્ચસ્વ મેળવવાવી હોડમાં ભરૂચ જિલ્લાના ભાજપના અગ્રણીઓ, ધારાસભ્ય શ્રી ઇશ્વરભાઇ પટેલ સહિત ૨૦૦થી વધુ આગેવાનોએ રાજીનામા આપવાની ચેષ્ટા કરી હોય તે વાતમાં તથ્ય હોઇ શકે છે.

૭-૮ વર્ષોથી જેની સામે તંત્રએ આંખ આડા કાન કર્યા છે તે ઝીંગાના તળાવો અંગેની વાત આંતરિક ઝગડાને પરિણામે બાહર આવતા હવે અચાનક આખાય તંત્રનું ધ્યાન ઝીંગા તળાવ પ્રત્યે જ કેન્દ્રિત થઈ ગયું છે અને વિસ્તારમાં બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ તેમજ મુસ્લિમ કટ્ટરવાદી તત્વો દ્વારા કોમવાદીકરણની જે પ્રક્રિયા ચાલી રહી છે તેના પરથી તમામનું ધ્યાન હટી ગયું છે.

તા. ૩૧-૦૧-૨૦૧૫ના રોજ ઝઘડીયાના રતનપુર ગામમાં બનેલ બનાવ દર્શાવે છે કે ભરૂચ જિલ્લાના ગામે ગામ નાના મોટા તમામ મતભેદો અને ઝઘડાનું કોમવાદીકરણ કરવાની પ્રક્રિયા આજે પણ ચાલી રહી છે આ પ્રક્રિયાને રોકવા માટે તંત્રએ કોઈ પગલાં ભર્યા નથી.

આલિયાબેટના ગેરકાયદેસરના ધંધામાં સંડોવાયેલા મોટા માથાઓને સજા નહીં થાય અને બંને સમુદાયોમાં ચાલતી કોમવાદીકરણની પ્રક્રિયાને રોકવામાં નહીં આવે તો હાંસોટ તાલુકાનાં ૫૨ ગામો જ નહીં ભરૂચ જિલ્લાના ગામે ગામ જે પરિસ્થિતીનું નિર્માણ થઈ શકે, તે દેશની લોકશાહીની તંદુરસ્તી, માનવ અધિકારોના રક્ષણ તેમજ તમામ સમુદાયના સામાન્ય લોકોની શાંતિ અને સલામતી પૂર્વક જીવન જીવવાની, રોજગારી રળવાની અપેક્ષાની વિરુદ્ધમાં હશે.

આ અહેવાલ નેનીચે મુજબના વિભાગોમાં વહેચવામાં આવેલ છે.

(૧) જાત તપાસની પ્રક્રિયા

(૨) ડિસેમ્બર ૨૦૧૪થી વિસ્તારમાં શરૂ થયેલ બનાવોની ક્રમવાર યાદી

(૩) અસરગ્રસ્ત ગામોમાં બનેલ બનાવોની વિગતો.

(૪) તપાસ ટીમના તારણો

(૫) માંગણીઓ

## ડિસેમ્બર ૨૦૧૪થી વિસ્તારમાં શરૂ થયેલ બનાવોની ક્રમવાર યાદી

(૧) તા. ૯-૧૨-૨૦૧૪ના રોજ અંભેટાના સુનિલ ઉર્ફે સાજન પટેલને પયગંબર સાહેબ તેમજ મુસલમાનો વિશે બિભત્સ ભાષામાં લખાયેલ મેસેજ વોટ્સએપ પર મળ્યો જે તેણે પોતાના ગૃપમાં ફરતો કર્યો. આ મેસેજની ખબર લઘુમતી સમુદાયના આગેવાનોને થતાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા.

(૨) તા. ૧૦-૧૨-૨૦૧૪: બિભત્સ ભાષામાં લખાયેલ મેસેજના વિરોધમાં કેટલાક મુસ્લિમ આગેવાનો દ્વારા હાંસોટ બંધનું એલાન આપવામાં આવ્યું. પોલીસ દ્વારા વોટ્સએપ મેસેજ મોકલનાર સાજન મનસુખભાઈ પટેલની ધરપકડ કરવામાં આવી.

(3) તા. ૧૧-૧૨-૨૦૧૪: મુસ્લિમ સમુદાયે ભરૂચ શહેરમાં એક રેલીનું આયોજન કર્યું જેમાં ૫૦૦૦ કરતાં વધારે લોકો જોડાયા અને કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું જેમાં માંગ કરી કે, સુનિલ પટેલ અને આ મેસેજ બનાવનાર તથા ફેલાવનાર તમામ લોકોની ધરપકડ થાય અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી થાય.

(૪) તા. ૧૪-૧૨-૨૦૧૪: કતપોર ગામમાં મહમ્મદ ગુલામ હફીઝ દાણાવાળાના ઘરને હિંદુઓનાં ટોળાઓએ ઘેરીને પથ્થરમારો કર્યો, અને ધર્મ પરીવર્તન કરીને હિંદુ નહીં બનો તો ગામમાં રહી નહીં શકો તેવી ધમકી આપી. હનીફભાઈ તેમના ૧૦ વ્યક્તિના પરિવાર સાથે સવાર પડતાં પહેલા ગામ છોડી નીકળી ગયા.

(૫) તા. ૧૫-૧૨-૨૦૧૪ :

- સાજોદ બસ સ્ટેન્ડ ઉપર મુસ્લીમોના છકડાં રોકે છે તેવી માહિતી મળતા મુસ્લિમ યુવાનો હાંસોટ સર્કલ પર આવી ગયા.
- ભાજપના જિલ્લા આગેવાન અને અંકલેશ્વર તાલુકાપંચાયત કારોબારીના અધ્યક્ષ, ભરત નાગજીભાઇ પટેલે સાબિર કાનુગા, મોન્ટુ કાનુગા, બહુભૈયા અને પપ્પુ ખોખર સામે ફોન પર ધમકી આપવા બદલ પોલીસ ફરિયાદ કરી.

**(૬)** તા. ૨૧-૧૨-૨૦૧૪: સાજોદ ગામે ધર્મ જાગરણ મંચના ઉપક્રમે વિરાટ હિંદુ ધર્મ-સંમેલન યોજવામાં આવ્યું. એ બિનરાજકીય હોવાનો દાવો કરવામાં આવ્યો. પરંતુ ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ તેમાં આગળ પડતો ભાગ લીધો. મંચ પરના ભાષણો અને મંચ નીચે થયેલ ઉશ્કેરણીજનક વાતોના પ્રત્યાઘાત રૂપે રેલીમાથી પરત ફરતા લોકોએ હાંસોટ નાકા પાસેથી લઘુમતી સમુદાય વિરુદ્ધ બુમરાણ અને બીભત્સ વાક્યો ઉચ્ચાર્યા.

**(૮)** તા. ૨૪-૧૨-૧૪:

- ઇલાવના સરપંચ જયેશ પટેલે ગામના બજારમાં આવેલ મુસલમાનોની દુકાને જઈ તેમને ગામ છોડી દેવા ધમકી આપી, દુકાનમા તોડફોડ કરી હતી. ડરના માર્યા તમામ ૮ મુસલમાન પરિવારો ગામ છોડીને ચાલ્યા ગયાં બાદ ટોળાએ રાતે જાવેદભાઈ કુરેશીનું પોલ્ટ્રી ફાર્મ અને દુકાન લૂટી લીધા.
- હાંસોટના વોન્ટેડ આરોપી પપ્પુ ઉર્ફે સફી ખોખરની પાસા હેઠળ ધરપકડ કરવામાં આવી.
- હાંસોટના નિસાર શેખના ગલ્લા પર હિન્દુ આરોપીઓ દ્વારા તથા સાજોદ ગામના વિનોદ પટેલની હાંસોટમાં આવેલી દુકાન પર મુસ્લિમ આરોપીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો.

**(૯)** તા. ૨૫-૧૨-૧૫ :

- વિનોદ પટેલની દુકાન પરના હુમલાના વિરોધમાં હાંસોટના હિંદુ વિસ્તારોમાં બંધ પાળવામાં આવ્યો.
- હાંસોટ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર શ્રી એન. ડી. ચૌધરીની નિમણૂક કરવામાં આવી.

**(૧૦)** તા. ૩૧-૧૨-૨૦૧૫ના રોજ ઇલાવના મુસ્લિમ પરિવારો સાથે ગામના આગેવાનોએ હાંસોટ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. શ્રી એસ. ડી. ધોબીની હાજરીમાં સમાધાન કર્યું અને તા. ૨૪-૧૨-૨૦૧૪ના રોજ બનેલ બનાવની પોલીસ ફરિયાદ ન કરે તે શરતે ગામમાં પરત રહેવા બોલાવ્યા.

**(૧૧)** તા. ૫-૧-૨૦૧૫ હાંસોટ પાંચ ફળિયામાં રહેતા સોએબ ઇસ્માન પટેલની શેરા ગામની સીમમાં આવેલ ૯૦ વિંઘા જમીન માથી ૬૦ વિંઘા જમીન પરની શેરડી બળીને ખાખ થઈ ગઈ, આશરે ૧૭ લાખની શેરડી બળી ગઈ.

**(૧૨)** તા. ૧૪-૧-૨૦૧૫ ના બનાવો :

- તા. ૧૪-૧-૨૦૧૫ના રોજ ઉત્તરાયણના દિવસે અંભેટા ગામે મુસ્લિમ છોકરા સાથે હિન્દુઓને ઝગડો થતાં તેને માર મારવામાં આવ્યો. અને તેણે પોતાના હાંસોટના મિત્રોને જાણ કરતાં હાંસોટથી મુસ્લિમ યુવાનો વાહનો પર અંભેટા આવ્યા. હિન્દુ-મુસ્લિમના ટોળાં વચ્ચે મારક હથિયારો સાથે ઝપાઝપી થઈ જેમાં બને પક્ષના કેટલાક લોકો ઘાયલ થયા અને માલ-મિલ્કતને નુકસાન પહોચડવામાં આવ્યું.
- અંભેટાથી તોફાનીઓનું ટોળું પરત ફરતા હાંસોટમાં પણ હિન્દુ–મુસ્લિમના ટોળાઓ વચ્ચે અથડામણ થઈ હતી. મારક હથિયારોથી થયેલ હુમલામાં બે હિન્દુ યુવકોનું તત્કાળ મૃત્યુ થયું અને એક મુસ્લિમ યુવકને ગંભીર ઇજા થઈ જેનું બાદમાં મૃત્યુ થયું.
- ઘાયલ મુસ્લિમ યુવકને પોલીસ બંદોબસ્ત સહિત એંબ્યુલન્સમાં દવાખાને લઈ જતાં રસ્તામાં તેમની પર સુણેવખુર્દ ગામે હિન્દુ ટોળાં દ્વારા હુમલો કરવામાં આવ્યો.
- આસપાસના અનેક ગામો કે જ્યાં મુસલમાનોના થોડા જ ઘર હતા ત્યાં ધાક ધમકી, આગ ચાંપી, મકાન- દુકાનની લૂટ વગેરેને કારણે અનેક ગામોમાંથી મુસલમાન પરિવારો હિજરત કરી ગયાં.
- અનેક ગામોમાં ઉપરોક્ત કોમી બનાવથી તદ્દન અજાણ એવા રસ્તા પરથી પસાર થતાં મુસલમાનો પર હુમલા કરવામાં આવ્યા. સુરત શહેરના હકીમજી સહ-પરિવાર હાંસોટની છોટુમિયાં બાવાની દરગાહ ખાતેથી સુરત આવવા પરત થતી વેળા તેમની મોટર કાર ઉપર હુમલો થતાં તેઓ પોતાનો જીવ બચાવવા પાછા છોટુમિયાં બાવાની દરગાહમાં પહોંચી ગયા હતા જ્યાં મોડે સુધી તેમની મદદે પોલીસ ના પહોંચતા તેમણે સુરતના કોર્પોરેટર શ્રી

અરસદ કલ્યાણીને ફોન કરતાં તેઓએ સુરતના ચોસઠ જોગણી માતા મંદિરના ટ્રસ્ટી રાજેન્દ્રભાઈની મદદ લીધી અને બંનેએ સ્થળ પર પહોચી પોતાની કારમાં ૧૬ વ્યક્તિઓને સલામત સ્થળે ખસેડયા હતાં. (ગુ.મિ. તા. ૧૬-૧-૨૦૧૫)

- હાંસોટમાં બન્ને કોમના લારી-ગલ્લા દુકાનો સળગાવાયા અને ડી.વાય.એસ.પી., અન્ય પોલીસ અધિકારીઓએ અને કર્મચારીઓ સહિત બન્ને કોમના લોકો ઘાયલ થયા.
- ઇલાવમાં સરપંચે ધમકી આપી મુસલમાન પરિવારોને ગામ છોડી જવા કહ્યું. પોલીસને ગામમાં ન આવવા દીધી અને ૮ પરિવારોના ઘર, દુકાન તેમજ મસ્જિદમાં તોડફોડ, લૂટ અને આગ લગાવી. તમામ પરિવારોને પહેરેલે કપડે ગામ છોડી જવાની ફરજ પડી.

**(૧૩)** તા. ૧૫-૦૧-૨૦૧૫:

- હાંસોટ તાલુકાનાં સાહોલ ગામ ખાતે તોફાની ટોળાએ જહીરૂદ્દીન સૈયદના મકાનમાં મકાનમાં આગ ચાંપી દીધી હતી. સાહોલના તમામ ૨૫ જેટલાં મુસલમાન પરિવારોને પોતાના ઘર–ગામ, ખેતી-ધંધો-રોજગાર છોડી હિજરત કરવાની ફરજ પડી.
- આ જ સમયે ટોળાંના કેટલાક લોકોએ ગામમાં તૈનાત કરાયેલ પોલીસ તંબુને પણ આગચાંપી દીધી હતી. જેમાં વાયરલેસ સિસ્ટમ તેમજ અન્ય સામગ્રી બળીને ખાખ થઈ ગઇ હતી જેની સામે પોલીસ અધિકારીએ ફરિયાદ નોધાવી હતી.
- તંત્ર દ્વારા ઇન્ટરનેટ, એસએમએસ અને અંકલેશ્વર તેમજ સુરતથી હાંસોટ તરફ જતી બસસેવા બંધ કરવામાં આવી.

**(૧૪)** તા. ૧૬-૦૧-૨૦૧૫:

- હાંસોટ પોલીસ સ્ટેશનમાં પીએસઆઇ શ્રી કે. વી. ચુડાસમાની નિમણૂક કરવામાં આવી.
- કેન્દ્રિય રાજ્યમંત્રી શ્રી મનસુખભાઈ વસાવાએ તોફાનગ્રસ્ત વિસ્તારોની મુલાકાત કરી જણાવ્યુ કે, "ગુજરાતનો વિકાસ સાંખી ન શકનારા તત્વો તોફાનો કરાવી રહ્યા છે." તેઓએ ઇજાગ્રસ્ત થયેલ હિન્દુ યુવાનોની મુલાકાત લીધી પરંતુ ઇજાગ્રસ્ત મુસ્લિમ યુવાનોની મુલાકાત ન લીધી તેની નોધ લઘુમતી સમાજે લીધી.
- સાહોલના સરપંચ સંજયભાઈ વસાવા સહિત ૨૦ તોફાનીઓની ધરપકડ.
- અંભેટા ગામે અમીનુદ્દીન સૈયદના ઢોર બાંધવાના ડેલામાં ઉપરના ભાગે રહેલ ૩૦૦૦ ઘાસના પુળામાં આગ લગાડવા બદલ  મનીષ ઉર્ફે મનિયો વસાવા વિરુધ્ધ ગુનો નોંધી પોલીસે તપાસ શરૂ કરી.

**(૧૫)** તા. ૧૭-૦૧-૨૦૧૫: જિલ્લા કલેક્ટર કચેરી ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ. આ બેઠકમાં હિન્દુ મુસ્લિમ આગેવાનો આવ્યા પરંતુ ધારાસભ્ય ઇશ્વરભાઇ પટેલ ગેરહાજર રહયા.

શાંતિસમિતિની બેઠકમાં સામાજિક કાર્યકર ડો. શફીએ કોમી તંગદિલી પાછળ ગેરકાયદેસર ચાલતા ઝીંગાના તળાવોના રાજકારણ જવાબદાર હોવા અંગે રજૂઆત કરી.

**(૧૬)** તા. ૧૮-૦૧-૨૦૧૫ :

- કોમી તંગદિલી પાછળ આલિયાબેટના ગેરકાયદેસર ઝીંગાના તળાવો હોવાનું પ્રકાશમાં આવ્યા બાદ લોકોના રોષનો ભોગ બનેલ ભાજપના ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલ સહિત હાંસોટ તાલુકા પંચાયત, અંકલેશ્વર તાલુકા પંચાયત અને નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો સહિત ૨૦૦ કાર્યકરોએ આલિયાબેટના ગુનેગારો પર પગલાં લેવા બાબતે રાજ્ય સરકારની ઢીલી નીતિ સામે ભા.જ.પ. કાર્યાલયમાં રાજીનામાં આપ્યા.
- હિજરત કરી ગયેલ મુસ્લિમ પરિવારોના નુકસાનનું પોલીસે પંચનામું કર્યું ન હોવાથી ઇલાવના ઈસ્માઈલભાઈ કુરેશીના ઇંગ્લેન્ડમાં રહેતા ભત્રીજાના ઈમરાન કુરેશીએ, વડોદરા રેન્જના આઈ.જી. શ્રી અનુપ ગેહલોટ સાથે ફોન પર વાત કરી પોતાને ઇંગ્લેન્ડથી ફરિયાદ કરવી પડશે તેવું જણાવતા ૧૮ જાન્યુઆરીના રોજ  ઇલાવ જઇ હાંસોટ પોલીસે ૮ મુસ્લિમ પરિવારોને થયેલ નુકસાનનું પંચનામું કર્યું.

**(૧૭)** તા. ૧૯-૧-૨૦૧૫:

- હાંસોટમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે શ્રી જે. બી. સુતરિયાની નિમણૂક કરવામાં આવી.

- અંભેટામાં તા.૧૪ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ થયેલ ઝગડા પાછળ છોકરીની મશ્કરી હોવાની વાત પહેલી વાર વર્તમાનપત્રમાં આવી.

**(૧૮)** તા. ૨૧-૦૧-૨૦૧૫: સ્ટેટ આઇ. બી.એ આલીયાબેટ તથા આસપાસના ૨૫ ચો.કી.મી.ના વિસ્તારમાં સ્થળોનું નિરીક્ષણ કરી વિગતો મેળવી.

**(૧૯)** તા. ૨૧-૦૧-૨૦૧૫: સંઘના પ્રવકતાએ હાંસોટના મૃત્યુ પામેલ યુવાનો આર.એસ.એસ.ના કાર્યકર હોવાનું વર્તમાન પત્રોમાં જાહેર કર્યું.

**(૨૦)** તા. ૨૨-૧-૨૦૧૫:

- હાંસોટમાં મૃત્યુ પામેલ બે હિન્દુ યુવાનોને શ્રદ્ધાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.
- સાજોદ ગામમાં સનાતન-ધર્મ સંમેલનમાં વિશ્વ હિન્દુ પરિષદના શ્રી પ્રવીણ તોગડિયા અતિથિ તરીકે હાજર રહ્યા. વર્ષોથી દર વર્ષે યોજાતા આ સંમેલનમા અગાઉ કેટલાક મુસ્લિમો પણ સેવા આપવા જતાં હતા પરંતુ આ વખતે શ્રી પ્રવીણ તોગડિયાની હાજરીને કારણે તેઓએ બીકના માર્યા જવાનું ટાળ્યું

**(૨૧)** તા. ૨૩-૦૧-૨૦૧૫

- આઠ દિવસ બાદ હાંસોટના બજારો અંશત: ખૂલ્યા.
- પી.યુ. સી.એલ. તપાસ ટીમ સમક્ષ આશરે ૧૦૦ થી વધુ અસરગ્રસ્તોએ અંકલેશ્વર ખાતે રજૂઆત કરી.
- તપાસ ટીમે ડેપ્યુટી કલેક્ટર (પ્રાંત-અંકલેશ્વર) શ્રી દિપક શુક્લની મુલાકાત કરી.

**(૨૨)** તા. ૨૪-૦૧-૨૦૧૫: તપાસ ટીમે હાંસોટના ત્રણે મૃતકોના પરિવારોની તથા અન્ય અસરગ્રસ્ત ગામોની તેમજ હાંસોટના પી.આઈ. શ્રી સુતરીયાની મુલાકાત કરી.

**(૨૩)** તા. ૨૭-૦૧-૨૦૧૫:

- તપાસ ટીમે ડી.એસ.પી. ભરૂચ, શ્રી બિપિન આહિરેની મુલાકાત કરી.
- આલિયાબેટ પર આવેલ આશરે ૧૨૦૦થી વધુ ગેરકાયદેસરના ઝિંગાના તળાવો કે જેમાં આશરે ૧૫૦૦ કરોડનો ગેરકાયદેસર વેપાર થતો હોવાનો અંદાજ છે તેને તોડવાની કાર્યવાહી તંત્ર દ્વારા ચાલુ કરવામાં આવી.

**(૨૪)** તા. ૩૦-૧-૨૦૧૫: તપાસ ટીમે કલેક્ટર ભરૂચને વચગાળાની માંગણીઓ કરતો પત્ર લખ્યો.

**(૨૫)** તા. ૩૧-૦૧-૨૦૧૫ના રોજ ઝઘડિયા તાલુકાનાં રતનપોર ગામમાં ગામની જમીન અંગેના મતભેદને આદિવાસી અને મુસલમાનો વચ્ચેના ઝગડામાં પલટી કોમી સ્વરૂપ આપવામાં આવ્યું.

## ગામોમાં બનેલા મહત્વના બનાવોની વિગતો

**1.** <u>અંભેટા (વસ્તી ૧૦૦૦ થી ૧૧૦૦)</u>

અંભેટા ગામ હાંસોટથી માત્ર ૪-૫ કી.મી. દૂર છે. પાછલા રસ્તે જતાં બંને ગામ એક જ હોય તેટલા નજીક છે. અંભેટા ગામમાં આદિવાસીઓના ૨૫, હિન્દુઓ (કોળી પટેલ અને ખારવા)ના ૫૦ અને તથા મુસ્લિમોના ૫૦ જેટલા ઘરો છે જેમાં મુલાકાતના દિવસે મુસલમાનોના થોડા જ ઘરો ખુલ્લા હતા અને બાકીના લોકો બીજા ગામોમાં ચાલી ગયા હતા.

હાંસોટ તાલુકાનાં ગામોમાં તાજેતરમાં થયેલ કોમી તંગદિલીનું એક કારણ એવો, ઇસ્લામના મહમ્મદ પયગંબર સાહેબ, તેમના કુટુંબની સ્ત્રીઓ અને અને મુસલમાન સ્ત્રી-પુરુષો વિષે અત્યંત બીભત્સ ભાષામાં લખાયેલ સંદેશો વોટ્સએપ પર તા. ૯-૧૨-૨૦૧૪ના રોજ ફરતો કરનાર સાજન/સુનિલ પટેલ નામનો યુવાન અંભેટાના પટેલ ફળિયાનો રહેવાસી છે. આ મેસેજ ગામના જ એક મુસલમાન યુવકને મળતાં તેણે અન્ય આગેવાનોને બતાવ્યો અને લઘુમતી સમુદાયમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતાં.

તા. ૧૧-૧૨-૨૦૧૪ના રોજ ભરૂચ શહેરમાં સોનેરી મહેલથી કલેકટર ઓફિસ સુધીની એક વિશાળ રેલીનું આયોજન ભરૂચ જિલ્લાના મુસ્લિમ આગેવાનોએ કર્યું જેમાં ૫૦૦૦ કરતાં વધારે લોકો જોડાયા હોવાનો અંદાજ છે. આ રેલીમાં ભરૂચ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું. જેમાં માંગ કરી કે,

"... રાષ્ટ્ર વિરોધી, કોમી એકતા વિરોધી અને જાહેર શાંતિ વિરોધી પ્રવૃત્તિને ઊગતી ડામી દેવા સુનિલ ઉર્ફે સાજન મનસુખભાઇ પટેલ અને તેના ગ્રૂપના ૩૫ સાગરીતો સામે ભારતના બંધારણની જોવાઈઓ અને ફોજદારી ધારા તેમજ ઇન્ફોર્મેશન ટેક્નોલૉજી કાયદા હેઠળ કાનૂની પગલાં લેવામાં આવે...જે રીતે દારૂ/ગૌ વંશ કતલ/રીઢા ગુનેગારો માટે સમાજ વિરોધી પ્રવૃત્તિ ગણી તેમની સામે યોગ્ય રીતે પાસા અને હદપારી જેવા શસ્ત્રો ઉગામવામાં આવે છે તે આની સામે પણ વાપરવા...ન્યુટરલ એજન્સી દ્વારા તપાસ કરી આ ષડયંત્ર પાછળ સંડોવાયેલા તત્વોની ઊંડાણ પૂર્વક તપાસ કરવી..."

અંભેટા ગામની રૂબરૂ મૂલાકાતમાં આરોપી સાજનના માતા-પિતા અને પટેલ ફળિયાના હિન્દુ રહેવાસીઓના જણાવ્યા મુજબ, "ગામમાં પોલીસની હાજરીમાં જ મુસ્લિમોએ તા. ૯-૧૨-૧૪ના રોજ તેને માર માર્યો હતો. અને પોલીસે તેની ફરિયાદ નોંધી ન હતી. ત્યારબાદ તા. ૧૧-૧૨-૨૧૦૪ના રોજ પોલીસ દ્વારા સાજન/સુનિલ પટેલની ધરપકડ કરવામાં આવી હતી અને તેને સ્થાનિક કોર્ટમાંથી જામીન ન મળતાં તે ૧ મહિનો અને એક દિવસ જેલમાં રહ્યો હતો. છેવટે તેને ગુજરાત હાઇકોર્ટમાંથી તા. ૧૨-૦૧-૨૦૧૫ના રોજ જામીન મળતા તે અંભેટા તેના માતા-પિતાને મળવા, પગે લાગવા આવ્યો હતો. પરંતુ વાતાવરણ તંગ હોવાથી અમે તેને મોસાળે મોકલી આપેલ છે. જે હજી પણ ત્યાંજ રહે છે." કહેવા મુજબ તે ટોળાના રોષનો ભોગ ન બને માટે તેને બચાવવા પોલીસે તેને તાત્કાલિક ગાડીમાં લઈ લીધો હતો અને તેની કાયદેસરની ધરપકડ બાદમાં કરી હતી.

મુસલમાન અસરગ્રસ્તોના કહેવા મુજબ સાજન પટેલને હાઇકોર્ટમાંથી જામીન મળ્યા અને તે ગામમાં આવ્યો ત્યારે જાણે તેણે ખૂબ સારુ કામ કર્યું હોય તેમ ફટાકડા ફોડી તેનું જાહેરમાં સ્વાગત કરવામાં આવ્યું હતું અને હિરો બનાવવામાં આવ્યો હતો જેને કારણે લઘુમતી સમુદાયની લાગણી વધારે ઘવાઈ હતી.

સાજન પટેલના સ્વાગત અંગે હિન્દુ ફળિયામાં મળેલ ગામના આગેવાન દલસુખભાઈને પૂછતાં, 'સ્વાગતની વાત માત્ર એક અફવા જ છે' તેમ તેમણે કહ્યું. દલસુખભાઈએ વધારેમાં એમ કહ્યું કે અંભેટાના મુસ્લિમોએ આ પહેલા પણ ત્રણ થી ચાર વાર હાંસોટથી મુસ્લિમોને બોલાવીને અમને ધમકાવેલા છે. અંભેટામાં બનેલા તમામ બનાવો અંગેનું સત્ય જાણવા હજુ વધુ તપાસની જરૂર છે પણ અંભેટા ગામમાં વાતાવરણ સતત તંગ રહ્યું હોય તેવું સ્પષ્ટ જાણવા મળે છે.

તા. ૧૪-૧-૨૦૧૫ના રોજ હાંસોટ નગર તથા તાલુકાનાં અન્ય ગામોમાં બનેલ બનાવોની શરૂઆત પણ અંભેટામાંથી થઈ હતી. ઉત્તરાયણના દિવસે અંભેટા ગામે મુસ્લિમ છોકરા સાથે હિન્દુઓને ઝગડો થતાં તેને માર મારવામાં આવ્યો. અને તેણે પોતાના હાંસોટના મિત્રોને જાણ કરતાં હાંસોટથી મુસ્લિમ યુવાનો વાહનો પર અંભેટા આવ્યા જ્યાં હિન્દુ-મુસ્લિમના ટોળાં વચ્ચે મારક હથિયારો સાથે ઝપાઝપી થઈ જેમાં બને પક્ષના કેટલાક લોકો ઘાયલ થયા અને માલ મિલ્કતને નુકસાન પહોચાડવામાં આવ્યું. પોલીસે લાઠીચાર્જ કર્યો, ત્યારબાદ ટિયરગેસના અનેક સેલ છોડ્યા છતાં આ ટોળું ન વિખરતા તેમણે ૨ રાઉન્ડ ગોળીબાર કર્યો અને ટોળાને વિખેરી નાખ્યું. આ બનાવમાં બંને તરફના ટોળાના માણસો મસ્જિદ સળગાવેલ તેવું પોલીસે પોતે નોંધાવેલ એફ.આઈ.આર.માં જણાવેલ છે.

તા. ૧૪ જાન્યુયારી, ૨૦૧૫ના રોજ બનેલ આ પ્રથમ બનાવના કારણ અંગે બે પ્રકારની વાતો જાણવા મળે છે.

**(1)** સમાચારપત્રો તેમજ મુસલમાનોએ તપાસ ટીમ સમક્ષ રૂબરૂમાં કરેલ રજૂઆતમાં પતંગ લૂટવા અંગે થયેલ ઝગડામાં મુસલમાન યુવાનને માર મારતા તેણે હાંસોટમાં ફોન કરી પોતના મિત્રોને બોલાવ્યા અને હિન્દુ મુસ્લિમના ટોળા વચ્ચે અથડામણ થતાં આ બનાવની શરૂઆત થઈ તેમ જણાવેલ છે.

**(2)** હાંસોટ પો. સ્ટેશનના પી.આઈ. શ્રી એન. ડી. ચૌધરીએ પોતે નોંધાવેલ એફ.આઈ.આર. નં..**3/**૨૦૧૫માં બનાવનું કારણ નીચે મુજબ જણાવેલ છે.

"... આ બનાવનું કારણ હિન્દુ મહોલ્લામાંથી ત્રણ ચાર મુસ્લિમ છોકરાઓ પસાર થતાં હતા તે દરમ્યાન મુસ્લિમ છોકરાઓએ હિન્દુ છોકરાઓને તું અમારી સામે આંખો કેમ કાઢે છે? તેવું ઉશ્કેરાઈને કહેતા પાછળથી હિન્દુ છોકરાઓ ભેગા થઈ મુસ્લિમ છોકરાઓને માર મારતા આ ગામના હિન્દુ- મુસ્લિમ ટોળાના માણસો ગેરકાયદેસર હથિયારો સાથે ભેગા થયેલ. એકબીજાની મિલકતને સળગાવી નુકશાન કરી તેમજ એકબીજાને મારક હથિયારોથી ઇજાઓ કરી તથા ફરજ ઉપરના કર્મચારીઓને પણ ઇજાઓ પહોંચાડી ગુનો કરેલ હોઇ ... આ બનાવ કલાક **12:25** થી **15:00** દરમ્યાન અંભેટા ગામે બનેલ છે. "

**(3)** તપાસ ટીમે કરેલ અંભેટા ગામની મુલાકાતમાં પટેલ ફળિયાના દલસુખભાઈ પટેલ સહિતના રહેવાસીઓએ જણાવ્યા મુજબ, "તા. ૧૪/૧/૨૦૧૫ ઉતરાયણના દિવસે બધા પતંગ ચગાવતા હતા ત્યારે એક મુસ્લિમ યુવાન બુરહાનુદ્દીને કેશુરભાઈ બાબુભાઇ વસાવાની પુત્રવધુ જે પાણી ભરીને જઈ રહી હતી તેની છેડતી કરી હતી. જેની જાણ તેણે ઘરે જઈને ઘરનાને આપતા કેશુરભાઈ બાબુભાઇ વસાવાએ તે યુવક કે જે અંભેટા ગામનો જ છે તેને ઠપકો આપતા તે યુવકે ઉશ્કેરાઈને બીજા યુવકો, અખ્તર હુસેન, મો. સાજીદ અબ્દુલ ગની શેખ સાથે મળીને કેશુરભાઈને માર માર્યો હતો. આ ઘટનાની જાણ થતાં ગામમાંથી બીજા હિંદુ સમાજનાં યુવાનો ભેગા થઈ જતાં આ મુસ્લિમ યુવાનોએ ફોન કરીને હાંસોટથી વધારે મુસ્લિમ લોકોને બોલાવ્યા હતા."

અત્રે એ વાત નોંધવી રહી કે સ્ત્રીની છેડતી અંગેનો આક્ષેપ સૌ પ્રથમ તાં. ૧૯-૦૧-૧૫ના સમાચાર પત્રોમાં જોવા મળે છે. તે પહેલા પતંગ માટે ઝગડો થયો હોવાની અથવા નજીવી વાતમાં ઝગડો થયો હોવાની વાત આવી હતી. પોલીસ ઈન્સ્પેકટર દ્વારા બનાવ બન્યો તે દિવસે નોંધવામાં આવેલ એફ.આઈ.આર.માં પણ છેડતીની વાત નોંધાયેલી નથી.

પટેલ ફળિયાના હિન્દુઓના કહેવા મુજબ, "હાંસોટથી પાછલા રસ્તે થઈને ગામમાં પ્રવેશીને મુસલમાન યુવકોએ અમારા ઘરો કે જે પટેલ ફળિયામાં આવેલા છે ત્યાં હુમલો કર્યો હતો. જેમાં બે મંદિરોને નુકશાન થયું છે તથા ચાર વ્યક્તિઓ ઘાયલ થઈ છે. જેમના નામ **(1)** છગનભાઇ ગોવિંદભાઈ મિસ્ત્રી **(2)** શિરીષકુમાર રમેશભાઈ મિસ્ત્રી **(3)** નટવરભાઈ વલ્લભભાઈ પટેલ **(4)** ભગવાનભાઇ વલ્લભભાઈ પટેલ (અંધ વ્યક્તિ છે) તમામ રહે- પટેલ ફળિયું અંભેટા ગામના છે. આ બનાવમાં ચાર-પાંચ મુસ્લિમ યુવાનો જવાબદાર છે. બધા મુસ્લિમો ખરાબ નથી" તેવું દલસુખભાઈ, ગામના સરપંચ સવિતાબેન હરસુખભાઇ પટેલ તથા ત્યાં હાજર તમામ લોકોનું કહેવાનું હતું. વધુમાં તેઓએ જણાવ્યુ કે "આ સમગ્ર ઘટનાના દિવસે (તાં. ૧૪-૦૧-૨૦૧૪) વોટ્સએપનો મેસેજ ફોરવર્ડ કરનાર આરોપી સાજન સુનિલ પટેલ આ ગામમાં હાજર ન હતો જો તે હાજર હોત તો આ મુસ્લિમોનું ટોળું તેને મારી નાંખત."

ટીમને શ્રી મનીષ રામજી વસાવાના પત્નીએ જણાવ્યુ કે 'તા. ૧૫/૧/૨૦૧૫ ના રોજ તેમના પતિની પોલીસ ધરપકડ કરીને લઈ ગઈ છે અને તેના ઉપર ખોટો આરોપ મૂકવામાં આવ્યો છે. તે તદ્દન નિર્દોષ છે.' જ્યારે પોલીસ ઈન્સ્પેકટર શ્રી. સુતરીયાને આ અંગે પૂછતાં તેમણે કહ્યું હતું કે, "તેને અમે આ બનાવનો લાભ લઈ, અમીનુંદ્દીન અબ્બાસ મુસતુફાનો તબેલો, અંગત અદાવત અંતર્ગત બાળી નાંખતા રંગે હાથે પકડ્યો હતો. જેમાં ફરિયાદીને અંદાજે રૂપિયા બે લાખનું નુકશાન થયેલ છે."

ટીમના સભ્યો મસ્જિદ તરફ મૂકવામાં આવેલ પોલીસ પોઈન્ટ પાસે પહોંચ્યા ત્યારે નફીસાબેન અબ્દુલ હમીદ શેખ મળ્યા. તેઓ વિધવા બહેન છે અને તેમનો એક માત્ર આવકનું સાધન એવો ગલ્લો, પટેલ અને ખારવા સમાજનાં ટોળાં દ્વારા હુમલો કરીને તોડી તથા બાળી નાંખવામા આવેલ હતો. આ ઘટના તેમણે નજીકના ઘરમાંથી સંતાઈને જોઈ હતી તેથી અમુક આરોપીઓના નામ લખાવ્યા છે. જેમાં જૈન બાબુ મિસ્ત્રી, જશવંત ગોપાલ પટેલ, રાહુલ ઇશ્વરભાઇ મિસ્ત્રી,

યોગેશ ઈશ્વર મિસ્ત્રી, વિપુલ રમણ મિસ્ત્રી તથા બાબુ અંબાભાઈ મિસ્ત્રી સામેલ છે. આ ઘટનાનું પંચનામું થયેલ છે. તેમણે એ પણ જણાવ્યું હતું કે, "દીનદયાલ સસ્તા ભાવની દુકાનમાંથી કેરોસીન પણ અપાયેલ નહોતું અને આ જ કેરોસીન અમારી દુકાનો, મોટર સાઈકલો બાળવામાં વપરાયું હતું. આ દુકાનના સંચાલક જીતેન્દ્ર નાથુંભાઈ મિસ્ત્રી છે." આ ઘટના પછી ૪૫ થી ૫૦ ઘરો જેમાં મુસલમાન લોકો રહેતા હતા તેમાથી માત્ર ૫ ઘરો જ ખુલ્લા હતાં. બાકીના લોકો ઘરો બંધ કરીને ચાલ્યાં ગયા છે.

સલાઉદ્દીન અબ્દુલ મજીદના મકાન ઉપર હુમલો કરીને તોડ-ફોડ કરવામાં આવી હતી તે ટીમે જોયુ. રસ્તામાં બુરહાનુદ્દીન જિયાઉદ્દીન સૈયદની માલીકીની એક મોટર સાયકલ સળગાવેલી હાલતમાં તથા એક સ્કૂટર તોડી નાંખેલી હાલતમાં જેનો નંબર GJ-5-GH-1565 જોવા મળેલું હતું. તથા ઈકરામુદ્દીન કમરૂદ્દીનના મકાન ઉપર હુમલો કરી તેમના ઘરની સામે મૂકેલા મોપેડ(MASTRO) GJ-16-BD-9256 તોડી નાંખેલા જોવા મળ્યાં હતાં. જેમાં હજુ સુધી કોઇની ધરપકડ થઈ નથી. તથા આ બનાવોનું પંચનામું પણ થયેલ નથી.
આ લોકોના જણાવ્યા મુજબ તા. ૧૪/૧/૨૦૧૫ના રોજ અંભેટા આવવાના રસ્તા ઉપર શેરડીના ખેતર પાસે સૈયદ અહેમદઉલ્લાહ અબ્દુલ્લાહની રિક્ષા સળગાવી દીધી તથા તેની ઉપર પણ હુમલો કરી ઘાયલ કરવામાં આવ્યો હતો.

તા. ૧૪/૧/૨૦૧૫ના રોજ તથા તા. ૧૫/૧/૨૦૧૫ના રોજ અંભેટામાં પટેલ તેમજ ખારવા સમાજનાં લોકોએ મળીને મુસ્લીમોના ખેતરોમાં તૈયાર થયેલી શેરડીના પાકમાં આગ લગાડીને તેને બાળી નાંખેલ છે. જેની સલિમભાઈ કાનુગા દ્વારા આપવામાં આવેલી વિગતો નીચે મુજબની છે.

| ક્રમ | ખેડૂતનું નામ | બાળી નાંખવામાં આવેલ જમીન વીઘા માં | સર્વે નંબર |
|---|---|---|---|
| 1 | નિયાજુદ્દીન ફખરુદ્દીન સૈયદ | ૬.૫૦ વીઘા | ૪૫,૨૮૪ |
| 2 | ઈકરામુદ્દીન ફખરુદ્દીન સૈયદ | ૩૦ વીઘા | ૪,૬૩,૬૪,૬૫ |
| 3 | નસીરુદ્દીન ફખરુદ્દીન સૈયદ | ૧૨ વીઘા | ૬૭ |

## 2. હાંસોટ (વસ્તી ૧૦૦૦૦ થી ૧૧૦૦૦)

હાંસોટ ગામની વસ્તીમાં ૪૫% થી ૫૦% મુસ્લિમ અને ૫૦% થી ૫૫ % હિન્દુઓ છે. હિન્દુઓમાં મોટાભાગના કોળી પટેલ અને ખારવા જ્ઞાતિના લોકો છે. હાંસોટ તાલુકાનાં મુસ્લિમોની વસ્તી ૧૦ જેટલા ગામોમાં છે. પરંતુ હાંસોટ સિવાયના ગામોમાં મુસ્લિમો ખૂબ ઓછી સંખ્યામાં છે. મોટાભાગના લોકો ખેતી અને આનુસંગિક વ્યવસાયો ઉપરાંત નાના મોટા સ્વરોજગારના વ્યવસાયો સાથે સંકળાયેલા છે.

હિન્દુ તથા મુસલમાન બંને સમુદાયોના લોકોએ તપાસ ટીમને જણાવ્યુ હતું કે હાંસોટમાં હિન્દુ-મુસ્લિમ સાથે મળીને રહેતા હતા. બધાના સામાજિક-આર્થિક વ્યવહારો એકબીજા સાથે છે. પરંપરાગત રીતે હાંસોટના લોકો હિન્દુ કે મુસલમાન તરીકે નહિ પણ 'હાંસોટી' તરીકે પોતાની ઓળખાણ આપે છે. ગામમાં ઝગડા તો પહેલા પણ થતાં હતા પરંતુ તેને ત્યારે તોફાનો થયા હતા પણ થોડા જ વખતમાં બધુ રાબેતા મુજબ થઈ ગયું હતું.

ગામમાં મુસ્લિમ મહિલા સરપંચ જમિલા બહેન મહમ્મદ શફીને બી.જે.પી.એ જ ટેકો આપીને ઊભા કરેલ હોવાનું હિન્દુ તેમજ મુસ્લિમ અસરગ્રસ્તોએ જણાવ્યુ છે. હાલમાં તેમના પતિ પપ્પુ ઉર્ફે સાફી ખોખરની પાસા હેઠળ ધરપકડ કરવામાં આવી છે અને જમિલા બહેનનું નામ પણ બે હિન્દુ યુવાનોના ખૂન બદલ એફ.આઇ.આર.માં આરોપી તરીકે છે.

છેલ્લા કેટલાક વખતથી તાલુકામાં કોઈપણ ગામમાં અલગ અલગ સમુદાયની બે વ્યક્તિઓ વચ્ચે કોઈ અણબનાવ કે ઝગડો થાય તો તેને કોમી સ્વરૂપ આપવામાં આવતું હતું અને બહુમતિ હિન્દુઓ હોય તેવા ગામોમાં એકલ દોકલ મુસલમાન રિક્ષાવાળા કે છકડાવાળા સાથે દુર્વ્યવહાર થતો હોવાના બનાવો બન્યા છે અને મુસલમાનો સાથે કોઈ પણ ઘટના બને તો હાંસોટના કેટલાક મુસ્લિમ યુવાનો તેમાં વચ્ચે પડે તેવું જોવા મળતું હતું .

તા. ૯-૧૨-૨૦૧૪ના રોજ અંભેટાના સુનિલ ઉર્ફે સાજન પટેલે પયગંબર સાહેબના અંગે અત્યંત બીભત્સ અને અભદ્ર ભાષામાં લખેલ મેસેજ વોટ્સએપ પર ફરતો કર્યો એ મેસેજની ખબર મુસ્લિમ સમુદાયના લોકોને થતાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા. હાંસોટના યુવાનોએ અંભેટા પહોચી તેને મારવા લીધો ત્યારે પોલીસ વચ્ચે પડી તેને લઈ ગઈ હતી.

તા. ૧૦-૧૨-૨૦૧૪ના રોજ વોટ્સએપ પર અભદ્ર ભાષામાં લખેલ મેસેજના વિરોધમાં મુસ્લિમ આગેવાનો દ્વારા હાંસોટ બંધનું એલાન આપવામાં આવ્યું હતું અને પોલીસ દ્વારા વોટ્સએપ મેસેજ મોકલનાર સાજન મનસુખભાઈ પટેલની ધરપકડ કરવામાં આવી ત્યારથી જ હાંસોટમાં વાતાવરણ તંગ બન્યું હતું અને નાના મોટા બનાવો બન્યા જ કરતાં હતા એવું તે સમયના છાપાઓમાં છપાયેલા નીચે મુજબના સમાચારોના આધારે કહી શકાય.

- તા. ૧૫-૧૨-૨૦૧૪ સાજોદ બસ સ્ટેન્ડ ઉપર મુસ્લીમોના છકડાં રોકે છે તેવી માહિતી મળતા મુસ્લિમ યુવાનો હાંસોટ સર્કલ પર આવી ગયા.
- ભાજપના જિલ્લા આગેવાન અને અંકલેશ્વર તાલુકા પંચાયત કારોબારીના અધ્યક્ષ, શ્રી ભરત નાગજીભાઇ પટેલે શ્રી સબિર કાનુગા, પપ્પુ ખોખર અને અન્ય સામે ફોન પર ધમકી આપવા બદલ પોલીસ ફરિયાદ કરી. તાં. ૨૪-૧૨-૧૪ના રોજ પોલીસે આરોપી પપ્પુ ઉર્ફે સાફી ખોખરની પાસા હેઠળ ધરપકડ કરી. આજ દિવસે હાંસોટના નિસાર શેખના ગલ્લા પર હિન્દુ આરોપીઓ દ્વારા તથા સાજોદ ગામના વિનોદ પટેલની હાંસોટમાં આવેલી દુકાન પર મુસ્લિમ આરોપીઓ દ્વારા હુમલો અને પોલીસ ફરિયાદ. વિનોદ પટેલની દુકાન પરના હુમલાના વિરોધમાં તા. ૨૫-૧૨-૧૫ના રોજ હાંસોટના હિંદુ વિસ્તારોમાં બંધ રાખવામા આવ્યો.
- તા. ૫-૧-૨૦૧૫ના રોજ હાંસોટમાં રહેતા સોએબ ઇસ્માન પટેલની શેરા ગામની સીમમાં આવેલ ૬૦ વિંઘા જમીન પરની આશરે ૧૭ લાખની શેરડી બાળી નાંખવામાં આવી.

તા. ૧૪-૧-૨૦૧૫ના બનાવો :

**(1)** તા. ૧૪-૧-૨૦૧૫ના રોજ ઉત્તરાયણના દિવસે અંભેટા ગામે મુસ્લિમ છોકરા સાથે હિન્દુઓને ઝગડો થતાં તેને માર મારવામાં આવ્યો. અને તેણે પોતાના હાંસોટના મિત્રોને જાણ કરતાં હાંસોટથી મુસ્લિમ યુવાનો વાહનો પર અંભેટા પહોચ્યા. જ્યા હિન્દુ-મુસ્લિમના ટોળાં વચ્ચે મારક હથિયારો સાથે ઝપાઝપી થઈ જેમાં બને પક્ષના કેટલાક લોકો ઘાયલ થયા અને બંને સમુદાયોની માલ મિલ્કતને નુકસાન પહોચાડવામાં આવ્યું. પોલીસે ટોળાને વિખેરી નાખ્યું. અંભેટાથી પરત ફરેલ તોફાનીઓનું ટોળું હાંસોટ સર્કલ પર આવતા ત્યાં તેમને ખારવા કોમના યુવકો સાથે અથડામણ થઈ અને તે સમાચાર નજીક આવેલ રામનગર કે જ્યાં ખારવાઓની વસ્તી છે ત્યાં પહોચતા ખારવાઓનું ટોળું નીકળી આવ્યું અને તેમણે સર્કલ પાસે, પોલીસ ચોકીની નજીકની, મામલતદાર ઓફિસ નજીકના મુસલમાનોના દુકાનો ગલ્લાઓ લૂટયા અને બાળ્યા.

**(2)** મુસ્લિમોનું ટોળું ગામના મુખ્ય રસ્તાને બદલે બીજા રસ્તા પર થઈને રતનેશ્વર મહાદેવ પાસે, હાઈસ્કૂલની પાછળના ભાગમાં ગયું. જ્યાં તેમણે મારક હથિયારોથી કરેલ હુમલામાં પ્રતિક પટેલ તથા સંદીપ પટેલ એમ બે હિન્દુ યુવકોનું તત્કાળ મૃત્યુ થયું. અને પ્રતિકને બચાવવા વચ્ચે પડતાં તેના પિતા શ્રી મગનભાઇ પટેલ અને તેના ભાઈ કિરણ પટેલને ગંભીર ઇજાઓ થઈ. આ ઘટનાનો ભોગ બનેલા બે યુવકોની હત્યા અંગે જીગ્નેશ ભુપેન્દ્ર પટેલે ૧૬ વ્યકિતઓ સામે હત્યા, ફાયરિંગ અને હુમલા સહિતની ફરિયાદ પોલીસ મથકે નોંધાવી હતી.

જિગ્નેશ ભુપેન્દ્રભાઈએ લખાવેલ એફ.આઈ.આર. નંબર **I4/2015** તા-૧૪-૦૧-૨૦૧૫ મુજબ,

"ઉત્તરાયણનો તહેવાર હોવાથી તેઓ ધાબા ઉપર પતંગ ચગાવતા હતા ત્યારે બપોરના આશરે ૨:૦૦ના સમયે હાંસોટ જકાતનાકા સર્કલ પાસે બૂમાબૂમ થતાં તેઓ નીચે આવી ગયા હતા અને આશરે ૨:૩૦ ની આસપાસ ૫૦ જેટલા મુસ્લિમ પુરુષ તથા સ્ત્રીઓનું ટોળું વેરાઈમાતાના મંદિરના ચકલાથી તીલેશ્વર મહાદેવ ત્રણ રસ્તા તરફ હાથમાં તલવાર, ધારિયા, ફરસી, ગુપ્તી જેવા મારક હથિયારો લઈ તેમના કાકાના ફળિયા તરફ "ઇન લોકો કો આજ માર ડાલો" તેવી બૂમો પાડતા ધસી આવેલ."

જિગ્નેશભાઈ તેમના મોટા કાકા મગનભાઈનો દીકરો પ્રતિકભાઈ અને અન્ય લોકો ત્યાં હતા તેમણે ટોળાના જે ૧૬ જેટલા લોકોના નામ એફ.આઈ.આરમાં જણાવેલ છે તેઓએ લોખંડની પાઇપ વડે પ્રતિકને ડાબા હાથ પર તેમજ પીઠ તરફ સપાટા મારવા લાગેલ. તેમને બચાવા મગનભાઇ તેમજ કિરણભાઈ પડ્યા તો તેમને પણ ફટકા મારેલ. આ દરમિયાન સોની ફળિયામાં રહેતા સંદીપભાઈ છનાભાઇ પટેલ ત્યાંથી પસાર થતાં હતા તેને જોઈ ટોળું તેને મારવા ધસી ગયેલ તેથી તે તીલેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં આવેલ ગલી તરફ ભાગતા ટોળું તેની પાછળ દોડેલ. આ વખતે પ્રતિક લોહી-લુહાણ હાલતમાં રતનેશ્વર મહાદેવના મંદિર આગળ પડેલો મગનભાઇ અને કિરણ ત્યાંથી થોડે દૂર પડેલા હતા. આ બનાવથી ગભરાઈને તેઓ તેમજ ફળીયાના લોકો ઘરમાં ધૂસી ગયા હતા. ત્યારબાદ સંદીપને મારીને આ ટોળું મહેશભાઈ પટેલના ડેલામાં પડેલ ટ્રેકટર, સ્વીફ્ટ ડિઝાયર તેમજ બીજા વાહનોને આગ લગાડી દીધેલ. પ્રતિક તેમજ સંદીપ હોસ્પીટલમાં લઈ જતાં મૃત્યુ પામેલ જાહેર કરવામાં આવ્યા તેમજ મગનભાઇ અને કિરણ હોસ્પીટલમાં સારવાર અર્થે રાખવામા આવ્યા હતા.

આ ફરિયાદમાં જાહિદ સમદ કાનુગા, અજજુ  મોહમ્મદ શફી ખોખર, ઈસ્માઈલ પિન્ટુ, ઇબ્રાહિમ ખોખર, આરીફ હુસેંનખાનપઠાણ, હુસેન ઘડિયાળી, મહમુદ ગુલામ રસુલ શેખ, નજીમ ઇબ્રાહિમ ખોખર, સમીર ઇબ્રાહિમ, મોહમ્મદ જાવિદ, કાદિર કાનુગા, મહમદઅલી શૌકતઅલી, સાજિદ સઇદ, મુજફ્ફીર શેખ, નઇમ મજીદ, બદરૂદ્દીન અને જમીલાબેન **W/O** મોહમ્મદ શફી ઉર્ફે પપ્પુ ઇબ્રાહિમ ખોખર તથા બીજા માણસોના ટોળા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

**(3)** પોલીસે નોંધેલ એફ.આઈ.આર. મુજબ એક મુસ્લિમ યુવક, મોહંમદ રફીક મોહંમદ સલિમ શેખ(રહે. નાસિર ફળિયું-હાંસોટ) ટેમ્પો લઈ હાંસોટ આવતા હતા. તે વેળા રીલાયન્સ પેટ્રોલપંપ નજીક વલ્લભ ઠાકોર પટેલ, ભરત નાગજી, સંકેત ભરત, ટીનો પટેલ, ધમા હજામ, મહેશ બાબુ પટેલ, મહાવીર ઇન્દ્રજીત પ્રાંકડ, ધવલ રમેશ પટેલ વિનોદ ઉર્ફે કટિંગ, હરેશ હજામ, ભોયા ધમા પટેલ, તથા અન્ય ઇસમોએ તલવાર લાકડીના સાથે હીચકારો હુમલો કરી મોહંમદ રફીક શેખ સહિતનાઓને જીવલેણ ઇજાઓ પહોંચાડી હતી. જેને બચાવવા વચ્ચે પડેલ અન્ય મુસ્લિમ યુવાનોને પણ ઇજા થઈ હતી. ઇજાગ્રસ્ત થયેલ બે યુવાનોને જીજે-૧૬-વી-૭૨૬૮ નંબરની એમ્બ્યુલન્સમાં લઈ અન્ય સ્થાનિક મુસ્લિમ યુવાનો સારવાર અર્થે સુરત જઈ રહ્યા હતા, તેઓની સાથે પોલીસનું વાહન પણ હતું તેમ છતાં છતાં હાંસોટ ગામથી થોડેક દૂર આવેલ સુણેવખુર્દ ગામ ખાતે આ એમ્બ્યુલન્સને ઘેરી લઈ તેના ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એમ્બ્યુલન્સમાં રહેલ ઇજાગ્રસ્ત યુવાન સાથે અન્ય મુસ્લિમ યુવાનોને પણ એજ થઈ હતી. એમ્બ્યુલન્સના ચાલકે તેમને બચાવીને સુરત સુધી લઈ આવતા અડાજણ પાટિયા સ્થિત જૈનબ હોસ્પીટલમાં સોએબ સહિતના ત્રણથી ચાર જણાને દાખલ કરવામાં આવ્યા, અને ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલ મો.રફીક શેખને વધુ સારવાર અર્થે રિંગરોડ સ્થિત મહાવીર હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તા. **17-01-2105**ના રોજ તેનું મૃત્યુ થયું હતું. આ સમગ્ર બનાવમાં પોલીસે હાંસોટ ખાતે સર્જાયેલ ઘટનામાં ગુ.ર.ન.૭/૧૫થી ઇ.પી.કો કલમ ૧૪૩, ૧૪૭, ૧૦૬, ૧૪૯, ૩૦૭ હેઠળ અને ૬/૧૫થી ઇ.પી.કો. ૩૨૪, ૩૨૫, ૧૪૩, ૧૪૭, ૧૪૮,૧ ૪૯ બી.પી.એક્ટ ૧૩૫ અન્વયે ગુનો નોંધેલ જો કે મોહંમદ રફીક શેખનું સુરત સારવાર દરમ્યાન મોત નિપજતા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**(4)** યુ. પી. અને રાજસ્થાનથી અંભેટા આવીને વસેલા, ગામના પાદરે ચાઈનીશ ખાવાનું અને ભંગારનો વેપાર કરતાં બે ગરીબ શ્રમજીવી મુસ્લિમ પરિવારો ઉપર હિન્દુ ટોળાએ હુમલો કરતાં પોતાનો જીવ બચાવવા આ પરિવારના મહિલા, બાળકો સાથેના ૨૨ વ્યક્તિઓ પાસે આવેલ શેરડીના ખેતરમાં સંતાઈ ગયા હતા.

શેરડીના ખેતરમાં મુસ્લિમોનું પરિવાર સંતાઈ હોવાની જાણ ટોળાને રાત્રે થતાં આ પરિવારની શોધખોળ કરવા છતા એ ના મળતા આખી ઊભી શેરડીના પાકને આગ લગાડી દીધી હતી. આ પરિવાર મોડી રાત્રેના અંધારામાં પાસે આવેલ બીજા શેરડીના ખેતરમાં લપાઈને જતો રહ્યો હતો. આખી રાત્રિ દરમિયાન મહિલા, બાળકોના મોંઢાને દબાવીને રાખવામા આવ્યા હતા જેથી તેમના ચીસ નીકળી ના આવે. આ ૨૨ જેટલા મુસ્લિમોને બીજા દિવસે સુરતના મહેબૂબઅલી અને તેમના સાથીઓ સુરત જહાંગીરપુરા ખાતે લઈ આવ્યા હતા.

**(5)** હાંસોટ અને અંભેટામાં બનેલ કોમી બનાવથી તદ્દન અજાણ સુરત શહેરના સલાબતપુરા અને ગોપીપુરાના હકીમજી પરિવારો હાંસોટની છોટુમિયાં બાવાની દરગાહ ખાતે ગયા હતા. જ્યાંથી સુરત આવવા પરત થતી વેળા તેમની મોટર કાર ઉપર હુમલો થતાં આ પરિવાર પોતાનો જીવ બચાવવા ફરીથી છોટુમિયાં બાવાની દરગાહમાં પહોંચી ગયા. જ્યાં દરગાહની બહાર ટોળાં ઊભા હોવાથી અને મોડે સુધી તેમની મદદે પોલીસ ના પહોંચતા ત્યાં ફસાયેલા સલિમ હકીમજીએ સુરતના કોર્પોરેટર અરસદ કલ્યાણીને ફોન કર્યો. તેઓએ સૂરતના ચોસઠ જોગણી માતા મંદિરના ટ્રસ્ટી રાજેન્દ્રભાઈની મદદ લીધી અને બંનેએ સ્થળ પર પહોચી પોતાની કારમાં ૧૬ વ્યક્તિઓને સલામત સ્થળે ખસેડયા.(ગુ.મિ. તા. ૧૬-૧-૨૦૧૫)

મૃતક સંદીપ પટેલના ઘરે બેઠેલા લોકો સાથેની વાતચીત

સ્વ. સંદીપ પટેલની માતાએ રડતાં રડતાં જણાવ્યુ હતું કે ખૂબ મહેનત કરીને દીકરો મોટો કર્યો હતો...

પાડોશમાં રહેતા ઇલાબહેન દિપક ભાઈ ઠાકોરભાઈએ જણાવ્યુ કે, "અમારી ય દુકાન સળગાવી દીધી. ૧ લાખનું નુકસાન છે ... અમે વડોદરામાં ઉતરાયણ કરવા ગયા હતા."

તેઓ એ ફરિયાદ કરી છે તેમ પૂછતા તેમણે જણાવ્યુ કે "હજુ અમે ફરિયાદ કરી નથી કારણ કે કોણે આ કૃત્ય કર્યું તે ખબર નથી."

ટીમે તેમણે સલાહ આપી કે અજાણ્યા ટોળાં સામે પણ ફરિયાદ કરાઇ શકાય કારણકે ફરિયાદ નહીં કરી હોય તો ગુનાની તપાસ નહીં થાય સરકાર દ્વારા નુકસાનીનું વળતર પણ મળશે નહીં.

હાજર રહેલ બહેનોએ જણાવ્યુ કે, "અહી અમારા આટલા જ ઘર છે. પાછળ આખી પાકિસ્તાનની સરહદ છે... અમે નથી કરતાં કારણકે એ લોકો કોઈ ઉંધા કેસમાં નામ લખવી દે તેવો ડર છે. આ ગામમાં પહેલી વાર આવું તોફાન થયું. ૨૫ વર્ષ પહેલા થયું તું તે ઘડીએ રામશીલા વખતે. પણ આટલું બધુ નહીં. હવે બંદોબસ્ત છે એટલે શાંતિ છે. આખી રાત જાગીએ છીએ. પહેલા સાથે સાથ રહેતા હતા. એક બીજાની બનાવેલી રસોઈ એક બીજાના ઘરમાં જાય એવો સંબંધ હતો પણ હવે વિશ્વાસ નથી રહ્યો..."

બાજુના જ ઘરમાં રહેતા સ્વ. સંદીપના મોટોભાઈ વિનોદ ભાઈએ જણાવ્યુ કે, "જ્યારે આ બન્યું ત્યારે મમ્મી કોટેશ્વર ગયા હતા. બપોરના જેવી લડાઈ થઈ તેવું બધુ ટોળું ઉપર આવ્યું. ટોળું આવ્યું એટલે બધાએ દરવાજા બંધ કરી દીધા. આ બાજુ કાઇ થયું નથી. પણ આ છોકરો (સંદીપ) કાકાબા હોસ્પિટલમાં ડ્રાઈવર હતો. તે ઘરે આવતો હતો ને રસ્તામાં બનાવ બન્યો. મુસ્લિમ વસ્તી નીચે છે અને હિન્દુ વસ્તી ઉપર છે..."

"... અંભેટા તરફથી ૧૦૦૦ થી ૧૫૦૦નું ટોળું આવ્યુ. આટલા વર્ષોના સંબંધ ભુલાઈ ગયા. ૧ વાગે ટોળું આવ્યુ. બે અઢી કલાક બહુ તોફાન ચાલ્યું.... "

પોલીસની ભૂમિકા અંગે પૂછાતા તેમણે કહ્યું કે, "બંદોબસ્ત હતો જ નહીં. બે ચાર દિવસ પહેલા જ બંદોબસ્ત ઉઠાવ્યો, વાઈબ્રન્ટ ગુજરાતમાં પોલીસ ગઈ હતી... માહોલ તંગ જ હતો તેમ છતાં બંદોબસ્ત ઉઠાવી લીધો... તલવાર ધારિયા બધુ લઈને આવ્યા હતા... તૈયારી સાથે આવ્યા હતા... પોલીસનો કોઈ સહકાર નથી. પોલીસ બંદોબસ્ત હોત તો આવું ન બનત. ફોન કર્યા પછી ૪ કલાકે પોલીસ આવી... અમારે ચુડાસમા સાહેબને બોલાવવા પડ્યા...સુતરીયા સાહેબને બોલાવવા પડ્યા... અહીથી ધારાસભ્યોએ રજૂઆત કરી... રાજકારણના મોટા મોટા નેતાઓને જ હિન્દુઓની પડેલી નથી. ધારાસભ્ય એ આ ગામમાં પગ નથી મૂક્યો... સંદીપ અને પ્રતિકની અંતિમક્રિયા સમયે આવ્યા તો અમે આવવા ના દીધા..."

શાંતિ સમિતિ અંગે પૂછતા તેમણે જણાવ્યુ કે, "શાંતિ સમિતિમાં એમના માણસો જ છે. દુ઼ખ એ છે કે હિન્દુઓ બધા બહારના છે...આપણાં માણસ ગયા હવે શાંતિ જેવુ શું કરવાનું?... તમે આટલું બધુ કાવતરું કરો... છકડાની અંદર સળગતો નાખી દીધો... તેઓ સિમ્મીના કાર્યકરો છે... પપ્પુને સરપંચ ભાજપે જ બનાવ્યો.... મોટા નેતાઓ, હિન્દુઓ તેમના દબાયેલા છે. ..."

વળતર અંગે પૂછાતા તેમણે જણાવ્યુ કે, "કોંગ્રેસે લાખ રૂપીયા આપ્યા.... ભાજપે પૈસા આપ્યા. સરકારે હજુ કશું કર્યું નથી...સંદીપને ભગતસિંહ કહેતા હતા. ભા.જ.પ ના કાર્યકર હતા. શાખામાં જાય પણ કોઈ હોદ્દો નહીં... ફરી પાછા (બંને સમુદાયો) ભેગા થાય તે શક્ય નથી..."

## 3. કતપોર (વસ્તી લગભગ ૨૨૦૦ )

હાંસોટથી ૧૩ કિલોમીટર દૂર આવેલા કતપોર ગામમાં મુસ્લિમ સમુદાયના ફક્ત ૨ પરિવારો રહે છે અને ગામમાં અન્ય ૬0% કોળી સમાજના લોકો તેમજ બાકીના આદિવાસીઓ રહે છે.

મોહમ્મદ હનીફ ગુલામનબી દાનાવાલા અને તેમના ભાઈના પરિવારના કુલ ૧૦ સભ્યો, કતપોર ગામમાં પેઢીઓથી રહેતા હતા. ગામમાં તેમને બ્રિટિશ સરકારના સમયે ૧૮૯૭માં ઈનામમાં આપવામાં આવેલી કુલ ૯૫ એકર જમીન છે. આ ગામના હિન્દુ ધર્મના લોકો સાથે તેમને સારા સંબંધો હતાં અને બધા હળી મળીને રહેતા હતાં.

૨૦૦૨માં જ્યારે ગુજરાતનાં અનેક ગામોમાં કોમી હિંસા થઈ ત્યારે આ ગામમાં કોઈ બનાવ બન્યો ન હતો પણ તે પહેલા ૧૯૯૨માં તોફાનો થયા હતા. તે સમયે કતપોરમાં ૧૨ જેટલા મુસ્લિમ પરિવારો રહેતા હતા પરંતુ તેઓ ધીરે ધીરે પોતાના મકાનો અને જમીન સસ્તાં ભાવે વેચીને ગામ છોડીને અન્ય જગ્યાઓએ ચાલ્યા ગયા છે. ગામમાં મસ્જિદ છે પણ તેની ઉપર અન્ય કોળી સમાજના વ્યક્તિએ કબ્જો કરી લીધો છે અને ત્યાં ઢોરો બાંધે છે. તેથી હનીફ ભાઈના ઘરના લોકો તેમના ઘરમાં જ નમાજ પઢતા હતા.

અંભેટાના યુવાન ધ્વારા મુસ્લિમ ધર્મની વિરુદ્ધમાં લાગણી દુભાય તેવો મેસેજ કરવામાં આવ્યો હતો જેની સામે ભરૂચમાં તા. ૧૧-૧૨-૨૦૧૪ના રોજ મુસ્લિમ આગેવાનો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં મોહમ્મદ હનીફ ભાઇનો ભત્રીજો પણ ગયો હતો જ્યારે ગામના હિન્દુ યુવાનોએ આ અંગે ખબર પડી ત્યારે તેમણે ગામના અન્ય લોકોને ભેગા કર્યા અને આ બાબતે મિટિંગો કરી અને ત્યારબાદ ગામમાં તેઓનો આર્થિક બહિષ્કાર કરવામાં આવ્યો હતો.

તા. ૧૪-૧૨-૨૦૧૪ના રોજ સાંજે ટોળાએ હનીફ ભાઈના ઘર ઉપર પત્થર મારો કર્યો. તેઓ ટોળું બનીને હાથમાં હથિયારો લઈને આવેલા જેથી હનીફભાઈ તેમના અને ભાઈના ઘરના ૧૦ લોકોને લઈને બાજુમાં ખેતરોમાં આવેલી કાંટાની વાડોમાં સંતાઈ ગયા હતા. ૧ ૧/૨ કલાક કાંટાંમાં રહ્યા ત્યારબાદ હનીફ ભાઈના ઓળખીતા, ગામના હિન્દુ લોકો તેમની પાસે આવ્યા હતા અને હવે કઈ નહીં થાય તેવું જણાવ્યુ હતું. તેઓ રાત્રે ૨ વાગ્યા સુધી હનીફ ભાઈના ઘરે તેમની પાસે વાતો કરતાં બેઠા હતા. આ વાતોમાં તેમણે કહ્યું કે, "તમે આ ગામમાં વર્ષોથી રહો છો અને અમે તમારી સાથે કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યો નથી. તો તમે કેમ ભરૂચ મુસલમાનોની રેલીમાં ગયા હતા? જો તમારે આ ગામમાં રહેવું હોય અને જીવવું હોય તો હિન્દુ બની જાવ તમને આજ રાતનો સમય આપીએ છીએ. વિચારી રાખો." આમ કહી તેઓ જતાં

રહ્યા હતા. ત્યાર બાદ હનીફભાઈએ રાત્રે થોડો સમાન ભેગો કર્યો અને તેમના મિત્રની મારુતિ વાનમાં પોતાના પરિવારના ૧૦ સભ્યોને લઈને વહેલી સવારે અંધારામાં ગામ છોડીને નીકળી ગયા હતા. તેમના ઘર પાસે પોલીસ બેસાડવામાં આવેલી છે પરંતુ ગામમાં જે પ્રકારનું વાતાવરણ છે તે જોતાં તેઓને સલામતી લગતી નથી અને તેઓ તેથી જ પોતાના ગામ હજુ સુધી પણ પરત ફરી શકતા નથી. આમ તા. ૧૫-૦૧-૨૦૧૫થી તેઓ ભરૂચમાં એક સગાના આશરે રહે છે.

૨૦૦૨માં જ્યારે તેમને બહારના લોકો દ્વારા ધમકી મળી ત્યારે ગામના હિન્દુઓએ તેમને સાથ આપ્યો હતો અને તેથી તેઓ ગામમાં જ રહ્યા હતાં. પણ આ વખતે જે હિન્દુઓએ તેમને સાથ આપવાનું કહ્યું તેમને પણ બહિષ્કારની ધમકી આપવામાં આવી. એક હિન્દુ પડોશીને ભેંસ સાચવવા આપી તેની તોફાનીઓને/કોમવાદીઓને ખબર પડી તો તે હિન્દુ પડોશીને પણ ધમકી આપી તેથી તેઓ પણ ભેંસ સાચવી ન શક્યા. આમ પેઢીઓના સંબંધ હોવા છતાં કોઈ તેમની મદદે પણ ન આવી શક્યું.

આ બાબતે તેમણે તા. ૧૫-૦૧-૨૦૧૫ના રોજ હાંસોટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી હતી અને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી તેમજ તેઓના જામીન પણ થઈ ગયા છે પરંતુ પોલીસ દ્વારા ફરિયાદીના અન્ય કોઈ જવાબ કે નુકસાનીના પંચનામાં કરવામાં આવ્યા નથી.

તેમની એફઆઇઆર **(FIR NO-37/2014)**મા સ્પષ્ટ જણાવેલ છે કે,

> " ...ગઈ કાલ રાત્રીના અમો જમી પરવારી ઘરે બેઠા હતા આ વખતે આશરે દસેક વાગ્યે અમારા ગામના રસિકભાઈ પટેલ તથા હિતેશભાઇ ઉર્ફે રસો પટેલ તથા સંકેતભાઈ ખુમાનભાઈ પટેલ તથા પિંકેશ ઉર્ફે લુલી પટેલ તથા બીજા આશરે સો એક માણસોનું ટોળું હથિયાર, લાકડી,ધારિયા જેવા હથિયારો લઈ 'મિયાં બહાર નીકળો', 'મારો' જેવી બૂમો પાડતાં આવેલા અને જણાવેલ કે આ ગામમાં રહેવું હોય તો હિન્દુ ધર્મ અપનાવો નહિતો ગામ છોડી દો તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા હોઇ...ટોળાના માણસોએ અમારા મકાન ઉપર પથ્થર મારો કરી ઘરમાં અમોને મારવા આવતા અમો પાછળના દરવાજે થઈ ખેતરોમાં ચાલ્યા ગયેલા..."

ડી.એસ.પી. શ્રી આહિરેને આ અંગે પૂછતા તેમણે આ માત્ર અંગત અદાવતનો મામલો છે એવો અભિપ્રાય દર્શાવ્યો અને એફઆઇઆરમાં પણ ધર્મ પરીવર્તનની વાત નોંધાયેલ છે તે અંગે પોતે અજાણ હોવાનું જણાવ્યુ હતું.

### 4. સાજોદ (વસ્તી ૩૮૦૦ થી ૪૦૦૦)

સાજોદ અંકલેશ્વર તાલુકાનું ગામ છે. આ ગામ અંકલેશ્વરથી હાંસોટ જવાના રસ્તા પર ૮ કિમીના અંતરે આવેલ છે અને સાજોદથી હાંસોટ માત્ર **10** કી.મી. દૂર છે.

તા. ૨૧-૧૨-૨૦૧૪ના રોજ સાજોદ ગામે ધર્મ જાગરણ મંચના ઉપક્રમે વિરાટ હિંદુ ધર્મ-સંમેલન યોજવામાં આવ્યું. એ બિનરાજકીય હોવાનો દાવો કરવામાં આવ્યો છે પરંતુ ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ તેમાં આગળ પડતો ભાગ લીધો હતો. ભીડને ભડકાવવામાં આવી હોવાનો આક્ષેપ પણ અસરગ્રસ્તોએ કર્યો છે.

તા.૨૨-૧૨૨૦૧૪ના ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ-સુરત, (પાન ૬) પર "અંકલેશ્વરના સાજોદ ગામે હિન્દુ સંગઠન માટે આયોજિત ધર્મ-સંમેલનમા જન મેદની ઉમટી" ; "હિન્દુ સમાજ સંગઠિત થવાની આહલેક" મથાળા હેઠળના સમાચારમાં નીચે મુજબની વિગતો છપાયેલ છે.

> "... અંકલેશ્વર તાલુકાનાં સાજોદ ગામે ધર્મ જાગરણ મંચના ઉપક્રમે યોજાયેલા વિરાટ હિંદુ ધર્મ સંમેલનમાં ખૂબ જ મોટી જંગી જનમેદની ઉમટી પડી હતી. તાજેતરમાં જ સાજોદ તેમજ હાંસોટ વચ્ચે ઉદ્દભવેલી કોમી તંગદિલી વચ્ચે યોજાયેલા આ ધર્મ સંમેલનને સાધુસંતો દ્વારા સંબોધવામાં આવી હતી. જેમાં મંચ ઉપરથી હિંદુ સમાજને સંગઠિત

કરવા તેમજ વિધર્મીઓ દ્વારા ઊભા કરાયેલા પડકાર સામે મક્કમ પણે લડત આપવાની આહલેક પોકારવામાં આવી હતી. ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલા આ ધર્મ સંમેલનમાં ડભોઇ આશ્રમના સ્વામી કૃષ્ણપુરાણી સ્વામી, રામકુંડ મંદિરના મહંત પૂ.ગંગાદાસ બાપુ, પુનગામ સ્થિત લાંબા હનુમાન મંદિરના મહંત પૂ, મંગલદાસ બાપુ, ભરૂચ દાંડિયાબજાર સ્થિત સ્વામી નારાયણ મંદિરના કોઠારી પૂ. સરજુ મહારાજ તેમજ ગુજરાત પ્રદેશ ધર્મજાગરણ મંચના સહસંયોજક મહિપાલ ઠાકોર, સાજોદના અગ્રણી તેમજ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ ભરત નાગજીભાઇ પટેલ સહિતના મહાનુભાવોએ સંબોધન કર્યું હતું. આમ તો આ ધર્મ સંમેલન બિનરાજકિય હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

જોકે અંકલેશ્વર તેમજ હાંસોટ તાલુકાનાં ભાજપી પદાધિકારીઓની હાજરી મોટે ભાગે જોવા મળી હતી. ડભોઇ સ્વામિનારાયણ આશ્રમના મહંત પૂ.કૃષ્ણપુરાણી સ્વામીએ જણાવ્યુ હતું કે, 'હિંદુ ધર્મ સુષુપ્ત અવસ્થામાં પડેલો જોવા મળી રહ્યો છે; ત્યારે હિંદુ સમાજે જાગૃત અને સજાગ બનવાની જરૂરિયાત છે. વિધર્મીઓ એ વાત જાણી લે કે હિંદુ સિંહ જાગશે તો તેમનો કોળિયો કરી નાખશે. સાજોદ ગામે આજે આ સંમેલન થકી હિંદુ સમાજની એકતા માટે હિંદુ ધર્મ સહિષ્ણુતાનો ધર્મ શીખવાડે છે, પરંતુ જો કોઈ અસામાજિક તત્વો તેની સહિષ્ણુતાને કાયરતા સમજ્યો તો તેવા તત્વોને જડબાતોડ જવાબ આપવા હિંદુ સમાજે સંગઠિત થવું પડશે."

મંચ પરના ભાષણો અને મંચ નીચે થયેલ ઉશ્કેરણીજનક વાતોના પ્રત્યાઘાત રૂપે રેલીમાથી પરત ફરતા લોકોએ હાંસોટ નાકા પાસેથી લઘુમતી સમુદાય વિરુદ્ધ બુમરાણ અને બીભત્સ વાક્યો ઉચ્ચાર્યા હોવાની માહિતી હાંસોટના લઘુમતી સમુદાયના અસરગ્રસ્તોએ તપાસ ટીમને આપી.

આજ ગામમાં તા. ૨૨-૦૧-૨૦૧૫ના રોજ સનાતન ધર્મ પરિવારના ગાદીપતિ, સંત શ્રી સોમદાસ બાપુની ૬૫મી જન્મ જયંતિ નિમિત્તે સનાતન-ધર્મ સંમેલન યોજવાની પરવાનગી તંત્રએ આપી હતી. જેમાં વિશ્વ હિન્દુ પરિષદના વિવાદાસ્પદ અને ઉશ્કેરણીજનક વિધાનો કરવા માટે જાણીતા નેતા અને તેના આંતરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ, શ્રી પ્રવીણ તોગડિયાને અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું. હાંસોટમાં હજુ સુધી બજારો, શાળાઓ, કોર્ટ અને વાહનવ્યવહાર રાબેતા મુજબ શરૂ થયો ન હતો. અનેક ગામમાથી લઘુમતી પરિવારો હિજરત કરી ગયા હતા અને હજુ ઘણા ગુનેગારોને પકડવાના બાકી હતાં. સંવેદનશીલ અને તંગ વાતાવરણ હોવા છતાં આ સંમેલન યોજવાની પરવાનગી તંત્ર એ આપી હતી. સાજોદના સરપંચ નવનીતભાઈ આહીર, હરિપુરના માજી સરપંચ શ્રી મગનભાઇ વસાવાના ફોટા સાથે શ્રી પ્રવીણ તોગડિયાનું સ્વાગત કરતાં બેનર મંડપના ગેટ પર લગાડ્યા હતાં. શ્રી સોમનાથ બાપુ અને શ્રી પ્રવીણ તોગડિયાની પૂરા કદની તસ્વીરો સાથે  વિશાળ હોર્ડીંગ મેદાનમાં મુખ્ય માર્ગ પાસે લગાવેલું હતું.

પરંપરાગત રીતે દર વર્ષે યોજાતા શ્રી સોમદાસ બાપુના આ સંમેલનમા અગાઉ કેટલાક મુસ્લિમો પણ સેવા આપવા જતાં હતા અને તે આ વિસ્તારની, ધર્મથી ઉપર ઊઠીને ઉજવાતી સાંપ્રદાયિક સહભાગવાળી પરંપરાઓના એક ઉદાહરણ રૂપ હતું. પરંતુ આ વખતે શ્રી પ્રવીણ તોગડિયાને આમંત્રણ આપવાને કારણે તેના પર હિન્દુ ધાર્મિક સભાનો થપ્પો લાગ્યો અને મુસલમાન સમર્થકોએ ભયના માર્યા સંમેલનમા જવાનું ટાળ્યું હતું.

આવા સંવેદનશીલ વાતાવરણમાં સંમેલન યોજવામાં આવ્યું અને તેમાં પ્રવીણ તોગડિયા જેવા ઉશ્કેરણીજનક વિધાનો કરવા માટે જાણીતા નેતાને બોલાવવાની પરવાનગી આપવી કેટલી યોગ્ય હતી તે અંગે પોલીસ તંત્રને પૂછતા પી.આઈ. શ્રી સુતરીયાએ જણાવ્યુ હતું કે સાજોદ ગામ હાંસોટ તાલુકામાં નહિ અંકલેશ્વર તાલુકામાં આવે છે અને 'અમે તોગડિયા સાહેબને રિકવેસ્ટ કરી કે તેઓ હાંસોટમાં ના આવે, તે તેમણે સ્વીકારી એટલે અમારે વાંધો લેવાની કોઈ જરૂર ન રહી.' ડી.એસ.પી. શ્રી બિપિન આહીરે જણાવ્યુ કે, તા. ૨૧-૧૨-૨૦૧૪ અને તા. ૨૨-૦૧-૧૫ એમ બંને ધાર્મિક સંમેલનોમાં 'અમે પૂરતો બંદોબસ્ત રાખ્યો હતો અને તેનું રેકોર્ડિંગ પણ કરાવેલ જેથી કોઈ ગુનો બને તેવું લાગે તો તેની સામે કેસ થઈ શકે. આ બંને સભાઓમાં કોઈ વાંધાજનક ભાષણો થયા નથી.'

તપાસ સમિતિએ ડી.એસ.પી. શ્રી બિપિન આહીરેને પૂછ્યું કે, 'આ સંમેલનમા અગાઉ મુસ્લિમો પણ સેવા આપવા જતાં હતા અને તે આ વિસ્તારની સાંપ્રદાયિક સહભાગ વાળી પરંપરાઓના એક ઉદાહરણરૂપ હતું તેનો ઉપયોગ વિશ્વાસનું વાતાવરણ ઊભું કરી ફરી એકવાર વિસ્તારમાં એકતા અને શાંતિ સ્થાપવા માટે થઈ શકયો હોત પરંતુ પ્રવીણ તોગડિયા જેવા નેતાને આવવા દઇ તે તક તંત્રએ ગુમાવી છે તેવું આપને નથી લાગતું ?' તેના જવાબમાં ડી.એસ.પી. શ્રી બિપિન આહીરે જણાવ્યુ કે 'એમ થઈ શક્યું હોત પણ જો કોઈ વ્યક્તિ ગુનેગાર ન હોય તો તેને રોકવાનું મારા હાથમાં નથી.'

**5.** ઇલાવ **(**વસ્તી ૩૨૦૦ થી ૪૦૦૦ **)**

ઇલાવ ગામ હાંસોટથી ૧૪ કી.મી.ના અંતરે આવેલ છે. આ ગામમાં મુસલમાનના ૮ ઘર છે.

અસરગ્રસ્તોના કહેવા મુજબ, તા.૨૪-૧૨-૨૦૧૪ના રોજ ઇલાવના સરપંચ જયેશ પટેલે ગામના બજારમાં આવેલ મુસલમાનોની દુકાને જઈ તેમને ગામ છોડી દેવા ધમકી આપી, મુસલમાનોની પાંચ દુકાનો બંધ કરાવી દીધી. દુકાનમા તોડફોડ કરી હતી. ડરના માર્યા તમામ મુસલમાન પરિવારોના સ્ત્રી બાળકો ગામ છોડીને ચાલ્યા ગયાં માત્ર એક બે પુરુષો મિલકત સાચવવા રહ્યા. ત્યાર બાદ ટોળાએ રાતે જાવેદભાઈ કુરેશીનું પોલ્ટ્રી ફાર્મ અને દુકાન લૂટી લીધા. ૩૦૦૦ મરઘી લુંટી ગયા. શાકભાજીની દુકાન લૂટી, ગાદલાંવાળાની દુકાન લુંટી સળગાવી.

જાવેદભાઈના કહેવા મુજબ પરિવારને મોકલી દીધા પછી તેઓ એકલા પાછળ રોકાયા હતા. મરઘાં ફાર્મ પાસે જ્યારે લોકોને ભેગા થતાં જોયા ત્યારે તેમણે ૨૦ મિનિટ પહેલા ધોબી સાહેબને ફોન કર્યો તો પોલીસે કહ્યું અમે બંદોબસ્તમાં છે. કંટ્રોલ રૂમમાં પણ જાણ કરી. લૂટવાનું ચાલુ કર્યું ત્યારે ફરીથી ફોન કર્યા પણ પોલીસ સમયસર આવી નહીં. જ્યારે આવી ત્યારે સરપંચ અને બીજા છોકરાઓએ પત્થર મારી ગાળો બોલી ગામની બહારથી જ કાઢી મૂક્યા હતાં.

બનાવના ૬ દિવસ બાદ તા. ૩૧-૧૨-૨૦૧૫ના રોજ ઇલાવના મુસ્લિમ પરિવારો સાથે ગામના આગેવાનોએ હાંસોટ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. શ્રી એસ. ડી. ધોબીની હાજરીમાં 'આવું ફરી નહિ બને' એમ મૌખિક ખાત્રિ આપી સમાધાન કર્યું અને બનાવની પોલીસ ફરિયાદ ન કરે તે શરતે ગામમાં પરત રહેવા બોલાવ્યા. ત્યારબાદ મુસ્લિમ પરિવારો ગામમાં પરત રહેવા માટે આવ્યા હતા.

અસરગ્રસ્તોના જણાવ્યા મુજબ, તા. ૧૪-૦૧-૨૦૧૫ના રોજ ફરી વાર હાંસોટમાં તોફાન થયાના સમચાર આવતા ઇલાવ ગામમાં તંગદિલી વ્યાપી ગઈ અને સરપંચ તેમજ તેમના મળતીયાઓએ મિટિંગ બોલાવી તમામ મુસ્લિમ પરિવારોના ઘર-મકાનો, દુકાન લૂંટી આગ લગાડી જાનથી મારી નાંખવાનું કાવતરું કર્યું હોવાની માહિતી મળતા તમામ પરિવારો ગભરાઈ ગયા હતા. બપોરે જાવેદ અહમદ કુરેશીની દુકાને જઈ તેમણે તથા બીજા દુકાનદારોને ધમકી આપી હતી કે, ગામ છોડીને ભાગી જાવો નહિં તો તમો બધાને જીવતા ભુંજી નાંખીશું. આથી તમામ પરિવારોએ પોતાના સ્ત્રીઓ-બાળકો સહિત મોટાભાગના લોકોને જે કોઈ વાહન મળ્યું તેમાં જીવ બચાવવા પહેરેલ કપડે ગામ છોડી બહારગામ ભાગી છૂટયા હતા. માત્ર કેટલાક પુરુષો જ પાછળ રહ્યા હતાં.

પરિવારનોના ઘરમાં સોના ચાંદીના ઘરેણા, ટી.વી., બકરા, મરઘા સહિતના ઘરવખરીનો સામાન સહિતની સાધન સામગ્રીની ખુલ્લેઆમ લૂંટફાટ ચલાવી હતી.

અસરગ્રસ્તોના જણાવ્યા મુજબ તેઓએ પોલીસને ફોન કર્યો તો સરપંચે પોતે ગામના પાદરે ઉભા રહી, પોલીસને ગામમાં પ્રવેશવા દીધી ન હતી, અને ગામમાં બધુ સલામત છે, તેવું જણાવી પોલીસને બારોબાર રવાના કરી દેતા હતાં. અને પોલીસે પણ આંખ આડા કાન કરતા સરપંચ અને તેના સાગરીતોએ મુસ્લિમોના મકાનો-દુકાનો લૂંટી આગ લગાડ્યા બાદ ઇલાવ ગામની મસ્જીદ અને મદ્રસામાં પણ તોડફોડ કરી આગચાંપી કુરાન શરિફને બાળી નાંખ્યાં. **(૧)** જાવિદ અહેમદ કુરેશી જેઓના મરઘાં ફાર્મ, દુકાન, મકાન બળીને કુલ ખૂબ જ મોટું નુકશાન કરાયું હતું. **(૨)** ઈસ્માઈલ અહમદ

કુરેશી, જેઓની શાકભાજીની દુકાન લૂટીને મકાન લૂટીને આગચંપી કરી હતી. **(૩)** નુરૂ અબ્દુલ કુરેશી, જેઓના ઘર લૂટી તોડી પડ્યું હતું. **(૪)** યુસુફ અબ્દુલ કુરેશી ઝૂપડું તોડી પડ્યું હતું. **(૫)** મસ્જીદ શહીદ કરી અને આગ ચંપી કરાઇ હતી. **(૬)** અહમદભાઈ કંસારા, વાસણોની દુકાન લૂટી લેવાઈ હતી. **(૭)** ગુલામભાઈ મુલતાની ગાદલાંની દુકાન લુટીને આગચંપી કરાઇ હતી. ઉપરાંત તમામના ઘરોમાં લૂંટ ચલાવી આગ લગાડી હતી. આશરે ૪૦ લાખનું નુકશાન પહોંચાડયું હતું .

ઇલાવથી હિજરત કરીને આ પરિવારોએ સુરત તેમજ અન્ય શહેરોમાં આશરો લીધો છે.

અસરગ્રસ્તોના કહેવા મુજબ જ્યારથી બનાવ બનવાની શરૂઆત થઈ ત્યારથી તેઓએ વારંવાર પોલીસને ફોન કર્યા છે જેમાં ભરૂચ કંટ્રોલ ઉપરાંત હાંસોટના પી.એસ.ઑ. સાથે વાત કરી તેઓને પણ જણાવ્યુ હતું. ડી.વાય.એસ.પી. શ્રી જોયસરના મોબાઇલ પર પણ પોતાના મોબાઇલથી વાત કરી પરિસ્થિત જણાવી હતી પરંતુ તેમ છતાં તમને કોઈ પોલીસ મદદ મળી ન હતી. અને જો આ તમામના કોલ ડિટેલ જોવામાં આવે તો આ વાતની સાબિતી મળશે તેમ જાવેદ અહમદ કુરેશીએ પોતે ડી.એસ.પી.ને કરેલ ફરિયાદમાં પણ જણાવેલ છે.

'હિજરત કરી ગયેલ મુસ્લિમ પરિવારો હાંસોટ પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી શકયા ન હોઈ તા. ૧૬-૧-૨૦૧૫ના રોજ જાવેદ અહમદ કુરેશીએ હાંસોટ પોલીસ સ્ટેશન પર જઈ એફ.આઈ.આર. નોંધાવેલ પરંતુ એફ.આઈ.આર. તેમણે જણાવ્યા મુજબની માહિતી ન લખતા જાણી જોઈને બનાવના સમય બાબત તેમજ આરોપીઓના નામ બાબત ખોટી વિગતો લખી હતી તેથી એફ.આઈ.આર.ની કોપી મળતા તેઓએ તા. ૧૯-૦૧-૨૦૧૫ના રોજ જિલ્લા પોલીસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરેલ.

એફ.આઈ.આર. થયા બાદ પણ પોલીસે આ બનાવનું પંચનામું ન કરતાં ઇલાવના ઈસ્માઈલ ભાઈ કુરેશીના ઇંગ્લેન્ડમાં રહેતા ભત્રીજાના ઈમરાન કુરેશીએ, વડોદરા રેન્જના આઈ.જી. શ્રી અનુપ ગેહલોટ સાથે ફોન પર વાત કરી પોતાને ઇંગ્લેન્ડથી ફરિયાદ કરવી પડશે તેવું જણાવતા ૧૮ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ ઇલાવ જઇ હાંસોટ પોલીસે મુસ્લિમ પરિવારોને થયેલ નુકસાનનું પંચનામું કર્યું. જો કે તે વખતે પણ જાવેદ કુરેશીએ નુકસાનની વિગતો, આગ ચાંપવા માટે વપરાયેલ જલદ પદાર્થો, બારીબારણાં તોડવા વપરાયેલ હથિયારો વગેરે અંગે નોંધ કરવાનું કહેતા પી.આઈ. શ્રી એન. ડી. ચૌધરીએ બરોબર નોંધ ન કરતાં કોઈ પણ પંચોને બોલાવ્યા વગર જ કાર્યવાહી પતાવી દીધી જેનો વિરોધ કરતો પત્ર તેઓએ જિલ્લા પોલીસ અધિકારીને તા. ૨૨-૧-૨૦૧૫ના રોજ લખ્યો છે.

તેઓએ એમ પણ જણાવ્યુ છે કે પોલીસો આ ગુનાની તપાસ કરવાને બદલે તા. ૨૦-૦૧-૨૦૧૫ના રોજ રૂબરૂમાં અને ત્યારબાદ તા. ૨૧-૧-૨૦૧૫ના રોજ ફોન પર એમ વારંવાર પુંછી રહયા છે કે, 'ઇલાવ તેમજ સાહોલના મુસ્લિમો તબલીગી છે કે સુન્ની?' આ સવાલનો તેઓએ સ્પષ્ટ જવાબ આપ્યો હતો કે તબલીગી કે સુન્નીનો સવાલ જ નથી બધા સાથે જ મસ્જીદમાં નમાજ પઢીએ છે. તેમ છતાં વારંવાર આમ પૂછાતા અસરગ્રસ્તોને શંકા જાય છે કે પોલીસ તપાસને ગેરમાર્ગે લઈ જઈ રહી છે.

તપાસ ટીમે ઇલાવના લોકોને પૂછતા કે તેઓ તા. ૧૧-૧૨-૨૦૧૪ના રોજ ભરૂચ ખાતે વોટ્સએપ પર મોકલાયેલ બીભત્સ સંદેશા સામે યોજાયેલી રેલીમાં ગયા હતાં કે કેમ ? ઇલાવના અસરગ્રસ્તોએ સ્પષ્ટ જણાવ્યુ હતું કે તેમના ગામમાથી આ રેલીમાં કોઈ ગયા ન હતા. આમ પણ તેઓનું ગામ સુરતથી નજીક હોવાને કારણે તેઓનો મોટાભાગનો વ્યવહાર સુરત

ઇલાવ ગામની સુરત ખાતે હિજરત કરી ગયેલી અસરગ્રસ્ત મહિલાઓએ તપાસ ટીમ સાથે અંકલેશ્વર ખાતે તા. **23-01-2015**ના રોજ કરેલી વાતચીતના મહત્વના અંશ :

**ફાતેમાં ઈસ્માઈલ કુરેશી :** 33 વર્ષના ફાતેમાં બહેનને 3 બાળકો છે તેઓ સુરતથી શાકભાજી લાવીને ઇલાવ ગામમાં ધંધો કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા.

"14મીના રોજ ટોળાં તલવાર લઈને આવવા લાગ્યા અમને ધાક ધમકી આપી ... સાંજે 5-6વાગે અમે લોકો હિજરત કરવા લાગ્યા અમે 18 કિમી ઓલપાડ તરફ ભાગ્યા.. અમારે હાંસોટવાળા સાથે કોઈ લેવા દેવા નહી. અમારે કઈ લેવું હોય તો સુરત નજીક પડે સુરત લેવા જઈએ. અમારા મકાનો, મસ્જીદ સળગાવવા લાગ્યા. પોલીસને ફોન કર્યો છતાં આવી નહીં આજે 10 દિવસ થઈ ગયા હજુ સુધી કઈ કર્યું નથી. ઘરમાં દાળ, ચોખા, ગેસનો બોટલ, પલંગ, કબાટ બધુ લૂટી ગયા. અમે દેરાણી જેઠાણી સાથે 7 જણા સાથે રહીએ છે. મારી જેઠાણીના ઘરમાથી પણ બે બોટલો લઈ ગયા...આ બધુ સરપંચે કરાવ્યુ તેનું નામ જયેશ દુર્લભ પટેલ. આ બધાને ધારાસભ્ય બચાવે છે અમારી કોઈ ફરિયાદ સાંભળતું નથી. ગામના સારા લોકો પણ અમને ફોન કરીને ના પડે છે કે તમે લોકો આવશો નહીં તમારી સેફ્ટી નથી."

નોંધ : તા. ૨૪-૧-૨૦૧૫ના રોજ જ્યારે તપાસ ટીમ તેમના ગામની મુલાકાતે ગઈ ત્યારે ટીમની હાજરીને કારણે આટલા દિવસમાં પહેલીવાર હિમ્મત કરીને આ બહેનો ગામમાં પોતાના ઘરની હાલત જોવા આવી હતી. કેટલોક બચેલો સમાન તેઓએ ઘરમાંથી લીધો પોલીસની હાજરીમાં તેમનો સામાન ગાડીમાં ભર્યો.

મહેમુદાબીબી નૂર મોહમદ કુરેશી : ઉમ્મર વર્ષ ૫૦. "અમારો મરઘી વેચવાનો ધંધો છે પાસેના બાલેટા ગામમાં અમે મરઘી વેચવાનું કામ કરીએ છે. આજ બી બાલેટા વાલે ધંધા કરને કે લિયે બુલાતે હે લેકિન બાલેટા ગાવ જાને કે લિયે ઇલાવ સે જાના પડતાં હે, જવાન બચ્ચે કો કિસ તરહ ભેંજે ડર લગતા હે, કોઈ ચીજ નહીં છોડી હે. આજ ૧૨ દિન હો ગયે બચ્ચો કો ક્યાં ખિલાયેંગે.... કૈસે પઢાયેંગે... બચ્ચે બીમાર હૈ લેકિન દવા કારનેકે પૈસે નહીં હૈ.. હમ બેઘર હૈ બચ્ચે ડરે હુએ હૈ.... હમે ઘર બહોત યાદ આતા હૈ..."

સરિફુન્નિસા બીબી જાવિદભાઇ કુરેશી : ઉમ્મર વર્ષ ૪૬, તેમનું પોલ્ટ્રીફાર્મ તોડી નાખવાં આવ્યું છે. "મારે 6 બાળકો છે એક છોકરીના લગ્ન થઈ ગયા છે. અમારે બધા સાથે સારું બનતું હતું. ખાઈએ અમારા ઘરમાં તો હાથ ધોઈએ તેમના ઘરમાં આવા સબંધો હતા. પણ ખબર નહીં શું થઈ ગયું ...."

રૂકૈયા બીબી અબ્દુલ કુરેશી : "મે ભાઈ કે સાથ રહેતી હું. ભાઇ કા કોઈ ધંધા નહીં હૈ. ઉસ દિન છોડ કે ભાગે. મેરે ભતીજે કી શાદી અભિ હુઈ થી ઉસકી બહુ જો સામાન લેકે આઈ થી વો સબ લૂંટ કે લે ગયે ઓર તોડ ડાલા."

રૂકૈયાબીબીના ભાઈ યુસુફભાઈ અબ્દુલભાઇ કુરેશી સાઇકલ પર જઈને મરઘાં વેચવાનો ધંધો કરે છે. હાલમાં તેઓના મોતિયાનું ઓપરેશન કરાવ્યુ હતું તેથી તેઓ ઘરમાં જ હતા.

ફાતેમાબીબી યુસુફ ભાઈ કુરેશી : "મારી દીકરી ૭મા ધોરણમા ભણે છે. અબ ઉસને પઢાઈ છોડ ડી...દો લડકીયાં હૈ .. હમ અબ બહેન બનેવી સાથ રાંદેરમે રહેતે હે. કબ તક હમ રિશ્તેદારો કે યહાં રહેંગે. લડકિયો કી પઢાઈ કા ક્યાં હોગા... હમારા સબ લૂંટ કે ચલે ગયે. મસ્જીદ કી લાઇન મે હમારે જીતને ઘર થે સબ લૂંટ કે ચાલે ગયે. દુકાનો તોડી ઘર છોડકે ચલે ગયે, જાન બચાકે ચલે ગયે. ગોધરાકાંડ મે હમારે ગાંવ મે કુછ નહીં હુઆ થા.. "... ઇલાવ ગામમાં ક્યારેય કોઈ કોમી દંગાના બનાવ બન્યા ન હતા. બધા સારી રીતે રહેતા હતા ગણપતિ વખતે અમે ઓટલો બનાવી આપીએ છે..ભાઈ-બહેન જેવા રહીએ છે. ..... અમારી પાસે પૈસા નથી અમને આર્થિક સહાય મળે તેવી અપેક્ષા છે ."

## 6. સાહોલ (વસ્તી ૧૩૦૦ થી ૧૫૦૦)

ઇલાવથી ૨ જ કિમી. દૂર આવેલ સાહોલમાં મુસલમાનોના ૨૫ જેટલા ઘર છે. ઇલાવના બનાવ બાદ ચોવીસ કલાક પછી તા. ૧૫-૦૧-૨૦૧૫ના રોજ હિંસાનો બનાવ બન્યો. હાંસોટથી ઓલપાડ તરફ જતાં માર્ગ પર સુરત અને ભરૂચ જિલ્લાની હદ પર આવેલ સાહોલ ગામમાં પણ તા. ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૫થી જ તંગ વાતાવરણ હતું. તેથી મોટાભાગના મુસલમાન પરિવારોએ પોતાના ઘરના સ્ત્રીઓ-બાળકોને બહાર મોકલી દીધા હતા. માત્ર કોઈ કોઈ ઘરમાં પુરુષો દેખરેખ માટે રહ્યા હતા.

હાંસોટ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. શ્રી એસ. ડી. ધોબીએ લખાવેલ એફ. આઈ.આર. (નં. I ૯/૩૫ તા.૧૬-૦૧-૨૦૧૫) અનુસાર તેઓને બાતમી મળી હતી કે આગલા દિવસે હાંસોટ ખાતે થયેલ કોમી હિંસાના બનાવમાં સામેલ આરોપી સંજય મગન વસાવા, મહેશ અને રણજીત વસાવા સાહોલ ગામમાં છે. તેઓએ આ અંગે પોતાના અધિકારીને જણાવતા ફરજ પરના ત્રણ પી.આઈ. પોતાના સ્ટાફ સાથે સાહોલ જવા રવાના થયા. સહોલમાં હાજર ડેપ્યુટેશન પરના અન્ય બે અધિકારીઓ પણ આરોપીઓને પકડવા માટે પોતાના સ્ટાફ સાથે જોડાયા. પાદર પર બેઠેલા આરોપીઓને પોલીસ આવ્યાની ખબર પડતાં તેમાથી કેટલાક લોકો દરગાહ ફળિયા તરફ અને કેટલાક લોકો પોલીસ ચેકપોસ્ટ તરફ ભાગ્યા. પો.ચેક પોસ્ટ તરફ ભાગેલા ટોળાએ પોલીસ ચેકપોસ્ટના તંબુને સળગાવ્યો. જેમાં આખા તંબુનો, તેમાં લગાવેલ વાયરલેસ સિસ્ટમ સહિત તેમાં રહેતા પોલીસ કર્મચારીઓનો તમામ અંગત સમાન, યુનિફોર્મ વગેરેનો સંપૂર્ણ નાશ થયો. આ ટોળાએ સરકારી ગાડી ટાટા સુમોને પણ નુકસાન કર્યું.

દરગાહ ફળિયા તરફ ગયેલ ટોળાએ જહીરૂદ્દીન કમરૂદ્દીન શેખના મકાનમાં આગ ચાંપી દીધી હતી. પોલીસે ટોળામાથી જયંતિ ગણપત વસાવા, રાકેશ મંગા વસાવા સહિત ૨૩ લોકોની ધરપકડ કરી. આ આખીય ઘટના રાત્રે **9.30** થી **10.00** દરમ્યાન બની હોવાનું એફ.આઈ.આર.માં જણાવેલ છે.

દરગાહ ફળિયામાં રહેતા જહીરૂદ્દીન કમરૂદ્દીન શેખના જણાવ્યા મુજબ તેઓના ઘર પર ગામના સરપંચ સંજય મગન વસાવા, રમેશ વલ્લભ પટેલ તથા ૨૦થી વધુ તોફાની તત્વોએ હુમલો કર્યો હતો. ટોળાને જોઈ તેઓ બારણાં ખુલ્લા મૂકી ઘર છોડી નાસી છૂટ્યા હતા. ટોળાએ ઘરમાં તોડફોડ કરી ઘરમાં રહેલ રાચરચીલાને આગ ચાંપી તેમજ રોકડ રૂપિયા ૪.૫૦ લાખ તેમજ ૪૦ થી ૪૫ તોલા સોનું અંદાજિત ૧૫ લાખની કિમ્મતના સામાનની લૂટફાટ કરી અંદાજિત ૩૫ લાખ ઉપરાંતનું નુકશાન કર્યું. જહીરૂદ્દીન ભાઈના જણાવ્યા મુજબ, તેઓ ગામમાં વિકસિત મુસ્લિમ હોવાથી તેમને ટાર્ગેટ કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આરોપીઓના રિમાન્ડ લેવામાં આવ્યા નથી. જો રિમાન્ડ લેવામાં આવ્યા હોત તો સામાનની રિકવરી થઈ શકી હોત.

જોકે પોલીસનો તંબુ સળગાવ્યા બાદ ત્યાં એટલો બંદોબસ્ત છે કે એક ઘરને બાદ કરતાં બાકીના ઘરોમાં લૂટ કે આગ થયા નથી. પરંતુ પોતાના જીવનું જોખમ લગતા સાહોલના તમામ ૨૫ મુસલમાન પરિવારો પોતાના ઘર–ગામ, ખેતી-ધંધો-રોજગાર છોડી હિજરત કરી ગયાં છે.

સાહોલ ગામના ઝૂબેદાબીબી એ જણાવ્યુ હતું કે મુસલમાન પરિવારો ચાલ્યા ગયા પછી તેઓ એકલા રહી ગયા હતા કારણકે તેમના પતિ અપંગ છે તેઓ ચાલી શકતા નથી અને તેમનો છોકરો મેંટલી રિટાર્ડેડ છે. તેમને ઇલાવના લોકોએ ગાડીમાં બેસાડી સલામત સ્થળે જવામાં મદદ કરી તેથી બચી ગયા. તેઓએ ખૂબ જ વ્યથા સાથે ટીમને કહ્યું,
"હું મારા વિકલાંગ છોકરા અને મારા અપંગ પતિને લઈને ક્યાં જાઉ? સહોલમાં શાંતિથી રહી શકીએ તેવું કઈક કરો."

## 7. આલિયાબેટમાં આવેલ ગેરકાયદેસર ઝીંગાના તળાવો (વસ્તી આશરે ૪૦૦ થી ૪૫૦)

હાંસોટ પાસે આવેલ આલિયાબેટમાં બનેલ ૧૨૦૦ કરતાં પણ વધારે સંખ્યામાં ગેરકાયદેસર ઝીંગા ઉછેરવાના તળાવો આ તોફાનો પાછળ જવાબદાર હોવાની વાત તમામ પક્ષોએ જેમ કે મુસ્લિમ આગેવાનો, હિન્દુઓ, ડેપ્યુટી કલેક્ટર, DSP વગેરેએ કરી. તેથી આ ઝીંગાના તળાવો અને તાજેતરમાં બનેલ કોમી તોફાનો વચ્ચેના સંબંધોના આટાપાટાને સમજવા જરૂરી લાગે છે.

મુસલમાન આગેવાનોના જણાવ્યા મુજબ આ તમામ તળાવો હિન્દુઓના છે અને ભારતીય જનતા પાર્ટીના મોટા માંથાઓ તેમાં સંડોવાયેલા છે તેથી આજ સુધી તેમાં કોઈ પગલાં લેવાયા નથી.

હિન્દુ અગ્રણીઓના જણાવ્યા મુજબ આ ગેરકાયદેસર તળાવોના રક્ષણ માટે મુસ્લિમ ગુંડાતત્વો પ્રોટેક્શન મની ઉઘરાવી રાતોરાત ખૂબ પૈસાદાર બની ગયા હોવાથી તેઓની દાદાગીરી વધી ગઈ હતી. આ કોમી તોફાનો માટે આ મુસ્લિમ તત્વો અને તેમણે ઊભી કરેલ ગેંગના લોકો જવાબદાર છે.

આ આલિયાબેટ પર આવેલ ૧૨૦૦ કરતાં પણ વધારે તળાવોમાં અંદાજીત ૧૫૦૦ કરોડ કરતાં પણ વધારેનું વાર્ષિક ટર્નઓવર હોવાની અને તેમાં સુરત અને ઓલપાડના મોટા વેપારીઓ અને ઇન્વેસ્ટરોની સામેલગીરી હોવાની વાત બહાર આવી છે. આ આટલા મોટા ગેરકાયદેસર વહીવટમાં પોતાનું પ્રભુત્વ જાળવી રાખવા અસામાજિક તત્વોએ કોમી તોફાનોનો માર્ગ અપનાવ્યો હોવાની વાત લોકો કરી રહ્યા છે.

આલિયાબેટ હાંસોટ નજીકના દરિયા કિનારે છે પરંતુ તે વાગરા તાલુકામાં આવેલું છે. નર્મદા નદી અને દરિયાના પાણીથી ચારે તરફથી ઘેરાયેલા આ બેટમાં ઝાંઝી માનવ વસ્તી નથી. તેમાં કોઈપણ પ્રકારની સરકારી સુવિધા વગર કચ્છના માલધારી કબીલાઓ આઝાદીપૂર્વે વર્ષોથી રહે છે. આ કબીલાના મુખી મહોમ્મદ હસન હબીબના કહેવા મુજબ આ માલધારીઓ નિરુપદ્રવી છે અને તેઓની સામે કોઈ પણ ગુનો દાખલ થયેલ નથી. આ ગેરકાયદેસર તળાવો અંગેની ફરિયાદ કબીલાના મુખી મહોમ્મદ હસન હબીબે આ અગાઉ કલાદરા ગ્રૂપ પંચાયતના સભ્યો સાથે રહીને પોલીસમાં ફરિયાદ કરી હતી ત્યારે ફરિયાદની તપાસ થવાના બદલે તેઓની ઉપર હુમલો થયો હોવાની વાત તેઓએ તા. ૩૦-૦૧-૨૦૧૫ના રોજ પ્રકાશિત થયેલ દિવ્ય ભાસ્કરને જણાવેલ છે.

DSP શ્રી બિપિન આહિરેએ તપાસ ટીમને રૂબરૂ મુલાકાતમાં જણાવ્યુ હતું કે છેલ્લા સાત-આઠ વર્ષથી આ ગેરકાયદેસર પ્રવૃતિ ચાલી રહી હતી અને તેની સામે કોઈ નક્કર પગલાં લેવાયા ન હતા. ડી.એસ.પી. શ્રીએ પણ તપાસ ટીમ સમક્ષ આ ગેરકાયદેસર આવકમાં વગ ધરાવનાર લોકોનો ભાગ હોવાની વાતને સમર્થ આપ્યું હતું. તેઓએ તપાસ ટીમને જણાવ્યુ હતું કે,

"સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વનો હોઇ તેને માનવ રહિત જાહેર કરવાની દરખાસ્ત પોતે મોકલેલ છે." જો કે તેમ કરવામાં અહી વર્ષોથી રહેતા કચ્છી માલધારીઓનું શું થશે? તે અંગે પૂછતાં તેઓએ કઈ પણ કહેવાનું ટાળ્યું હતું.

તેઓએ સરકારને મોકલેલ અહેવાલમાં લખેલ મહત્વના મુદ્દાઓ અંગે તપાસ ટીમને જણાવેલ જે મુજબ તેઓએ આ બેટને પ્રતિબંધિત જાહેર કરવા દરખાસ્ત મોકલી છે કારણ કે,

> 'સુરક્ષાની દ્રષ્ટિએ આલિયાબેટ ભૌગોલિક રીતે અત્યંત નિર્જન જગ્યા પર હોય ટેરરિસ્ટ એટેક માટે બેટ પર લેન્ડીગ થવાની શક્યતા છે. બેટથી માત્ર ૫ નોટિકલ માઈલ દૂર દહેજમાં મોટી ઇન્ડસ્ટ્રીઝ આવેલી છે, તેથી જો ગેરકાયદેસર લેન્ડીગ થાય તો દહેજ સુધી જતાં કે હુમલો થતાં સમય લાગે નહીં. નેશનલ હાઇવે માત્ર ૪૫ કિમી દૂર છે. લેન્ડીગ બાદ હાઇવે મારફત રાજયમાં દાખલ થઈ શકાય તેમ છે.'

આ ગેરકાયદેસર તળાવને તોડવાની શરૂઆત તંત્રએ તા. ૨૭-૦૧-૨૦૧૫ના રોજ કરી. અંકલેશ્વરના ભાજપના ધારાસભ્ય ઇશ્વરભાઇ પટેલે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહામંત્રીને તા. ૧૯-૦૧-૨૦૧૫ના રોજ લખેલ પત્રમાં સ્પષ્ટ જણાવ્યુ છે કે તેઓએ તા. ૧૦-૦૪-૨૦૧૪ના રોજ ભરૂચ કલેક્ટરને ગેરકાયદેસર તળાવ બાબતે જાણ કરી હતી અને તા. ૧૬-૦૪-૨૦૧૪ના રોજ તપાસ કરવા ગયેલ ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો જેની પણ પોલીસ ફરિયાદ થઈ હતી. પરંતુ ઈશ્વરભાઈના પત્રમાં લખ્યા મુજબ ગઢડાના ધારાસભ્ય શ્રી આત્મારામ પરમાર, ઓલપાડના ધારાસભ્ય શ્રી મુકેશભાઇ પટેલ અને ચોર્યાસીના ધારાસભ્ય શ્રી રાજાભાઈ પટેલે માનનીય મુખ્ય મંત્રીશ્રીને રજૂઆત કરી તપાસ બંધ કરાવવામાં આવી હતી. આમ, આ ઝીંગા તળાવની ગેરકાયદેસર આવકમાં તંત્રના પોલીસ ખાતું, મહેસૂલ ખાતું અને વન વિભાગના નીચેથી ઉપર તમામ અમલદારો અને ભાજપના મોટા રાજકીય આગેવાનોનો ભાગ હોવાની લોક ચર્ચાને માનવાનું કારણ મળે છે. ભાજપના ધારાસભ્ય ઇશ્વરભાઇ પટેલના પત્ર પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે આ ગેરકાયદેસર પ્રવૃતિમાં પ્રોટેક્શનમની ઉઘરાવનાર દલાલો મુસલમાન હશે પરંતુ તેની માલિકી દક્ષિણ ગુજરાતનાં ભરૂચ જિલ્લા

સિવાયના વિસ્તાર એટલેકે સુરત, ઓલપાડના હિન્દુઓની હોઇ શકે અને આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં વર્ચસ્વના ઝઘડાના પરિણામે ભરૂચ જિલ્લાના ભાજપના અગ્રણીઓ અને ઇશ્વરભાઇ પટેલ સહિત ૨૦૦થી વધુ આગેવાનોના રાજીનામાં અંગેનું કારણ આજ હોઇ શકે તેવું માનવને કારણ છે.

આ તમામ પ્રવૃત્તિમાં રાજકીય આગેવાનો ઉપરાંત અનેક વિભાગોના નીચેથી ઉપર સુધીના કર્મચારીઓ અને અધિકારીઓ સંડોવાયેલા હોવાની શક્યતા છે.

ગુજરાત ટુડેમાં તા-૦૨-૦૨-૨૦૧૫ના રોજ છપાયેલ સમાચારોમાં જણાવ્યા મુજબ, '"આલિયા બેટ ઉપર ભરૂચ જિલ્લાના વનવિભાગની ૧૦ હજાર હેક્ટર જમીન છે. બાકીની ૧૫ હજાર હેક્ટર જમીન રેવન્યુ વિભાગ અને કોસ્ટલ વિભાગની છે. આલિયાબેટ ઉપર ૧૦૦ થી ૧૫૦ વર્ષથી કચ્છી પરિવારો રહે છે અને પશુપાલન સહિત દૂધ વેચાણ કરીને પરિવારનો ગુજરાન ચલાવે છે. તેઓને વન વિભાગના અધિકારીઓ છાશવારે અહીથી ચાલ્યા જવાની ધમકી આપે છે. આ કચ્છી પરિવારના બાળકો ખુલ્લામાં બેસીને શિક્ષણ લે છે. કેમકે આ પરિવારોને પાકા ઝૂંપડાં બનાવવાની શાળા કે આંગણવાડી કેન્દ્રનું મકાન બનાવવાની મંજૂરી પણ વન વિભાગ આપતું નથી ! તો આ વન વિભાગના બાહોશ અધિકારીઓ દ્વારા ઝીંગા તળાવો અને તળાવોના માલિકોએ ત્યાં પાકી કેબીનો બનાવી છે તે કેમ બનાવવા દીધી. વનવિભાગના અધિકારીઓ ઝીંગા તળાવોના માલિકોની રાજકીય પહોચ આગળ ચૂપ થઈ ગયા અને પાકા તળાવો અને કેબીનો બનવા દીધા તો આ મામલે જિલ્લાના વન વિભાગના અધિકારીઓની પણ તપાસ થવી જોઈએ.'

તા. ૨૭-૦૧-૨૦૧૫ના રોજ તળાવો તોડવાની શરૂઆત કરી પરંતુ આજ સુધી તેમાં કેટલાક નાના મોટા લોકોની ધરપકડ થઈ છે પરંતુ જે તળાવોના માલીકોના નામ બહાર આવ્યા છે તેમાથી કોઈ એવી વગદાર વ્યક્તિ નથી કે જે મુખ્યમંત્રી સુધી પહોચીને મે મહિનામાં શરૂ થયેલ તપાસ રોકાવી શકે. આથી અચાનક ઝીંગા તળાવોનો નાશ કરવા પાછળ આ મોટા માથાઓ વિરુદ્ધના પુરાવાઓનો પણ નાશ કરવાની જે વાત ચર્ચાઇ રહી છે તે સાચી હોવાની શક્યતા લાગે છે.

## ૮. રતનપોર (વસ્તી ૨૦૦૦ થી ૨૨૦૦ )

તા. ૩-૦૨-૨૦૧૫ના રોજ ભરૂચ જીલ્લાનાં ઝઘડિયા તાલુકાના રતનપોર ગામમાં ચાલી રહેલા વાતાવરણ અંગે ફરિયાદ મળતા તેની જાતતપાસ કરવાં માટે મોહમ્મદ શરીફ મલેક, ખાનાભાઈ સોલંકી અને લક્ષ્મણભાઈ રાઠોડ ઝઘડિયા ગયા હતા. તાલુકા મથક થી ૫ કિલોમીટર દૂર રાજપારડી જવાના રસ્તા ઉપર આવેલા રતનપુર ગામમાં કુલ ૨૦૦ જેટલા ઘર છે જેમાં ૭૫% આદિવાસી અને ૨૫% મુસ્લિમ સમુદાયના લોકો છે. ગામમાં મુસ્લિમો આર્થિક રીતે સુખી છે અને આદિવાસીઓ ખેત મજૂરી, રેતીના ટ્રક ભરવા તેમજ ડ્રાઇવિંગ કરવાના અને અન્ય મજૂરી કામ સાથે સંકળાયેલા છે. રતનપુર ગામની અંદર ૪ કિલોમીટર જંગલમાં બાવાગોરની દરગાહ આવેલી છે. આ દરગાહને આ વિસ્તારમાં લોકો કોમી એકતાના પ્રતિક રૂપે માને છે.

રતનપોર ગ્રૂપ ગ્રામ પંચાયતમાં રતનપોર, વાઘપૂરા, હરીપુરા, અવિધા અને ભિલવાડા ગામોનો સમાવેશ થાય છે. આ ગ્રામ પંચાયતની સામિતિમાં કુલ ૭ સભ્યો છે અને સરપંચ ઇન્દિરાબેન વિનુભાઇ વસાવા રહે. ભિલવાડા ગામ તેમજ ઉપસરપંચ માંગુભાઈ ચંદુભાઈ વસાવા બંને આદિવાસી સમાજના છે તથા રતનપોર ગામમાં પંચાયત સભ્ય ઈકબાલભાઇ મુસ્તાકભાઇ સિંધી છે. તા. ૩૦-૧૨-૨૦૧૪ના રોજ ગ્રામપંચાયતની ગ્રામસભામાં ઠરાવ નંબર ૬ મુજબ રતનપોર ગામમાં ખાડી તરફ તથા સ્મશાન તરફ જવાના રસ્તા ઉપર ઝાડી-ઝાંખરાં અને આ ઝાડીઓમાં ઝેરી જીવ-જંતુઓ વધી જવાથી ગામલોકોને સ્મશાન તેમજ ખાડી તરફ જવામાં ખૂબ મુશ્કેલી પડતી હોવાથી પંચાયતના સભ્યો દ્વારા રસ્તો સાફ કરવા માટે દરખાસ્ત મૂકવામાં આવી, જે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી. જેથી પંચાયત સભ્ય ઇકબાલ મુસ્તાકભાઈને રસ્તો સાફ કરવાની જવાબદારી આપવામાં આવી હતી.

જેની સામે રતનપોર ગામમાં રહેતા શંકરભાઇ હિરભાઈ વસાવાએ ગામમાં અન્ય આદિવાસી સમાજના લોકોને ભેગા કરીને, 'મુસ્લિમો દ્વારા હોળી પ્રગટાવવાની જગ્યા ઉપર ગેરકાયદેસર કબજો જમાવીને પુરાણ કરવાનું ચાલુ કર્યું છે' તેવું

જણાવી તા. ૩૧-૦૧-૨૦૧૫ના રોજ ઝઘડીયા પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું હતું. અને તેમાં ગામના 1. જાકીર આઝમ મલેક, 2. જાવિદ શેખ, 3. કાદર મગદુભાઇ, 4. વાહિદઅલી મહમદ અને 5. ઇકબાલ મુસ્તાકભાઈની વિરુદ્ધ અરજી કરી હતી તથા આ બાબતે તારીખ ૧-૦૨-૨૦૧૫ના રોજ ગુજરાત સમાચારમાં "હોળી પ્રગટાવવા માટે ઉપયોગી જમીન ઉપર દબાણ કરવા પ્રયાસ"ના માથાળા સાથે સમાચાર પ્રકાશિત થયા હતા. આ બાબતે સમાચાર પ્રકાશિત થયા બાદ જંગલ ખાતાએ આ જમીન તેમની હોવાનું જણાવી સમગ્ર જગ્યા ઉપર કબજો લઈ લીધો છે.

પરંતુ અસરગ્રસ્તોના કહેવા મુજબ, શંકરભાઈ વસાવા અને તેમના માણસો દ્વારા ગામમાં રાત્રે મુસ્લિમોના વિસ્તાર પાસે ફટાકડા ફોડી અજંપા ભરી પરિસ્થિતી ઊભું કરવાનું શરૂ કરવામાં આવ્યું અને મુસલમાનોને ભાથીજીના મંદિરને તોડવાના ખોટા કેસમાં સંડોવી દેવાની ધમકી આપવામાં આવી. આ અંગે જાકીરભાઈ મલેક દ્વારા તંત્રને સાબદું અને માહિતગાર કરવા માટે તા. ૩-૦૨-૨૦૧૫ના રોજ DSP કચેરીમાં તથા જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાં અને પ્રાંત અધિકારી તથા રાજપારડી પોલીસ સ્ટેશનમાં અરજી આપેલી. પરંતુ પોલીસે તેઓને પોલીસ સ્ટેશનમાં બોલાવી મુસ્લિમ સમુદાયના ૧૧ વ્યક્તિઓ પર કેસ દાખલ કર્યો.

તા. ૩-૦૨-૨૦૧૫ના રોજ જ્યારે ટીમ રતનપોરની મુલાકાતે ગઈ હતી ત્યારે રાજપારડી પોલીસ સ્ટેશનમાં PSI ગિલોતર સાહેબ જણાવ્યુ કે અમે બંને પક્ષોના નિવેદનો લઈ રહ્યા છીએ અને મુસ્લિમ સમાજમાંથી ૧૧ વ્યક્તિઓ સામે અટકાયતી પગલાં રૂપે ૧૫૧ની કલમ લગાવવામાં આવેલી છે જેમાં ૧૦ પુરુષો અને ૧ બહેનનો સમાવેશ થાય છે.

પોલીસના કહેવા મુજબ, 'તેમના નિવેદન લઈને તેઓને ઘરે જવા માટેની સૂચના PIS ગિલોતર સાહેબ તરફથી આપવામાં આવી હતી પરંતુ આ મુસ્લિમ વ્યક્તિઓને કાયદાકીય પ્રક્રિયાની જાણ ના હોવાથી અને આ નિવેદન શું કામ લીધા છે? અને તેની અસર શું થશે? તે વિષે અજ્ઞાન હોવાથી તેઓ પોલીસ સ્ટેશનની બહાર જ બેસી રહ્યા છે.' જો કે ત્યાર બાદ તે જ દિવસે સાંજે આ ૧૦ વ્યક્તિઓ સામે એટ્રોસીટીની ફરિયાદ શંકર વસાવા અને મુકેશ વસાવા દ્વારા કરવામાં આવી હતી. જેમાં આ દસેય વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી અને તા. ૪-૨-૨૦૧૫ના રોજ તેમને જામીન ઉપર છોડવામાં આવ્યા.

ઝઘડીયા ખાતે ટીમની મુલાકાત જાકીરભાઈ આઝમભાઈ મલેક સાથે થઈ હતી અને તેઓએ તેમના ગામમાં ખોટી રીતે કોમી વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તેવું જણાવ્યુ હતું. જાકીરભાઈના કહેવા મુજબ તેઓ ગામમાં આદિવાસીઓને પણ દર વર્ષે હોળીના તહેવાર ઉપર કપડાં, અનાજની મદદ કરે છે. તેમજ ગામમાં કોઈના પણ દવાખાનાનો ખર્ચ હોય તો તે ઉપાડે છે. અને આદિવાસી સમાજમાં ગામના અન્ય આદિવાસી યુવાનો આદિવાસી સ્ત્રીઓને ઉપાડીને લઈ જાય ત્યારે આદિવાસી પંચાયત દ્વારા દાવો માંડવામાં આવે છે આવા ગામમાં ૮ થી ૧૦ દાવાઓ પણ જાકીરભાઈએ આદિવાસી કુટુંબો વતી ભર્યા હોવાનું તેમણે જણાવ્યુ હતું.

તેમના કહેવા મુજબ " આ ખાડીની અંદર શંકરભાઇ હિરભાઈ વસાવા તથા આદિવાસી સમુદાયના અન્ય ૪ લોકોની દારૂની ભઠ્ઠીઓ ચાલે છે. જો આ રસ્તો સાફ થાય તો તેમની દારૂની ભઠ્ઠીઓ રોડ ઉપરથી જાહેરમાં દેખાય તેથી તેઓએ ગામમાં અન્ય આદિવાસી સમાજના લોકોને ભેગા કરીને ઉશ્કેર્યા છે... ગામમાં આદિવાસી સમાજના યુવાનો તેમજ સ્ત્રીઓ ખૂબ મોટા પ્રમાણમા દારૂના વ્યસની છે. અને દારૂ પીવાને કારણે ગામમાં હાલની તારીખમાં ૭૦ થી ૭૫ આદિવાસી બહેનો વિધવા છે. લગભગ 3-4 વર્ષ પહેલા જાકીરભાઈએ ગામમાં ખાડીની અંદર સ્મશાન તરફ જવાના રસ્તા ઉપર જ્યાં મુકેશ રતિલાલ વસાવા, મનોર રતિલાલ વસાવા અને ભગાભાઈ હિરભાઈ વસવાની દારૂની ભઠ્ઠીઓ ચાલે છે તેનું સ્ટીંગ ઓપરેશન કરીને વિડીયો ક્લિપ બનાવીને ડીએસપી સાહેબને દારૂની ભટ્ટીઓ બંધ કરાવવા માટે અરજીઓ પણ કરી હતી.

પ્રકાશભાઈ રબારી જેઓ ઝઘડીયા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ છે તેઓના માણસોએ રતનપોર ગામમાં થોડા સમય અગાઉ ગેરકાયદેસર માટી ખોદવાનું ચાલુ કર્યું હતું જાકીરભાઈએ પ્રકાશભાઈને ગેરકાયદેસર માટી ખોદવાનું બંધ કરવા

મૌખિક કહ્યું હતું જેથી એક કારણ આ પણ ગામમાં મુસ્લિમ સમાજની વિરુદ્ધમાં એક વાતાવરણ ઊભું કરવા માટે જવાબદાર કારણ હોવાનું તેમને લાગે છે.

ટીમના સભ્યો રતનપુર ગામના અન્ય લોકોને મળ્યા હતા અને તેમણે જે વાતો કહી તે નીચે પ્રમાણે છે

સવિતાબેન વસાવા અને જશોદાબેન વસાવા જે નવીનગરીમાં રહે છે તેમની સાથે વાત કરતાં તેઓએ જણાવ્યુ કે અમારી હોળી પ્રગટાવવાની જગ્યા ઉપર જાકીરભાઈના માણસો દ્વારા કબ્જો કરીને પુરાણ કરવાનું શરૂ કર્યું છે જેથી શંકરભાઈએ તેમની સામે કલેક્ટરમાં અરજી કરી હતી. જાકીરભાઈ આદિવાસી સમાજનાં લોકોને હોળી ઉપર કપડાં, અનાજ આપે છે અને તેમણે આદિવાસીઓના **10** જેટલા દાવા પણ ચુકવ્યા છે કે કેમ **?** તેના જવાબમાં સવિતાબેને જણાવ્યુ કે "આ બધા આદિવાસી છોકરાઓ તેમના ત્યાં કામ કરે છે એટલે દાવો ચુકવ્યો હોય તો શું નવાઈ કરી"

ત્યાર બાદ ટીમના સભ્યો રતનપોર ગામથી અંદર જંગલમાં આવેલી બાવાગોરની દરગાહ ઉપર ફૂલ અને ચાદર વેચતા દિલિપ વસાવા તેમજ પંકજભાઈ વસાવાને રતનપોર ગામમાં ચાલતા વિખવાદ વિષે પૂછતાં તેઓએ જણાવ્યુ કે, "આ બધુ રાજકારણ ખેલાઈ રહ્યું છે અમે તો આદિવાસી અને મુસ્લિમો બધા એક છીએ પણ અમારાં ગામમાં હવે ચૂંટણીઓ આવવાની છે એટલે અમુક લોકો આવું ઊભું કરી રહ્યા છે."

## ૯. વહીવટી તંત્ર સાથેની મુલાકાત

ડેપ્યુટી કલેક્ટર (પ્રાંત-અંકલેશ્વર) શ્રી દિપક શુક્લએ તા. ૨૩-૦૧-૨૦૧૫ના રોજ થયેલ મુલાકાતમાં જણાવ્યુ હતું કે," હવે પરિસ્થિતી ૯૦% નોર્મલ છે. દુકાનો, પેટ્રોલ પમ્પ, વાહન વ્યવહાર શાળાઓ, બજારો ચાલુ થઈ ગયા છે."

જો કે હાંસોટ સર્કલ નાકા પાસે જોતાં ટીમને મોટા ભાગની દુકાનો-ગલ્લાઓ બંધ જોવા મળ્યા હતા. શાળાઓ એક બે દિવસથી ચાલુ થઈ હતી પણ ઘણા મા-બાપને વિશ્વાસ ન આવતા હાજરી ઘણી ઓછી હોવાનું જાણવા મળેલ. અને જે લોકો પોતાના ઘર, કે દુકાન ગુમાવી ચૂક્યા હતાં તેઓ પોતાનો ધંધો પાછો ચાલુ કરી શકે તેવી પરિસ્થિતી ન હતી કારણ કે ઘણા કેસમાં પંચનામાં થયા ન હતાં અને જેમાં થયાં હતાં તેમાં પણ નુકસાનીનું વળતર ચૂકવવાની કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નહતી.

શ્રી દિપક શુક્લએ કલેકટરે બોલાવેલ શાંતિ સમિતિની મિટિંગ અંગે માહિતી આપતા જણાવ્યુ હતું કે "તેમાં હાંસોટના આગેવાનો ઉપરાંત જિલ્લાના આગેવાનોને બોલાવી તેમની ગુડ ઓફિસિસ વાપરવાની વિનંતી કરી. ધર્મગુરૂઓ, અંભેટાની દરગાહના બાવા સાહેબને બોલાવ્યા હતાં. છોટુ બાવાની દરગાહના ૭૦% માનવાવાળા હિન્દુ અને ૨૦% મુસ્લિમ છે. ૨૦૦૨માં હાંસોટમાં કોઈ બનાવ બન્યો નથી. હાંસોટના બંને કોમના જે સમજુ આગેવાનો હતા તે હવે મૃત્યુ પામ્યા છે. તેથી શાંતિ સમિતિમાં જેઓના મૂળ આ ધરતીમાં છે તેઓને બોલાવ્યા. જાણીતા ડો. શફી ખ્વાજા, ડો. અશ્વિન કાપડિયા વગેરેને બોલાવ્યા તેઓએ અપીલ કરી...અમને અંકલેશ્વરની ચિંતા હતી. અંકલેશ્વરમાં જો થાય તો આર્મી જ લાવવી પડે માટે અમે અંકલેશ્વર અને હાંસોટના ૪૦-૫૦ આગેવાનોને બોલાવ્યા અને શક્તિ પ્રદર્શન ન કરવા સમજાવ્યા. તમામ ધર્મના. ખ્રિસ્તી, શીખ, હિન્દુ મુસ્લિમ બધાને બોલાવ્યા અને ૬૧ ગામોમાં નાનકડો સ્પાર્ક પણ નથી થયો તે આ આગેવાનોની પ્રતિબદ્ધતાને કારણે... પણ હાંસોટના આગેવાનોએ ચાલુ રાખ્યું."

વોટ્સએપ મેસેજ અંગે તેમણે જણાવ્યુ કે, "અંભેટામાં કોઈએ એક દોઢ મહિના પહેલા ધાર્મિક લાગણી દુભાય તેવો મેસજ ફરતો કર્યો... હાંસોટના લોકો અંભેટા પહોચ્યા એ સમયે જો પોલીસને ગંધ ન આવી હોત તો તે માણસ જીવતો બચ્યો જ ન હોત. કોન્સ્ટેબલને ખ્યાલ આવ્યો એટલે તેણે અધિકારીઓને ફોન કર્યો અને પોલીસે પહોંચીને ટોળાને કંટ્રોલ કરતાં પહેલા તેને ગાડીમાં લઈ લીધો નહિ તો તે દિવસે જ મોટી ઘટના બની હોત. ગામના કેટલાક મુસલમાનોએ લોકોને ઉશ્કેરવાની કોશીશ કરી. ત્રણ રસ્તા પર બહુ જ માણસો ભેગા થઈ ગયા. મુસ્લિમો જ હતા... હિન્દુઓને તો ખબર જ ન હતી. પોલીસે સમજાવ્યું કે અટક કરી લીધો છે... ભલે તેની સિક્યોરિટી માટે અટક કર્યો છે. હાંસોટના આગેવાનોએ આખા

જિલ્લાના આગેવાનોને ભેગા કર્યા. **5-7 10** હજાર માણસો ભેગા કર્યા. પોલીસે ચાર્જશીટ દાખલ કરી દીધી હતી તેમ છતાં તેના ગ્રૂપના બધાની અટક કરો તેવી માંગણી કરી...."

"... શરૂઆતમાં માત્ર મુસ્લીમોના ટોળાં હતા. પછી ટોળાં શરૂ થયા એટલે તમે હિન્દુ હોવ તો મુસ્લિમો મારે અને મુસ્લિમ હોય તો હિન્દુઓ મારે. પહેલા મુસ્લિમોએ શક્તિ પ્રદર્શન કર્યું અને પછી હિન્દુઓ સાજોદમાં ભેગા થયા...પોલીસે ગુનો દાખલ કર્યો પછી વિશ્વાસ રાખવાનો હતો પણ શક્તિ પ્રદર્શન કર્યું. એક મુસ્લિમ રિક્ષાવાળાને હિન્દુ મેજોરિટી વાળા ગામે પેસેંજર ઉતારી બેત્રણ ઝાપટ માર્યા તો તેના આકા તરીકે હાંસોટના મુસ્લિમ આગેવાનો નીકળી પડ્યા. આગેવાન રતનજી ભાઈ પટેલના ભાણેજ જમાઈ કે જે શિક્ષક છે તેને **8-10** મુસ્લિમ છોકરાઓએ માર્યો સુરતથી હાંસોટ તરફના રસ્તા પર. એમાં કોળી પટેલ ભેગા થયા તેમનું રાજકીય વજન પણ ખરું. તેથી જિનમાં **8-10** હજાર કોળી પટેલો ભેગા થયા...આમ મુસ્લિમ આગેવાનેઓએ દરેક ઘટનાનો ઉપયોગ કરવાની કોશિશ કરી. તેની સામે હિન્દુ, કોળી પટેલ, આદિવાસી બધાએ આવું જ કરવા માંડ્યુ..."

૧૪ જાન્યુઆરી ૨૦૧૫ના બનાવમાં " ... અંભેટાના જે આદિવાસીને વાગ્યું હતું તેને હોસ્પીટલમાં પૂછ્યું ત્યારે ખબર પડી તેની દીકરી કે બહેન સાથે અયોગ્ય વર્તન થયું...."

ટીમે જ્યારે પૂછ્યું કે, નાના ગામોમાં રહેતા એકલ દોકલ મુસ્લિમોનું શું **?** અને કતપોરનું ઉદાહરણ આપ્યું ત્યારે તેમણે જણાવ્યુ કે "આ મારા ધ્યાનમાં નથી. ક્તપોરમાં બન્યું હશે અમને ખબર નથી. અમારું ધ્યાન હાંસોટ પર છે. નાના નાના ગામની અમને ખબર નથી."

ઇલાવમાં ઘરો બાળી નાંખવામાં આવ્યા છે એના કોમ્પેન્સેશન અંગે પૂછાતા તેમણે જણાવ્યુ કે, "એ તો સરકારની જે યોજના હશે તે પ્રમાણે થશે. એમણે એફ.આઈ.આર. કરવી અને મને અરજી કરવી. અમારી કામગીરી ચાલુ છે. તલાટીઓ પાસે બધી વિગતો મંગાવી છે પણ કાલે સાજોદમાં ડો. તોગડિયા આવ્યા હતા તેથી બંદોબસ્તમાં બે દિવસ ગયા."

હજુ વાતાવરણ તંગ છે ત્યારે પ્રવીણ તોગડિયાને શા માટે આવવા દીધા તે પૂછતા તેમણે જણાવ્યુ કે,

"તોગડિયાને રોક ન લગાવી શકાય. એ જે ફંક્શનમાં આવ્યા તેમાં તેમણે એવી કોઈ સ્પીચ આપી ન હતી. સાજોદમાં કોઈ પોલિટિકલ ન હતા, સામાજિક ધાર્મિક લોકો હતા. તેમણે કોઈને મારવાની એવી વાતો કરી ન હતી."

ખુલ્લા શસ્ત્રો સાથે બને પક્ષના ટોળાં જોવા મળ્યા હતાં તે અંગે પૂછાતા તેમણે કહ્યું કે, "બીજા પક્ષના તો પછી આવ્યા પહેલા તો હાંસોટથી આવેલ ટોળાં હતા....બેસણામાં આખા વિસ્તારના કોળી પટેલો આવ્યા અમારે બંદોબસ્ત કરવો પડ્યો. જ્યારે શોક સભા થાય, બારમું તેરમું થાય તો તેને કેવી રીતે રોકી શકો. તેઓ પણ કહે કે તમારી સંખ્યા **(**મુસલમાનોની**)** માત્ર ૩૦૦૦-૩૫૦૦ છે ને તમે પોલીસ સામે તલવાર લઈને ખુલ્લા બજારમાં થાવ તો અમે ૫૦૦૦૦-૬૦૦૦૦ છે તો અમે બેસણામાં ના જઈએ **?**"

લઘુમતી સમુદાયના જે લોકોને પોતાના ઘર-ગામ છોડીને બહાર રહેવાની ફરજ પડી હતી તેમના માટે તંત્રએ કોઈ જ વિચાર સુદ્ધાં કર્યો ન હતો. આ અંગે ડેપ્યુટી કલેક્ટરને પૂછતા તેમણે જણાવ્યુ હતું કે, "જો તેઓને પાછા આવવું હોય તો અમે તેમણે શિફ્ટ કરી નિશાળમાં આશરો આપવા તૈયાર છે. ત્યાર બાદ શાંતિ સમિતિ બોલાવીએ. ... એમને તંત્ર તરફથી કોઈ પણ મદદ કરવા તૈયાર છે...અમે બધા ગામમાં સંદેશો આપ્યો છે નંબરો આપ્યા છે કે અમે તમારા ડોર સ્ટેપ્સ પર છીએ..."

તેઓએ તપાસ ટીમને જણાવ્યુ હતું કે કોમી તોફાનો અંગે સરકારના જે કોઈ ધારા ધોરણો હશે તે મુજબ વળતર આપવાની પ્રક્રિયા અમે જલ્દી શરૂ કરીશું. જો કે હકીકત એ છે કે ઇલાવ જેવા ગામોમાં તો આ મુલાકાતના દિવસ સુધી હુમલો કરનારાઓની ધરપકકડ પણ કરવામાં આવી ન હતી કે જે અસરગ્રસ્તોમાં વિશ્વાસ ઊભો કરવાનું પહેલું પગથિયું

છે. અને આ અહેવાલ લખાય છે ત્યાં સુધી પણ તેઓને સરકાર તરફથી વળતર કે અન્ય કોઈ મદદ મળી નથી. તેઓ સગા વ્હાલાના આશરે જીવન ગુજારી રહ્યા છે.

## ૧૦. પોલીસતંત્રની ભૂમિકા

તપાસ ટીમ સમક્ષ હિન્દુ-મુસ્લિમ અસરગ્રસ્તો તેમજ અગ્રણી નાગરિકોએ પોલીસની ભૂમિકા અંગે રોષ વ્યક્ત કર્યો હતો.

એક સામાજિક આગેવાનના જણાવ્યા મુજબ, "સને **2002**માં પણ આ વિસ્તારોમાં કોઈ તોફાનો થયા નથી. પણ છેલ્લા કેટલાક દિવસોથી હવે કોઈ પણ નાનો બનાવ બને એટલે આજુ બાજુના રોડ ઉપરના ગામોના લોકો રોડ ઉપર આવીને રાહદારીઓને નામ પૂછીને પછી મારે છે...આ નવો ટ્રેન્ડ ચાલુ થયો છે... જો પોલીસ જાગૃત હોત અને અગાઉના બનાવોમાં સખત પગલાં ભર્યા હોત તો આ બનાવો ના બન્યા હોત."...

હાંસોટમાંથી પોલીસના ડરને કારણે જે અનેક યુવાનો ઘર છોડીને બીજે રહે છે તેમણે જણાવ્યુ કે, "પોલીસ કોઈ પણ સમયે, રાતે પણ કોમ્બિંગ કરવા આવે છે અને કોઈને પણ પકડીને લઈ જાય છે. માટે અમને ત્યાં રહેવું સલામત નથી લાગતું. અમે ક્યાં સુધી ધંધો રોજગાર છોડીને બહાર રહીએ...પોલીસ ઉપર રાજકીય દબાણ હોવાથી અને તેઓને ટાર્ગેટ પૂરું કરવાનું હોવાથી સાચા આરોપીને બદલે નિર્દોષ લોકોને પકડવામાં આવ્યા છે. કારણ કે હાંસોટમાં મૃત્યુ પામનાર હિન્દુ યુવાનો સંદીપ પટેલ અને પ્રતિક પટેલના પરિવારજનોએ દ્વારા જ્યાં સુધી આરોપીઓની ધરપકડ કરવામાં નહીં આવે ત્યાં સુધી અંતિમ સંસ્કાર નહીં કરવાનું જણાવ્યુ હતું જેથી પોલીસ દ્વારા મુસ્લિમ વિસ્તારમાં કોમ્બિંગ કરવામાં આવ્યું હતું અને ૨૫-૩૦ જેટલા જે હાથમાં આવ્યા તેઓને પકડવામાં આવ્યા છે."

એક અસરગ્રસ્તે જણાવ્યુ કે તેમનો ભાઈ પોતાની દુકાન સળગાવી દીધી હોવાની ફરિયાદ કરવા ગયો હતો તો પોલીસે તેની જ ધરપકડ કરી લીધી તેથી હવે તો લોકો નુકસાનીની ફરિયાદ કરવા જવા માટે પણ ડરે છે.

એક અગ્રણી નાગરિકે જણાવ્યુ હતું કે, 'જે રોકાયેલું છે તે પણ પોલીસને કારણે અને જે થયું તે પણ પોલીસને કારણે. દા.ત. અંભેટામાં લઘુમતી સમુદાયના ૫૫ ઘરો સળગાવી દેવાની તૈયારી હતી પણ પોલીસે બચાવ્યા."

અન્ય એક અગ્રણીએ જણાવ્યુ હતું કે, "પોલીસે પહેલા જ કહ્યું કે ૪૦૦ હિન્દુ-મુસ્લિમની માણસની ધરપકડ કરવી છે. આ પોલીસ ખાતાનુ નિવેદન વ્યાજબી નથી. જે પણ ફરિયાદો થઈ છે એમાં હિન્દુ પક્ષ તરફથી જે ફરિયાદો થઈ છે એ મુસ્લિમોની ધરપકડ થવી જોઈએ અને જે મુસ્લિમ પક્ષ તરફથી ફરિયાદ થઈ છે એ હિન્દુ ભાઈઓની ધરપકડ કરવી જોઈએ. પોલીસે એ કહેવું પડશે કે બીજા લોકોએ પોલીસ ખાતાથી કે બીજાથી ડરવાની કે ભાગવાની જરૂર નથી તમારું જે કઈ ખેતીવાડી કે નોકરી કે જે કઈ ધંધો કરતાં હોય તે કરો. આજે તો બંને કોમ્યુનિટિનાં લોકો ભાગે છે..."

અન્ય એક અગ્રણીના કહેવા મુજબ "ઉત્તરાયણના બનાવ પહેલા જ સાજોદમાં મુસ્લિમ રિક્ષા ચાલકને માર મરવામાં આવ્યો જેમાં સાજોદ ગામના સરપંચ તથા અન્ય આરોપીઓ હતા. આ કેસમાં **307** મુજબનો ગુન્હો નોંધાયો છે પણ આરોપી રાજકીય વગ ધરાવતા હોઇ તેમની ધરપકડ કરવામાં આવી નથી. જેનાથી હિન્દુ સમાજમાં ભય દૂર થયો છે અને તેમની જિગર ખૂલી છે. કે હવે સરકાર પણ સાથ આપે છે. જેથી લોકોમાં એવો સંદેશ જાય છે કે આપણાં નેતાઓ આપણને બચાવે છે."

સાહોલમાં તા. ૧૫-૦૧-૨૦૧૫ના રોજ ૭ પોલીસ અધિકારીઓ (પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી ધોબી, હાંસોટ પો. ઈન્સ્પેકટર શ્રી ચૌધરી, એલ.સી.બી. પો. ઈન્સ્પેકટર શ્રી વી.આર. મલાહોત્રા, એલ.સી.બી. પો.સ.ઇન્સ. શ્રી એલ સાલૂકે, દાહોદ વિભાગ.એસ.ડી.પી.ઓ શ્રી મહેતા તથા શ્રી ભદ્દ) ઉપરાંત આ તમામ અધિકારીઓનાં સ્ટાફના પોલીસ કર્મચારીઓની

હાજરીમાં પોલીસનો તંબુ, સામાન, વાયરલેસ સેટ અને પોલીસના વાહનો સળગાવવાની બનેલ ઘટનાની ગંભીરતા જોતાં આ વાતમાં તથ્ય હોવાની શક્યતા છે.
જો આ સત્ય હોય તો વિસ્તારમાં શાંતિ સ્થાપવાની અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ ઊભું થવાની શક્યતાઓ ધૂંધળી લાગે છે. અને જો આ માત્ર લોકોની લાગણી જ હોય તો પણ તેને બદલવાનો પ્રયત્ન તંત્ર તરફથી થવો જોઈએ.

જેઓના મકાન-દુકાન સળગાવી દેવામાં આવ્યા છે તેવા કેટલાક અસરગ્રસ્તોએ પોતાની એફઆઇઆર થઈ નથી તેમ જણાવ્યુ. આ અંગે પોલીસ તંત્રને પૂછાતા તેમણે જણાવ્યુ કે, "એફ.આઈ.આર.તો થઈ છે. પોલીસ કર્મચારીએ પોતે પોતાના નામથી સામૂહિક એફ.આઈ.આર. કરી છે. જેથી ફરિયાદી પાછળથી સમાધાન કરીને ફરી ન જાય અને કેસ નબળો ન પડે."

જો કે આ સામૂહિક એફ.આઈ.આર. અંગે અસરગ્રસ્તોના નિવેદન લેવાની શરૂઆત બનાવના ૧૦ દિવસ બાદ પણ કરવામાં આવી ન હતી અને પંચનામાં થયા હોવાનું પોલીસે જણાવ્યુ પરંતુ ઘણા બધા પંચનામાં કરતી વખતે અસરગ્રસ્તને હાજર રાખ્યા ન હોવાથી પંચનામાની સત્યતા અને કાયદેસરતા શંકાસ્પદ છે. કેટલાક અસરગ્રસ્તોની એવી પણ રજૂઆત હતી કે ઘણા કેસમાં માત્ર મકાન કે દુકાન બાળવાની ફરિયાદ કરી છે પણ લોકોના માલસામાન લૂટયો તેની કલમ ઉમેરી નથી. અને પોલીસે લુટાયેલો માલ પરત મેળવવાની કોશિશ પણ કરી નથી.

હિન્દુ તેમજ મુસ્લિમ બંને અસરગ્રસ્તોના કહેવા મુજબ ૧૪ જાન્યુઆરીએ જે બનાવો બન્યા તેના ૨-૩ દિવસ પહેલા જ પોલીસ બંદોબસ્ત ઉઠાવી લેવામાં આવ્યો હતો કારણકે પોલીસને વાઈબ્રન્ટ ગુજરાત માટે મોકલી દેવામાં આવ્યા હતાં. જો પૂરતો બંદોબસ્ત હોત તો આવું ન થાત. અનેક ગામના અસરગ્રસ્તોએ જણાવ્યુ કે, વારંવાર ફોન કરવા છતાં પોલીસની મદદ મળી નથી. ઇલાવના અસરગ્રસ્તોએ તો તે અંગે તેઓએ કંટ્રોલ રૂમ તેમજ જે અધિકારીઓએને તેમણે ફોન કર્યા છે તેમની કોલ ડિટેલ કઢાવવાની લેખિત રજૂઆત પણ ડી.એસ.પી.ને કરી છે.

પોલીસ તંત્રના કહેવા મુજબ આ વાત સાચી નથી. બંદોબસ્ત પૂરતો જ હતો પરંતુ પહેલા અંભેટામાં બનાવ બન્યો એટલે બધો ફોર્સ અંભેટા તરફ વળી ગયો અને ત્યાર બાદ ત્યાથી ટોળું ટૂંકા રસ્તે હાંસોટ આવ્યું જ્યારે પોલીસ વાહનો મુખ્ય રસ્તા પર થઈને આવ્યા તેથી પહોંચવામાં સમય લાગ્યો. હાંસોટમાં સંવેદનશીલ બોર્ડર વિસ્તારોમાં બંદોબસ્ત હતો પરંતુ હત્યાના બનાવવો એવા વિસ્તારમાં બન્યા છે કે જ્યાં પહેલા આવા બનાવો બન્યા નથી.

જો કે તેમણે કબૂલ્યું કે, "અમારું આખું ધ્યાન હાંસોટ–અંભેટા તરફ હતું જેથી બીજા નાના નાના ગામોમાં જે બનાવો ત્યાં પોલીસ મોડી પહોચી હોય તેવું બની શકે."

હાંસોટમાં જે રીતે સર્કલ પાસે તેમજ અન્ય સ્થળોએ દુકાનો લારીગલ્લા સળગાવ્યા છે તે જોતાં આ વાત સાચી લાગતી નથી. અસરગ્રસ્તોના જણાવ્યા મુજબ, હાંસોટમાં **30** થી **35** દુકાનો **3** કલાક સુધી બાળવામાં આવી પણ ત્યાં સુધી કોઈ પોલીસ કે ફાયર બ્રિગેડ મદદમાં આવ્યું નહીં. અલંગ ફર્નિચરની દુકાન દિવસો સુધી સળગતી રહી અને લૂટાતી રહી પરંતુ તેની આગ બૂઝવવાનો કે વધારે લૂટાતી રોકવાનો કોઈ પ્રયત્ન તંત્રએ ન કર્યો.

ઇલાવના અસરગ્રસ્તોના જણાવ્યા મુજબ ઉત્તરાયણ પહેલા જ તા. ૨૪-૧૨-૨૦૧૪ના રોજ જ્યારે તેમનું પોલ્ટ્રીફાર્મ લૂટાવાની શક્યતા હતી ત્યારથી જ તેઓ પોલીસને ફોન કરતાં હતા. તે દિવસે બીજા કોઈ ગામમાં બનાવ બન્યો ન હતો છતાં પોલીસ પહોચી ન હતી. અને બનાવના ૬ દિવસ બાદ તા. ૩૧-૧૨-૨૦૧૪ રોજ, પોલીસ સ્ટેશનમાં સમાધાન કરવામાં આવ્યું કે, 'ફરિયાદ ન કરો અને ગામમાં પરત ફરો.'

ફરી વાર આજ આરોપીઓ કે જે ગામના સરપંચ અને તેના માણસો છે તેમણે તા. ૧૪-૦૧-૨૦૧૫ના રોજ ૮ ઘર, ૫ જેટલી દુકાનો અને મસ્જિદ બાળ્યા છતાં બનાવ બન્યા પછીના ૧૫ દિવસ સુધી પણ તે આરોપીઓની ધરપકડ પોલીસે કરી ન હતી.

ઇલાવના બનાવના ૨૪ કલાક બાદ ત્યાંથી ૨ જ કી.મી. દૂર સાહોલમાં પણ એક ઘર અનેક પોલીસ અધિકારીઓની હાજરીમાં સળગાવી દેવામાં આવ્યું. જો કે બાકીના ૨૫ જેટલા ઘર છોડીને મુસલમાન રહેવાસીઓ ચાલી ગયા પરંતુ તેમના ઘર સલામત છે. અસરગ્રસ્તોની લાગણી કે, 'જો પોલીસ ધારે તો બચાવી શકે છે અને નહિ તો તોફાન હિંસા થવા દે છે. પોલીસ તંત્રમાં બધાજ લોકો ખરાબ નથી કેટલાક તટસ્થ અધિકારીઓ પણ છે તેને આ વાતથી સમર્થન મળે છે.'

કેટલાક મુસ્લીમ અસરગ્રસ્તોએ પોતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યુ હતું કે **PSI** શ્રી ચુડાસમાને રાજકીય દબાણથી, આ વિસ્તારમાં એકતરફી કાર્યવાહી કરવા માટે, સ્પેશિયલ ડેપ્યુટેશન ઉપર લાવવામાં આવ્યા છે. અગાઉ તેમની પર કસ્ટડીમાં આરોપીઓ સાથે મારપીટ કરી ઇજા પહોંચાડવા અંગે ફરિયાદ થઈ છે. ઉપરાંત હાંસોટ અને અંકલેશ્વર નગરપાલિકાના પ્રમુખ સહિત **BJP**ના હોદેદારોએ **200** થી વધારે રાજીનામાં આપ્યા હતા તેથી ડેમેજ કંટ્રોલ કરવા માટે **BJP** તરફથી અન્ય **PI** શ્રી સુતરીયા સાહેબ કે જેઓની અગાઉ પણ મુસ્લિમો સામે શંકાસ્પદ ભૂમિકા હતી તેમને ફરીથી લાવવામાં આવ્યા છે.

હિન્દુ અસરગ્રસ્ત ભાઈએ પણ રાજકીય આગેવાનોએ **PSI** શ્રી ચુડાસમા અને **PI** શ્રી સુતરીયા સાહેબની ખાસ માંગણી કરી હોવાની વાત જણાવી હતી. જ્યારે ડી.એસ.પી. શ્રીએ કહ્યું હતું કે, 'અમે હાંસોટમાં **PI** સુતરીયાની નિમણૂક કરી છે તેમની બંને સમાજમાં સારો પ્રભાવ છે... તેમણે **1999**માં ખૂબ સારું કામ કર્યું હતું અને બંને સમાજોમાંથી **PI** સુતરીયાને લાવવા જણાવ્યુ હતું એટલે અમે તેની નિમણૂક કરી હતી.'

પીઆઇ શ્રી જે. બી. સુતરિયાએ તપાસ ટીમને મુલાકાતમાં જણાવેલ એક મહત્વની વાત તેમની તટસ્થ ન હોતા મુસ્લિમ વિરોધી જ નહીં પણ હિન્દુ તરફી હોવાની છાપને સમર્થન આપે છે. તેઓએ તપાસ ટીમ સાથે વાત કરતાં જણાવ્યુ હતું કે, " સુનીલ ઉર્ફે સાજનના મોબાઈલ પર મુસ્લિમની લાગણી દુભાઈ એવો વોટ્સ પર મેસેજ આવ્યો હતો. તેને કશી ખબર ના પડી કારણ કે મેસેજ હતો ઉર્દૂમાં. તેણે પોતાના મુસ્લિમ દોસ્તને બતાવ્યો. આ ભાઈએ હાંસોટમાં રહેતા મો.

હાંસોટની ખાસ પરિસ્થિતિમાં લાવવામાં આવેલ પી.આઈ તરીકે શ્રી જે. બી. સુતરિયાને ખબર હોવી જોઈતી હતી કે સંદેશો કે જેની કોપી તપાસ ટીમ પાસે છે તે ઉર્દૂમાં નહીં પરંતુ હિન્દીમાં છે. અને કોઈ સામાન્ય વ્યક્તિ માટે પણ ન વાપરવા જોઈએ તેવા, અત્યંત નીચી કક્ષાના બીભત્સ શબ્દોમાં લખાયેલો છે.

વોટ્સએપ મેસેજ બાબતે ડી.એસ.પી. શ્રી બિપિન આહિરેને પૂછતા તેમણે કહ્યું હતું કે, "**9** ડિસેમ્બરે વોટ્સએપ ઉપર આવ્યો હતો. આ મેસેજ કોઈ બીજા વ્યક્તિ દ્વારા ફોરવર્ડ કરવામાં આવ્યો હતો. અમે તેની તપાસ કરી રહ્યા છીએ પરંતુ વોટ્સએપનું સર્વર અમેરિકામાં હોવાથી અમે આ મેસેજ કોણે બનાવ્યો છે તેની વિગત જાણી શક્યા નથી. જેથી અમે બીજો પ્રયત્ન એ કર્યો કે મેસેજ વાળો મોબાઈલ કબજે કરીને ફોરેન્સિક લેબમાં આપ્યો છે અને આ લેબ સર્ટિ આપે કે આ મેસેજ કઈ રીતે આવ્યો છે... વોટ્સએપ બાબતે અમે હોમ મિનિસ્ટરને પણ લખ્યું છે. આ મેસેજ ખરેખર મુસ્લિમ સમાજની લાગણી દુભાય તેવો હતો પણ આરોપી પકડાઈ ગયો છે... ભરૂચમાં રેલી કાઢી તેથી થોડું ટેન્શન બન્યું હતું પણ જેઓની લાગણી દુભાઈ હોય તેમનો બંધારણીય હક્ક બને છે કે તેઓ વિરોધ દર્શાવે તેમાં કઈ ખોટું નથી...પણ આ કેસમાં પ્રોબ્લેમ એ છે કે ભરૂચમાં રેલી માટેની અરજી સારા મુસ્લિમોએ કરી હતી અને પણ રેલીની આગેવાની ક્રિમિનલ લોકોએ લીધી હતી."

એક બાજુ વોટ્સએપ સંદેશા બાદ મુસ્લિમો દ્વારા કરવામાં આવેલ રેલીને વહીવટી તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવનાર તંત્ર શક્તિપ્રદર્શન તરીકે જુએ છે અને વિસ્તારમાં પ્રસરેલ અશાંતિ માટે કારણરૂપ ગણે છે તેની સરખામણીમાં સાજોદ ખાતે થયેલ બે ધર્મ સભાઓ અને તેમાં કરવામાં આવેલ ભાષણોને સ્વભાવિક ગણી ઉતાવળે ક્લીન ચીટ આપે છે. આવા સંવેદનશીલ વાતાવરણમાં વિશ્વ હિન્દુ પરિષદના શ્રી પ્રવીણ તોગડિયાને સભામાં આવવા

દેવા અંગે તેમને પૂછતા તેમણે જણાવ્યુ હતું કે, "મારૂ કામ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે હું કોઈને રોકી ના શકું. મારો મત મૂકી શકું તેમ છતાં મે કહ્યું હતું કે સાજોદમાં સભામાં કઈ પણ ખોટું થશે તો અમે પ્રવીણ તોગડિયા અને આયોજકો સામે ફરિયાદ દાખલ કરીશું પરંતુ તેવું કશું પણ ત્યાં થયું નથી.

ડી.એસ.પી.એ એમ પણ જણાવ્યુ હતું કે, "મે એક ઇન્વેસ્ટિગેશન ટીમ બનાવી છે જેમાં ૨ **DYSP,** ૪ **PI,** અને ૪ **PSI**ને લીધા છે. તે તમામ હાંસોટના બનાવો ઉપર કામ કરી રહ્યા છે. હું પણ હાંસોટમાં રહું છું અને રોજ સવાર સાંજ ત્યાં ચક્કર લાગવું છું." પરંતુ અનેક મહત્વના બનાવો અંગે નોંધાયેલ એફ.આઈ.આર.ની ગંભીર પ્રકારની બાબતો અંગે પોતાની અજ્ઞાનતા દર્શાવી હતી. જેમકે, કતપોરમાં પેઢીઓથી રહેતા મુસ્લિમ પરિવારને ધર્મ પરીવર્તન માટે ધમકી આપવામાં આવી હતી તે વાત તેમણે નકારી અને એફ.આઈ.આર.માં પણ આ વાત ફરિયાદીએ લખાવી છે તેની પણ પોતાને જાણ ન હોવાનું કહ્યું.

મુસ્લિમ યુવક રફીકને એંબ્યુલન્સમાં લઈ જતાં રસ્તામાં તેની પર હુમલો થયો ત્યારે પોલીસ જાપ્તો પણ તેની સાથે હતો અને છતાં આ બનાવ બન્યો તે અંગે પણ તેમણે જણાવ્યુ કે, 'તેની સાથે પોલીસ ટીમ ન હતી'. જ્યારે તેની એફ.આઈ.આર.માં પણ પોલીસ ટીમ સાથે હોવાની વાત લખેલ છે.

ડી.એસ.પી. શ્રી બિપિન આહિરે આ તમામ ઘટનાઓ માટે આર્થિક કારણોને જવાબદાર માને છે. તેઓએ જણાવ્યુ હતું કે, "મારા માટે હાંસોટમાં થયેલા તોફાનો ધર્મના નામે નહીં પણ આર્થિક કારણોસર થયેલા છે...હું ડિસેમ્બર મહિનાથી હાંસોટની પરિસ્થિતિ ઉપર નજર રાખું છું જેમાં આ બધુ આલિયાબેટને કારણે થઈ રહ્યું છે...મે આલિયાબેટના તળાવો બંધ કરવા માટે ગુજરાત સરકારમાં પણ રજૂઆત કરી છે. આલિયાબેટમાં કામ કરતાં મોટાભાગના લોકો ઓરિસ્સા બાજુના છે અમુક મજૂરો ઓલપાડ બાજુના પણ છે મે આ બધાને મારી ઓફિસે બોલાવ્યા હતા અને પૂછપરછ કરી હતી. પણ તેમણે ખબર નથી કે તળાવો કોના છે?...

"...આલિયાબેટમાં સ્થાનિક રાજકારણીઓનું હિત સમાયેલું છે અને અમે આ ગેરકાયદેસર તળાવો બંધ કરવાનું આજે શરૂ કર્યું છે. આ ધંધામાં તેમનું વાર્ષિક ૧૫૦૦ કરોડનું ટર્નઓવર છે આ લોકોએ સમાધાન કરવા માટે ખુબ પ્રયત્નો કર્યા પણ અમે આ બાબતે સમાધાન ના કર્યું એટલે આ તોફાનો થયા હોય તેમ છે..."

બજમે ચિશ્તિયા નિઝામમિયાં રહેમાનિયા દરગાહના ગાદીનશીન સૈયદ ઝિયાઉદ્દીન શાહે તપાસ ટીમ સમક્ષ કરેલ રજૂઆત સાચી હોય તેવું લાગે છે. હિન્દુ અને મુસલમાન એમ બને સમુદાયો પર અસર ધરાવનાર શ્રી સૈયદ ઝિયાઉદ્દીન શાહે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતું કે,

"આજે પોલીસ તંત્ર થાળે પાડવાના પ્રયાસો કરતું નથી. પોલીસ તંત્ર જે ગુજરી ગયા છે ત્યાં જવા માટે સાથ સહકાર ના આપતું હોય તો બીજું શું ? પોલીસને મે વાત કરી અને હાંસોટમાં મૃત્યુ પામેલ ત્રણેવ ભાઈઓને ત્યાં જવા માટે ઈચ્છા દર્શાવી તો એ લોકો એવું કહે કે મુસ્લિમ લોકોને ત્યાં જઇ શકો છો હિંદુ ભાઈને ત્યાં નહીં જઇ શકાય. 'ત્યાંનો માહોલ એવો છે કે ત્યાં શું કરે તે કહેવાય નહીં'. માટે હું ત્રણેવને ત્યાં ના ગયો. આ દુ:ખની વાત છે. માણસાઈ એટલી મારી પરવારી છે કે જે મરી ગયા છે તેમના આત્માની શાંતિ માટે દુઆ કે મૌન પાળવા માટે આપણે તેમના ઘરે ના જઇ શકાય આટલી હદ સુધી વાત બગડે તે સારું ના કહેયાય. તો આ વાતાવરણ ક્યાં સુધી? હમ તિનો કે ઘર જા શકે એસા માહોલ કબ હોગા? ... "

**મહત્વના તારણો**

**(૧)** બનાવો અંગેની ત્રણ અઠવાડીયા અગાઉની પૂર્વભૂમિકા

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં ૧૪ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ થયેલા ત્રણ મૃત્યુ અને કોમી હિંસાના બનાવો કોઈ છૂટા છવાયા બનાવો ન હતાં. તેની શરૂઆત ૯ ડિસેમ્બરે ૨૦૧૪થી થઈ હતી. જેને સમજીને રોકવા માટેના સક્રિય પગલાઓ ભરવામાં સ્થાનિક તંત્ર નિષ્ફળ ગયું હતું.

અત્રે એ નોંધવું જરૂરી છે કે ભરૂચ વિસ્તારના હાંસોટ તાલુકામાં મુસલમાનોની નોધપાત્ર વસ્તી છે. જો કે ૨૦૦૨ના તોફાનોમાં અહી ખાસ કોઈ બનાવ બન્યા ન હતા પરંતુ છેલ્લા થોડા સમયથી હવે આ વિસ્તારમાં સ્થાનિક લોકો અને સ્થાનિકતંત્ર બે સમુદાયની વ્યક્તિઓ વચ્ચે થયેલ કોઈ પણ ઝઘડાને કોમવાદી અથડામણ તરીકે જ જુવે છે. આ વિસ્તારમાં જમણેરી હિન્દુ જૂથો જેવા કે વિશ્વ હિન્દુ પરિષદ, ધર્મજાગરણ મંચ, વગેરે, વારંવાર તેમના જાહેર કાર્યક્રમો યોજે છે જેમાં ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક આગેવાનો મોટા પાયે ભાગ લે છે.

આ વખતના હિંસક બનાવોની શરૂઆત ૯ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ થઈ જ્યારે અંભેટાના સુનિલ ઉર્ફે સાજન પટેલે મહમદ પયગંબર અને મુસ્લિમો અંગે બીભત્સ સંદેશો વોટસએપ દ્વારા પોતાના મિત્રોને મોકલ્યો કે જે મુસ્લિમ સમુદાય સુધી પહોંચ્યો. ૧૦ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ  હાંસોટના મુસલમાનોએ બંધનું એલાન આપ્યું અને પોલીસે સુનિલની ધરપકડ કરી. ૧૧ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ ભરૂચ જિલ્લાના ૫૦૦૦ કરતાં વધારે મુસલમાનોએ ભરૂચમાં રેલી કાઢી કલેક્ટરને આવેદન પત્ર આપ્યું. સ્થાનિક હિન્દુઓએ તેને મુસ્લિમો દ્વારા થયેલ સત્તાપ્રદર્શન તરીકે જોયું અને અનેક ગામોમાં મુસલમાનો સામે હિંસાના ગંભીર બનાવો બન્યા હતા.

૧૪ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ કતપોરમાં બે મુસલમાન કુટુંબો પર હુમલો કરવામાં આવ્યો અને તેમને  ધર્મ પરીવર્તન કરી હિન્દુ બનવા દબાણ કરવામાં આવ્યું પરિણામે તેમને પોતાની ૯૫ વીંઘા ખેતીની જમીન, ઘર, માલ મિલકત મૂકીને ગામ છોડવાની ફરજ પડી હતી.

૨૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સાજોદ ગામમાં ધર્મજાગરણ મંચે વિશાળ સભા યોજી જેમાં સ્થાનિક **BJP** આગેવાનોએ પણ ભાગ લીધો. મળેલ અહેવાલ મુજબ આ સભામાં ઉશ્કેરણીજનક ભાષણો કરવામાં આવ્યા હતા.

૨૪ ડિસેમ્બરે ઇલાવ ગામના ૮ મુસ્લિમ પરિવારોને પોતાના ઘર, મિલકત છોડીને નીકળી જવાની ફરજ પડી અને ૫ જાન્યુઆરી, ૨૦૧૫એ હાંસોટમાં રહેતા મુસલમાનનું શેરડીનું ખેતર બાળી નાખવામાં આવ્યું હતું.

સુનિલને ૧૨ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ જામીન પર છૂટો કરવામાં આવ્યો અને મુસલમાનોના કહેવા મુજબ અંભેટામાં તેનું એક હીરોની જેમ સ્વાગત કરવામાં આવ્યું. જો કે હિન્દુઓ આ વાતનો ઇન્કાર કરે છે.

આ બધા બનાવો સ્પષ્ટપણે દર્શાવે છે કે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉતરોત્તર કથળતી જતી હતી અને ઉત્તરાયણના દિવસે, ૧૪ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ એક નાનકડા ઝઘડામાં મુસ્લિમ યુવકને હિન્દુ યુવાનોએ માર મારતા કોમી અથડામણો શરૂ થઈ જે અનેક ગામોમાં પ્રસરી. હાંસોટના મુસ્લિમ યુવાનોએ કરેલ વળતાં હુમલા અને તેની સામે નીકળેલ હિન્દુઓના ટોળાના પરિણામે ત્રણ મૃત્યુ થયા હતા.

**(૨)** નિર્દોષોના મૃત્યુ, માલ-મિલકતને નુકસાન અને ઘર, ખેતર, રોજગાર, છોડીને વિસ્થાપિત થવાની ફરજ પડી હતી.

હાંસોટની અથડામણમાં મૃત્યુ પામેલ નિમ્ન મધ્યમવર્ગના ત્રણેય યુવકો હિંસક ટોળાનો ભાગ નહોતા પરંતુ કમનશીબે ત્યાં હાજર હોવાને કારણે  બંને સમુદાયોના યુવાનો વચ્ચે થયેલી દ્વેષપૂર્ણ હિંસાનો ભોગ બન્યા હતાં.

મૃતક પ્રતિક પટેલ **(ઉં.૨૯)** પોતાના ગામમાં ઉત્તરાયણના પ્રસંગે આવ્યો હતો અને સંદીપ પટેલ **(ઉં.૩૨)** કામેથી પાછો ફરી રહ્યો હતો તેઓ બદલાની ભાવનાથી નીકળેલા મુસ્લિમ ટોળાની હિંસાનો ભોગ બન્યા હતાં. મારક હથિયારો દ્વારા આ ટોળાએ પ્રતિક અને સંદીપ પર હુમલો કર્યો અને પ્રતિકના પિતા તેમજ ભાઈ તેમણે બચાવવા વચ્ચે પડ્યા તો તેમને પણ ઇજાઓ થઈહતી. એ જ રીતે થોડેક દૂર પેટ્રોલ પંપ પાસે, હિંસક બનાવોથી અજાણ, ટેમ્પો ડ્રાઈવર મહમદ રફીક

શેખ (ઉં.૩૪) પણ ઘરે પરત ફરી રહ્યો હતો તે હિન્દુ યુવાનોના ટોળાના મારક હથિયારોનો ભોગ બન્યો હતો. તેને દવાખાને લઈ જવાતો હતો ત્યારે પોલીસ સુરક્ષા સાથેની એમ્બ્યુલન્સમાં ફરીથી રસ્તામાં સુણેવખુર્દ ગામે તેની પર હિન્દુ ટોળાંએ હુમલો કર્યો. રફીક ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ સુરતની હૉસ્પિટલમાં મૃત્યુ પામ્યો હતો. આજુબાજુના ગામોમાં બદલાની ભાવનાથી સતત ચાલી રહેલી હિંસાના પરિણામે મુસલમાનોને તેમના ઘર, ખેતર અને ધંધો છોડીને ભાગવાની ફરજ પડી તેમની મિલકતો લૂંટાઈ અને સળગાવી દેવાઈ હતી.

જે દિવસે ટીમે વિસ્તારની મુલાકાત લીધી ત્યારે પણ કેટલાક મુસ્લિમો જેઓ સુરત અને અન્ય નજીકના સલામત સ્થળોએ સ્થળાંતર કરી ગયા હતા તેઓ હજુ પણ પોતાના ઘર, ગામમાં પાછા ફરી શક્યા નહોતા.

(૩) સમુદાયો વચ્ચે વિશ્વાસ અને સંબંધોમાં તનાવ

અમારા અવલોકન મુજબ જ્યારે હિન્દુ અને મુસ્લિમ ટોળાઓ ગામ અને આસપાસમાં હિંસા આચરી રહ્યા હતા ત્યારે સમુદાયના વડીલો કે સ્થાનિક સત્તાવાળાઓએ તેમને સક્રિય રીતે રોકવાની (નિયંત્રણ)માં રાખવાની અસરકારક કોશિષ કરી શક્યા ન હતાં. મોજૂદ પરિસ્થિતિમાં મૃતક પટેલ યુવાનોના કુંટુંબીઓ અને વિસ્તારના મોટા ભાગના હિન્દુઓ, મુસ્લિમ વિસ્તારો માટે અપમાનજનક ભાષા વાપરી તેમનો પાકિસ્તાન તરીકે ઉલ્લેખ કરતાં હતા.

આ વિસ્તારમાં એકબીજા સાથે, એકબીજાના ઘરે ખાવાપીવાના, એકબીજાના તહેવારોમાં સાથ આપવાના અને બંને સમુદાયના લોકો દ્વારા દરગાહોમાં સાથે જવાના સંબંધો હતા પરંતુ જમણેરી હિન્દુત્વવાદી જૂથોની વધતી જતી સક્રિયતાના કારણે આ સહભાગીતાવાળી પરંપરામાં તણાવ ઊભો થયો છે. અમને સામાજિક અને સાંસ્કૃતિક સંબંધોમાં સંપૂર્ણ વિભાજન નથી જોવા મળ્યું હતું પરંતુ વિશ્વાસનો અભાવ ચોક્કસ જોવા મળે છે. જેને કારણે બંને સમુદાયો એક બીજા પર ‘દાદાગીરી’ કરવા અંગેના આક્ષેપ કરે છે. સ્થાનિક ચૂંટાયેલા આગેવાનો કે જે માટે ભાગે ભારતીય જનતા પક્ષના છે તેઓ અને સ્થાનિક તંત્ર દ્વારા લેવાયેલ પક્ષપાતી પગલાઓ બંને સમુદાયો વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવાના બદલે તેમાં વધારે કડવાશ ઊભી કરે છે. સમુદાયો વચ્ચે વિશ્વાસ ઊભો કરવાની પ્રક્રિયા જેમ કે ગ્રામ્ય સ્તરે શાંતિ સમિતિ કે બે સમુદાયો વચ્ચે આદાન-પ્રદાનનું વાતાવરણ ઊભું કરવાના પ્રયત્નોનો સંપૂર્ણ અભાવ છે. હિંદુત્વવાદી જૂથો દ્વારા કરવામાં આવતા વધુ કડવાશ ઊભા કરે તેવા કાર્યક્રમોને સ્થાનિક પોલીસ અને સત્તાવાળાઓ સહજ રીતે ‘સામાન્ય’ ગણે છે તે દુખદ અને ગંભીર બાબત છે.

(૪) રાજકીય દખલગીરી અને પક્ષપાતી પોલીસ કાર્યવાહી

પોલીસ તેમજ વહીવટીતંત્ર સાથે અમારી ચર્ચા દરમિયાન તેઓએ પહેલા મુસ્લિમો દ્વારા યોજવામાં આવેલ રેલીને અને ત્યારબાદ હિન્દુ ગ્રૂપ દ્વારા કરવામાં આવેલ રેલીને સત્તાપ્રદર્શન તરીકેનું નામ આપ્યું. જો કે અમે આ વાતને નકારતા નથી પણ અમારા અવલોકન મુજબ પોલીસ અને વહીવટીતંત્ર લાંબા સમયની ચાલતા જમણેરી/પ્રત્યાઘાતી જૂથો, ખાસ કરીને વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ, વગેરેની ગતિવિધિને અટકાવામાં નિષ્ફળ ગયું છે. મુસલમાનોમાં પણ પ્રત્યાઘાતી પરિબળોની હાજરી છે અને જેમ જેમ જમણેરી હિન્દુ જૂથોની સક્રિયતા વધતી જાય છે તેમ તેમ તેઓને પણ વધવાનું કારણ મળે છે.

ભારતીય જનતા પક્ષના સમર્થનવાળા સરપંચ જે રીતે સાહોલમાં પોલીસના તંબુ અને મુસલમાનની મિલકતો પર હુમલો કરવામાં સીધા જ સંડોવાયેલા છે તે દર્શાવે છે કે જમણેરી હિન્દુ જૂથો પોતાની સત્તાનો દુરુપયોગ કરવાને પ્રોત્સાહન આપે છે. જિલ્લા કલેક્ટરે ૧૭ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ બોલાવેલ શાંતિ સમિતિની મિટિંગમાં હિન્દુ સમુદાય તેમજ મુસ્લિમ સમુદાયના અન્ય નેતાઓ હાજર રહે છે પરંતુ ભારતીય જનતા પક્ષના સ્થાનિક ધારાસભ્ય શ્રી ઇશ્વરભાઇ પટેલ હાજર રહેતા નથી તે સ્પષ્ટ બતાવે છે કે મુખ્ય રાજકીય વિચારધારાનો મૂડ લોકોનો ગુસ્સો વધારવાનો છે નહીં કે શાંત કરવાનો. ભારતીય જનતા પક્ષના કેન્દ્રિય મંત્રી શ્રી મનસુખભાઈ વસાવા મોડા મોડા અસરગ્રસ્ત ગામોની મુલાકાતે આવે છે અને તેઓ પણ હૉસ્પિટલમાં ઇજાગ્રસ્ત હિન્દુ યુવાનોને મળે છે પણ ઇજાગ્રસ્ત મુસ્લિમ યુવાનોને મળવા જતાં નથી તે સ્પષ્ટ રીતે તેમનો પક્ષપાત દર્શાવે છે.

હિંસાના બનાવો બન્યા બાદ પોલીસ અધિકારી શ્રી જે. બી. સુતરીયા અને શ્રી કે. વી. ચુડાસમા કે જેઓ શંકાસ્પદ પાછલો રેકોર્ડ ધરાવે છે તેઓની થયેલ નિમણૂકો દર્શાવે છે કે તંત્ર બંને સમુદાયો વચ્ચે વિશ્વાસ ઊભો કરવાના પગલાં ભરવામાં ઊણું ઉતર્યું છે. મુસલમાનોએ ફરિયાદ કરી છે કે તેમની ફરિયાદ નોંધવામાં અને નુકશાનીનું મુલ્યાંકન કરવામાં પણ સ્થાનિક તંત્ર સહકાર આપતું નથી.

૧૪ જાન્યુયારી ૨૦૧૫ના બે-ત્રણ દિવસ પહેલા જ પોલીસ બંદોબસ્ત ઉઠાવીને અમદાવાદ-ગાંધીનગર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટના આયોજન માટે મોકલવામાં આવી હોવાની વાત હિન્દુ-મુસ્લિમ બંનેએ કરી. પોલીસ અધિકારીઓએ પણ કબૂલ્યું કે, 'તેઓનું ધ્યાન હાંસોટ અને અંભેટામાં હતું નહીં કે આસપાસના નાના ગામોમાં', જેથી લૂંટ અને હિંસા આ ગામોમાં પ્રસરી.

**(૫) મુશ્કેલીમાં વધારો કરનાર ગેરકાયદેસર ઝીંગાના તળાવો.**

પોલીસ, વહીવટી તંત્ર, બંને સમુદાયોના લોકો સાથેની વાતમાં વિસ્તારમાં કોમી તણાવ ફેલાવવા માટેના મહત્વના કારણોમાંનું એક, આલિયાબેટ અને આસપાસમાં આવેલા ઝીંગાના ગેરકાયદેસર તળાવો છે.

૧૫૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતા આ ગેરકાયદેસર રીતે ઊભા કરી દેવાયેલા ઝીંગા તળાવોના ધંધામાં અસામાજિક તત્વોનો ઉપયોગ કરવામાં આવે છે. અને તેઓ પોતાના વિસ્તારમાં વર્ચસ્વ ચાલુ રાખવા ઉશ્કેરણી કરે છે.

હાંસોટ પાસે આવેલ આ નાનકડો બેટ એ સદીઓથી માલધારી મુસલમાનોના રહેઠાણની જ્ગ્યા છે. પરંતુ તેઓ આ છેલ્લા થોડા વર્ષોમાં શરૂ થયેલ ગેરકાયદેસર ઝિંગાની ખેતીમાં સંડોવાયેલા નથી.

મોટાભાગના લોકોના કહેવા મુજબ આ ગેરકાયદેસર ઝીંગાના તળાવોના માલિક/ રોકાણકારો ભરૂચના સ્થાનિક નહીં પરંતુ સુરત-ઓલપાડના છે પરંતુ તેનું રક્ષણ સ્થાનિક મુસ્લિમો કરે છે.

માલિકો/રોકાણકારો, સ્થાનિક અસમાજિક તત્વો, રાજકારણીઓ, સરકારી અધિકારીઓ, વચ્ચેની આ સાંઠગાંઠમાં છેક રાજ્ય કક્ષા સુધી હપ્તાઓ પહોંચાડવામાં આવે છે તેવા આક્ષેપો મોટાભાગના રજૂઆત કરનારાઓનો છે.

અંકલેશ્વરના ધારાસભ્ય શ્રી ઇશ્વરભાઇ પટેલે ભારતીય જનતા પક્ષના રાજ્ય કક્ષાના આગેવાનોને લખેલા પત્રમાં મે ૨૦૧૪માં આ ગેરકાયદેસર કારોબાર અંગે શરૂ થયેલ તપાસ રોકવા માટે રાજ્ય સરકાર પર દબાણ લાવવા અંગે ભારતીય જનતા પક્ષના અન્ય ત્રણ ધારાસભ્યો, ગઢડાના ધારાસભ્ય શ્રી આત્મારામ પરમાર, ઓલપાડના ધારાસભ્ય શ્રી મુકેશભાઇ પટેલ અને ચોર્યાસીના ધારાસભ્ય શ્રી રાજાભાઈ પટેલ સામે નામ સાથે આક્ષેપ કરેલ છે. અત્રે એ નોંધવું રહ્યું કે હિંસા અને આગ લગાડવાના ગુનામાં ધરપકડ થયેલા નામોમાં શ્રી ઈશ્વરભાઈના નજીકના સંબંધીનું નામ પણ સામેલ છે.

તા. ૨૭ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ ગેરકાયદેસર ઝીંગા તળાવો પર શરૂ કરવામાં આવેલ કાર્યવાહી દરમ્યાન ધરપકડ કરવામાં આવેલ અસામાજિક તત્વો અને કહેવાતા માલિકો સામેના પગલાં અપૂરતા છે. તેમાં હજુ એવા કોઈ મોટા નામોનો સમાવેશ થતો નથી કે જેની પાસે રાજ્ય સરકાર સુધી પહોચીને મે ૨૦૧૪માં શરૂ થયેલ તપાસને રોકાવવાની સત્તા હોય.

**(૬) તંગદિલી ઉશ્કેરવામાં સોશ્યલ મીડિયાનો વધતો જતો ઉપયોગ.**

કોમવાદી લાગણીઓને ઉશ્કેરવામાં સોશ્યલ મીડિયાનો ઉપયોગ થતો હોય એવો આ પહેલો બનાવ નથી. ભારતમાં તેમજ ગુજરાતમાં ઉશ્કેરણીજનક લખાણો સોશ્યલ નેટવર્કિંગ સાઇટ અને વોટ્સએપ જૂથોમાં પહેલા પણ જોવા મળ્યા છે. દા.ત. વડોદરા, (http://indianexpress.com/article/india/india-others/vadodara-violence-flares-mobile-data-services-off/), પૂના (http://www.kractivist.org/communal-attacks-on-muslims-of-pune-fact-finding-committee-report/ ), ખંડવા (http://www.hindustantimes.com/madhyapradesh/khandwa-riots-21-year-old-posted-objectionable-content-on-fb-to-take-revenge/article1-1255097.aspx) અને દેશના બીજા કેટલાય

ભાગોમાં ધિક્કારપૂર્ણ, ઉશ્કેરણીજનક સંદેશાઓ ફેલાઈ જાય ત્યાર પછી જ પોલીસ ધરપકડ કરે છે. આ એક સામાન્ય જામીનપાત્ર ગુનો હોવાથી આવા સંદેશાઓ બનાવનાર, મોકલનાર અને પ્રસરાવનારને રોકવા માટે પોલીસ કાર્યવાહી અસરકારક સાબિત થતી નથી.

આના જવાબમાં સત્તાધારીઓએ મોબાઈલ પર એસ.એમ.એસ. અને ઇન્ટરનેટ સેવાઓ પર થોડા દિવસ માટે પ્રતિબંધ લગાવવાનો રસ્તો અપનાવ્યો કે જે આ માધ્યમોનો દુરુપયોગ રોકવાનો સાચો રસ્તો નથી. આ મુદ્દાને ગંભીરતાથી લઈ કેવા પ્રકારની કાર્યવાહી થઈ શકે તેનો વિચાર કરવાની તાત્કાલિક જરૂર છે.

એ સ્પષ્ટ છે કે ધર્માંધ તત્વોનો ઇરાદો આવા સંદેશાઓ પ્રસરાવી સાંપ્રદાયિક લાગણીઓ ભડકાવીને હિંસા અને ધિક્કાર ફેલાવવાનો છે.

અમે સમુદાયના આગેવાનો અને સામાન્ય લોકોને અપીલ કરીએ છે કે આ ધર્માંધ તત્વોની ચાલમાં ન ફસાય. હિંસા અને ઉશ્કેરાટને બદલે તેનો વિરોધ કરવાના બીજા રસ્તાઓ અપનાવવાણી જરૂર છે કારણ કે આવા સંદેશાઓ સામે શક્તિ પ્રદર્શન જેવા પ્રતિભાવથી બંને સમુદાયના સામાન્ય લોકોના જીવન અને જીવનનિર્વાહના સાધનોને જ નુકસાન થાય છે.

## માંગણીઓ

**(1)** જે લોકોના ઘર, જમીન કે રોજગાર છોડાવીને તેમને ગામની બહાર રહેવાની ફરજ પાડવામાં આવી છે તે લોકોને ફરીથી તેમની જમીન-દુકાન-મકાનનો પરત મળે અને તેઓને ઓછામાં ઓછું ૨ વર્ષ સુધી પોલીસ રક્ષણ મળે જેથી તેઓ સલામતી પૂર્વક પોતાના ગામમાં રહી ખેતી-ધંધો-રોજગાર કરી શકે તેવી વ્યવસ્થા તાત્કાલિક ગોઠવવામાં આવે.

**(2)** મૃત્યુ પામનાર ત્રણે યુવકોના પરિવારને તાત્કાલિક વળતર ચૂકવવામાં આવે.

**(3)** ઇલાવ, કતપોર, સાહોલ, અંભેટા તથા હાંસોટ સહિતના તમામ ગામોના અસરગ્રસ્તોને તાત્કાલિક તેમના જાન, માલ, મિલકતના નુકસાનનું વળતર મળે અને જેઓને પોતાનું સર્વસ્વ ગુમાવી બીજા ગામોમાં સગાંવહાલાઓના ઘરોમાં આશ્રય લેવાની ફરજ પડી રહી છે તેઓને નિયમ મુજબ રોકડ સહાય તાત્કાલિક ચૂકવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

**(4)** પોતાના ઘર, ગામ છોડી જેઓને બહાર વસવાની ફરજ પડી છે તેઓ પરત પાછા ફરી શકે તેવું વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવા માટે તમામ ગામોમાં નિર્દોષ લોકો ઉપર હુમલો કરનાર આરોપીઓની ધરપકડ અને કડક કાર્યવાહી કરવામાં આવે.

**(5)** સાચા ગુનેગારોને પકડવાને બદલે કોમ્બિંગના નામે નિર્દોષ યુવકોની હેરાનગતિ બંધ કરવામાં આવે.

**(6)** ફરિયાદ ન નોંધનાર અને ન્યાયી કાર્યવાહી ન કરનાર પોલીસ કર્મચારી-અધિકારીઓ પર કાર્યવાહી કરવામાં આવે. જવાબદાર મુખ્ય પોલીસ અધિકારીઓએ જેવા કે હાંસોટ પી.આઈ., ડી.વાય.એસ.પી. તથા ડી.એસ.પી. સામે જ્યુડિશિયલ તપાસ યોજવામાં આવે અને જો તેઓની બિનકાર્યદક્ષતા અને/અથવા પક્ષપાતી વલણ પુરવાર થાય તો તેમની સામે કડક પગલાં લેવામાં આવે.

**(7)** બંને સમુદાયના સામાન્ય લોકો વચ્ચે વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવા માટે તાત્કાલિક સામૂહિક કાર્યક્રમો કરવામાં આવે.

**(8)** વિસ્તારમાં કોમી વેરઝેરને ભડાકાવે તેવા જાહેર કાર્યક્રમો, શક્તિપ્રદર્શનો પર રોક લગાવવામાં આવે.

**(9)** ઝીંગા તળાવની ગેરકાનૂની પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તમામ સીધા ગુનેગારો ઉપરાંત જેમની પણ સાંઠગાંઠથી આ કામગીરી ચાલી તે તમામ કક્ષાના કર્મચારીઓ, અધિકારીઓ, રાજકીય આગેવાનોની ભૂમિકાની તટસ્થ તપાસ

સમયબદ્ધ રીતે કરવા જ્યુડિશિયલ સમિતિની રચના કરવામાં આવે. જેમાં હાઇકોર્ટના નિવૃત્ત જજ ઉપરાંત, સંબંધિત મુદ્દાઓના નિષ્ણાંતો અને લોક સંગઠનોના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવે. તેઓના અહેવાલના આધારે ગુનેગારો પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

**(10)** ઝીંગા તળાવની કાર્યવાહી દરમ્યાન આલિયા બેટ પર આઝાદી પૂર્વે વર્ષોથી રહેતા કચ્છી માલધારી કબિલાઓના લોકોના રોજી રોટી તથા માનવ અધિકારોનો ભંગ ન થાય તેનો ખાસ ખ્યાલ રાખવામા આવે.

**(11)** વિસ્તારની સાંપ્રદાયિક સહભાગિતાવાળી સંસ્કૃતિ ફરી પછી સબળ બને અને સાંપ્રદાયિક વાતાવરણ દૂર થાય તે માટે લાંબા ગાળાના કાર્યક્રમોની યોજના વિસ્તારના અગ્રણીઓ અને સામાન્ય નાગરિકો સાથે મળીને કરવામાં આવે.